
વર્ષ 2 અંક 03

1-15 ઓગસ્ટ, 2021

નિઃશુલ્ક વિતરણ

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



75મો
સ્વતંત્રતા
દિવસ વિશેષાંક

## સંકલ્પિત ભારત સશક્ત ભારત

સ્વતંત્રતા, સંસ્કૃતિ અને 'સંકલ્પ સે સિધ્ધિ'ના મંત્ર સાથે 'એક દેશ-એક કાયદો-એક નિશાન' દેશની નવી ઓળખ બની છે. આ સાથે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નું સ્વપ્ન પણ સાકાર થઈ રહ્યું છે.

ન્યૂ ઈંડિયા સમાચાર વાંચવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો


સંકલ્પિત ભારત
સશક્ત ભારત

# આત્મનિર્ભર ભારત
# એક સંકલ્પ

**આત્મનિર્ભર ભારતના આહવાને આંદોલનનું સ્વરૂપ ધારણ કરી લીધું છે, જેમાં બાળકો, યુવાનો, મહિલાઓ, વડીલો, ખેડૂતો સહિત સમગ્ર દેશ પોતાની કુશળતા દ્વારા દેશને નવી દિશા આપી રહ્યો છે.**

**21મી સદી ભારતની સદી છે. એ આપણું સપનું નહીં, પણ આપણા બધાંની જવાબદારી છે. પણ એનો માર્ગ કયો હોવો જોઈએ? આજની વૈશ્વિક સ્થિતિ આપણને શીખવાડે છે કે તેનો એક જ માર્ગ છે- 'આત્મનિર્ભર ભારત'. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે, एषः पंथा. એટલે આત્મનિર્ભર ભારત**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**












संकल्पित भारत
सशक्त भारत


न्यू ईन्डिया
# સમાચાર

વર્ષ 2 ,અંકઃ 03 | 1-15 ઓગસ્ટ, 2021

**સંપાદક**
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

પરામર્શ સંપાદક
**સંતોષકુમાર**

ટીમ
**વિભોર શર્મા, ચંદન કુમાર ચૌધરી, સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), કોટેરુ શ્રાવણી (તેલુગુ), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ)**

ડિઝાઈન ટીમ
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા, દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ**વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-2, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003
ઈમેલઃ response-nis@pib.gov.in



RNI No. : DELGUJ/2020/78810


## અંદરના પાને..
## ભારતની સંકલ્પના-આઇડિયા ઓફ ઇન્ડિયા



संकल्पित भारत सशक्त भारत


આ 15 ઓગસ્ટે આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરી રહેલું ભારત કઈ રીતે હવેના 25 વર્ષના લક્ષ્ય પ્રત્યે અત્યારથી કૃતસંકલ્પ છે, જેથી ફરીથી આપણે વિશ્વગુરૂ બનીએ. આ ઉપરાંત, વાંચો કલમ 370ની નાબૂદીના બે વર્ષ બાદ કેટલું બદલાયું છે કાશ્મીર **પેજ 4-39**


## ન્યૂ ઈન્ડિયા સમાચાર વિશેષ

વન મિશન-વન ડાયરેક્શનથી છેવાડા સુધી આઝાદી

# નયા ભારત

**વર્ષ 2022માં આઝાદીના 75 વર્ષ પૂરા થાય ત્યાં સુધી સપનાનું નવું ભારત બનાવવાની દિશામાં કેન્દ્ર સરકારના મહત્વનાં 75 પગલાં**


- ખેડૂતોના હિતમાં પગલાં | **પેજ 20**
- યુવાન આશાઓને મળી નવી ઓળખ | **પેજ 24**
- માળખાકીય વિકાસ | **પેજ 25**
- રાષ્ટ્રની જીવન રેખા રેલ્વે | **પેજ 28**
- આરોગ્ય પર ફોકસ | **પેજ 30**
- સુશાસનના અટલ ઈરાદા | **પેજ 31**
- અર્થતંત્ર સુધારવાના પગલાં | **પેજ 33**
- સબકા સાથ સમાવેશી વિકાસ | **પેજ 35**
- હવે કેન્દ્રમાં નારી શક્તિ | **પેજ 37**
- સાંસ્કૃતિક વારસાનું જતન કરી રહેલું રાષ્ટ્ર | **પેજ 38**

**કેન્દ્રીય મંત્રીમંડળ**
**નવા ભારતની નવી ઊર્જા**
કેન્દ્રીય મંત્રીમંડળનું નવું સ્વરૂપ
**પેજ 40-41**

**આઝાદી કા અમૃત મહોત્સવઃ ઓગસ્ટ ક્રાંતિ** | પેજ 42-46

**નવા ભારતમાં રમતની સાચી ભાવના ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા**





ટોક્યો ઓલિમ્પિકના ખેલાડીઓ સાથે વડાપ્રધાનનો સંવાદ | **પેજ 47-49**

**કેબિનેટના નિર્ણયોઃ કોરોના સમસ્યામાં રાહતનાં પગલાં**
પેજ 50-52

**કોરોના સામેની લડાઈઃ દરેક સ્થિતિ માટે તૈયાર છે ભારત**
પેજ 53-55

**ઉત્તરપ્રદેશના ગાંધીઃ રાજર્ષિ પુરુષોત્તમદાસ ટંડન** | પેજ 56

# સંપાદકની કલમે....

સાદર નમસ્કાર,

ભારતના ગૌરવશાળી ઈતિહાસે હંમેશા વર્તમાનને પ્રેરિત કર્યો છે. ઈતિહાસ આપણને ભવિષ્યનું માર્ગદર્શન આપે છે. ઓગસ્ટ મહિનો દેશને માત્ર આઝાદીની જ યાદ નથી અપાવતો, પણ ભારતના એકીકરણ અને છેવાડાના માનવી સુધી વિકાસની પહોંચની અનુભૂતિ કરાવે છે. આ વર્ષનો સ્વતંત્રતા સમારોહ દર વર્ષે મનાવવામાં આવતા સ્વાતંત્ર્ય દિન કરતાં વિશેષ છે કારણ કે દેશની આઝાદીને 75 વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. આ વર્ષ એટલાં માટે પણ મહત્વનું છે કે ભવિષ્યના નવા ભારતનો મજબૂત પાયો નાખવામાં આવી રહ્યો છે.

કેન્દ્ર સરકારે 'સંકલ્પથી સિધ્ધિ'નો મંત્ર આપ્યો હતો. આ સંકલ્પને સાકાર કરવાની દિશામાં દેશ એક પછી એક ડગલું ભરી રહ્યો છે. 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની ભાવના દેશની દિશા બદલી રહી છે. સ્વતંત્રતા દિવસ નિમિત્તે વિશેષ અંકમાં 'સંકલ્પિત ભારત-સશક્ત ભારત'ની સંપૂર્ણ યાત્રા કવર સ્ટોરી બની છે.

વર્તમાન સરકારે દાયકાઓથી અટકેલા પ્રોજેક્ટ્સ પૂરા કર્યા છે તો જૂની અધકચરી નીતિઓને સુધારીને તેને નવું સ્વરૂપ આપ્યું છે. સરદાર પટેલની 'ભારત જોડો'ની દ્રષ્ટિને સાકાર કરીને સાચા અર્થમાં રાષ્ટ્રનું એકીકરણ થઈ રહ્યું છે. કલમ 370, 35 Aને કારણે ભેદભાવપૂર્ણ જોગવાઈઓથી આઝાદી અપાવીને જમ્મુ-કાશ્મીર અને લડાખને બાકીના ભારતના હિસ્સા સાથે જોડવાનું હોય કે પછી વિકાસને વેગ આપીને વ્યવસ્થાઓનું એકીકરણ હોય. કનેક્ટિવિટી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાનું હોય કે પછી ગામડા, ખેડૂતો, યુવાનો અને મહિલાઓ પર ફોકસ કરીને સમાવેશી વિકાસ કરવાનો હોય, આ તમામ બાબતો વર્તમાન નેતૃત્વ અને સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાં સામેલ છે. જમ્મુ-કાશ્મીરમાં લેવામાં આવેલા પગલાં દ્વારા સરકાર ત્યાંની જનતાનો વિશ્વાસ હાંસલ કરવામાં સફળ રહી છે. ભારતનો તાજ કહેવામાં આવતો આ વિસ્તાર સાચા અર્થમાં ભારતનો મુકુટ બની રહ્યો છે.

ઓગસ્ટના પ્રથમ પખવાડિયામાં અસહકારની ચળવળ અને ભારત છોડો આંદોલન જેવી આઝાદી સાથે સંકળાયેલી બે મહત્વપૂર્ણ ઘટનાઓન પણ યાદ આવે છે. નવું ભારત જે આત્મનિર્ભર ભારતનું સપનું લઈને આગળ વધી રહ્યું છે, તેની પાછળ પણ આ આંદોલનોની પ્રેરણા જવાબદાર છે. અમૃત મહોત્સવ એટલે કે આઝાદીના 75મા વર્ષના પ્રારંભે આ આંદોલનો અને તેનાં ગુમનામ નાયકોની કહાની પણ આ અંકમાં સમાવવામાં આવી છે.

કોવિડ મહામારીના પડકારોનો સામનો કરીને ભારત હવે ભવિષ્ય માટે તૈયાર થઈ રહ્યું છે. મંત્રીમંડળે આ દિશામાં અનેક પગલાં લીધાં છે. બંધારણમાં હિન્દીને રાજભાષાનો દરજ્જો અપાવનાર રાજર્ષિ પુરુષોત્તમદાસ ટંડનનું સાદગીભર્યું જીવન યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. આશા છે કે આ પ્રેરક કહાનીઓ અને 'સંકલ્પ સે સિધ્ધિ'નો સંદેશો આપતો આ અંક તમને ગમશે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને સ્વસ્થ રહો, સુરક્ષિત રહો અને તમારા સૂચનો મોકલતાં રહો

**સરનામું: રૂમ નંબર-278, બીજો માળ,**
**બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

જયદીપ ભટનાગર
**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ...

સંકલ્પિત ભારત
સશક્ત ભારત

હંમેશની જેમ આ અંક પણ ખૂબ સારો અને માહિતીથી સભર હતો. ખાસ કરીને પી વી નરસિંહ રાવના જન્મદિવસ નિમિત્તનો લેખ. 1991માં કરવામાં આવેલા આર્થિક સુધારાઓ, ઔદ્યોગિકીકરણ અને અન્ય નીતિઓને યાદ કરવી અને તેને બારીકાઈથી સમજવી સમયની માગ છે. આવા અવિસ્મરણીય વ્યક્તિત્વની યાદ અપાવવા માટે આપનો આભાર.

**-અપર્ણા વિશ્વનાથ**
**aparnavishwanath76@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચારના તમામ અંક સામાન્ય માહિતી અને પરીક્ષાની દ્રષ્ટિએ ઘણાં ઉપયોગી છે. તેમાં વર્તમાનમાં ચાલી રહેલા રાજ્ય સ્તરીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ અને મહાપુરુષો પર વિશેષ લેખ આપવામાં આવે છે. તમામ અંક સંગ્રહને લાયક હોય છે. ન્યૂ ઈન્ડિયા સમાચારની ટીમને મારા અભિનંદન અને શુભેચ્છા.

**મોહિત કુમાર**
**mohittkd143@gmail.com**

હું તામિલનાડુમા રહું છું. એક વાર હું મારા મિત્રની ઓફિસ ગયો હતો, જ્યાં મને ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન વાંચવાની તક મળી. મેગેઝીનમાં ઘણી રોચક માહિતી હતી અને કેન્દ્ર સરકારની લોક કલ્યાણ નીતિઓને સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી હતી. હું ઘરે આવ્યો અને વેબસાઇટ પર જઈને આખું મેગેઝીન વાંચી કાઢ્યું. હવે જૂના અંકો પણ વાંચી રહ્યો છું.

**કે સંતોષી**
**santhoshtnbjp@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચાર સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને પ્રાસંગિક અને અધિકૃત માહિતી આપે છે. તેનાથી વિદ્યાર્થીઓને દેશની વર્તમાન ઘટનાઓ અંગેની માહિતી મળે છે. મેગેઝીનમાં આપવામાં આવતી માહિતીથી હું ખુશ છું.

**ravitejaado@gmail.com**

1 જુલાઈએ રાષ્ટ્રીય ડોક્ટર દિવસ હતો. આ પ્રસંગ નિમિત્તે ન્યૂ ઈન્ડિયા સમાચારનો અંક કોરોનાથી બચાવનારા ડોક્ટરો અને કોરોના યોધ્ધાઓને સમર્પિત હતો. કોરોનાની બીજી લહેરમાં દર્દીઓના જીવ બચાવીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારાં ડોક્ટર, કોરોના યોધ્ધા, વૈજ્ઞાનિકો અને નર્સનો દેશ હંમેશા ઋણી રહેશે. આ અંકમાં 'ભારત રત્ન' પુરસ્કારથી સન્માનિત બિધાનચંદ્ર રોય અને 'પરમવીર ચક્ર'થી સન્માનિત અબ્દુલ હમીદની કહાની પણ વાંચવા મળી, જે આપણને રાષ્ટ્રની સેવા કરવા પ્રેરિત કરે છે.

**-ચંદ્રકાંત પ્રધાન**
**chandrakantapradhan2014@gmail.com**

મેગેઝીનમાં સરકારનાં કાર્યો, નીતિઓ, સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેનારા વ્યક્તિત્વની માહિતી આપવામાં આવે છે, જે વાંચવાલાયક હોય છે. અમે આશા રાખીએ છીએ કે મેગેઝીનના માધ્યમથી આ રીતે લોકોને જાગૃત કરતા રહેશો. તમારા આ સારા કામ માટે શુભકામનાઓ

**મનીષકુમાર**
**manishkumar9557@gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

ઈમેલ: response-nis@pib.gov.in

# ભારતની સંકલ્પના આઇડિયા ઓફ ઇન્ડિયા

15 ઓગસ્ટ, 2021નાં રોજ આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરી રહેલા ભારતનું પોતાનું એક સપનું છે, જેને સાકાર કરવાનો દ્રઢ સંકલ્પ પણ છે. આઝાદીના અમૃત મહોત્સવના આ યાદગાર વર્ષમાં ભારત તેના ગૌરવશાળી ભૂતકાળમાંથી પ્રેરણા લઈને આગામી 25 વર્ષની રૂપરેખા તૈયાર કરી રહ્યું છે, જેથી સ્વતંત્રતાના શતાબ્દિ સમારોહમાં ભારત ફરી એક વાર વિશ્વગુરુની ભૂમિકા નિભાવે. પણ એ માટે મજબૂત આધારની જરૂર છે. જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની સંભાવનાનો ઉપયોગ કરીને ‘નવા ભારત’ના નિર્માણમાં ભારત કોઇ કસર છોડવા માગતું નથી.




**સ્વતંત્રતાનું 75મું વર્ષ એટલે કે આઝાદીનો અમૃત મહોત્સવ.. આ પ્રસંગ ભૂતકાળમાં ડોકીયું કરવાનો અને પોતાના ગૌરવશાળી ઇતિહાસને વાગોળવાનો પણ છે.**

દેશની આઝાદી માટે મહાન ક્રાંતિકારીઓ અને સામાન્ય માણસોએ પોતાનું બલિદાન આપ્યું હતું. આ પ્રસંગ બંધારણ સભાના એ સભ્યોને પણ યાદ કરવાનો છે જેમણે આપણને બંધારણ દ્વારા મૂળભૂત અધિકાર અને તાકાત આપી, જેનાં પર દરેક ભારતવાસી ગર્વ કરી શકે છે. આ વર્ષ આત્મનીરિક્ષણનું પણ છે. ફરી એક વાર એ પણ સમજવાનું છે કે સ્વાધિનતાનો શો અર્થ છે. આપણા માટે તેનો શો મતલબ છે. છેલ્લાં સાત દાયકામાં દેશ કેટલો આગળ વધ્યો છે અને આગામી વર્ષોમાં એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે આપણે શું કરવાની જરૂર છે. આ માટે જરૂરી છે 'આઈડિયા ઓફ ઈન્ડિયા' એટલે કે ભારતની સંકલ્પના, જે દાયકાઓ સુધી માત્ર એકેડેમિક ચર્ચાનો વિષય બનીને રહી ગઈ હતી.

2014 પછી દેશનું રાજકારણ જ નહીં, કામકાજની પધ્ધતિ અને વિચારમાં પણ અભૂતપુર્વ પરિવર્તન જોવા મળ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં, "ભારત અંગેની મારી સંકલ્પના માત્ર સહિષ્ણુતા પર આધારિત નથી, તે વિચારોના વૈવિધ્યનો સાદર સ્વીકાર પણ કરે છે. તેમાં દરેક વ્યક્તિની લાગણીનું સન્માન કરવામાં આવે છે. ભારતની અવધારણાના સિધ્ધાંતનું સર્જન સત્ય, શાંતિ અને અહિંસામાંથી થયું છે. આપણાં શાસ્ત્રો 'સત્યમેવ જયતે'ની શીખ આપે છે, જેનો અર્થ થાય છે સત્યનો જ વિજય થાય છે. હું એક એવા ભારત માટે પ્રતિબધ્ધ છું, જ્યાં વર્ગ, જાતિ કે સંપ્રદાયથી પ્રભાવિત થયા વગર ન્યાયનું ચક્ર ભારતના તમામ નાગરિક માટે ઝડપથી અને સમાન રીતે ફરતું હોય. એક એવું ભારત જ્યાં અન્યાયને કોઇ પણ પ્રકારની કાનૂની કે નૈતિક કાયદેસરતા ન હોય."

'વસુધૈવ કુટમ્બકમ' (સમગ્ર વિશ્વ એક પરિવાર છે) નો સિધ્ધાંત અપનાવીને આપણે રાષ્ટ્રની સરહદો પૂરતા મર્યાદિત રહેવાને બદલે ભાતૃભાવ અને મિત્રતાના સંદેશને ફેલાવીએ છીએ. ઉલ્ટું, 21મી સદી ફરી એક વાર ભારતને વિશ્વને માર્ગદર્શન આપવાની તેની ભૂમિકા



**આ અવસરો અને આકાંક્ષાઓનું ભારત છે. એક એવું ભારત જ્યાં 'सर्वे भवन्तुसुखिनः,सर्वेस न्तुनिरामयाः' એટલે જ્યાં તમામ લોકો સમૃધ્ધ અને ખુશ હોય, તમામ રોગોથી મુક્ત હોય.**
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

માટે આહવાન કરી રહી છે. વડાપ્રધાન મોદીના કહેવા પ્રમાણે, ભારતની અવધારણા 'જગતગુરુ ભારત'ના સ્વામી વિવેકાનંદના સ્વપ્નને સાકાર કરવાની માગ કરે છે, એક એવા આત્મવિશ્વાસપૂર્ણ અને આશ્વસ્ત






ભારતની, જે પોતાની શરતો અને સિદ્ધાંતોના આધારે વૈશ્વિક સમુદાય સાથે સંલગ્ન હોય. આ અવસર અને આકાંક્ષાઓનું ભારત છે. એક એવું ભારત જ્યાં **'सर्वे भवन्तुसुखिनः,सर्वे सन्तुनिरामयाः'** એટલે જ્યાં તમામ લોકો સમૃધ્ધ અને ખુશ હોય, તમામ રોગોથી મુક્ત હોય.

ભારતને અખૂટ કુદરતી સંપત્તિ અને અકલ્પનીય માનવીય શક્તિનાં આશીર્વાદ છે. ભારતની અપાર સમૃધ્ધિને કારણે જ વિદેશી વસાહતો ભારતમાં આવી હતી. હવે સમૃધ્ધ ભારતની ઊર્જાને પાછી આપવાનો સમય પાકી ગયો છે. આ માટે દ્રષ્ટિકોણ બદલવાની જરૂર છે. દેશને આત્મનિર્ભર બનાવવાની જરૂર છે, જેથી દરેક ભારતીયને ગરીબીની ચુંગાલમાંથી બહાર લાવીને પોતાની સફળતા અને સમૃધ્ધિની કહાની લખી શકે. એમાં કોઇ શંકા નથી કે ભારતીયોમાં આત્મ-ગૌરવ અને આત્મ-સન્માનની પ્રબળ ભાવના છે. તેમને માત્ર સમાન તકો આપવાની જરૂર છે.

વાત જ્ઞાનની હોય ત્યારે ભારતે વિશ્વને માર્ગ દર્શાવ્યો છે. આજે 21મી સદી માહિતી અને જ્ઞાનની સદીમાં બદલાઈ રહી છે, સંપૂર્ણ વિશ્વ ફરી એક વાર ભારત તરફ જોઈ રહ્યું છે. આગામી સદીનું ઘડતર મિસાઈલોની તાકાતથી નહીં પણ માણસની કુશાગ્ર બુધ્ધિથી થશે. તેથી વર્તમાન કેન્દ્ર સરકારની ભારત અંગેની કલ્પનાના મૂળમાં શિક્ષણ છે. એક એવા ભારતની કલ્પના કરવામાં આવી છે, જ્યાં જ્ઞાનનો પ્રકાશ ઘર ઘરમાં ફેલાય. દરેક બાળકને શિક્ષણ મળે અને તેનાં વ્યક્તિત્વ અને ચારિત્ર્યનું ઘડતર કરે. કોઈ પણ સમાજનો વિકાસ મહિલા સશક્તિકરણ વગર અધૂરો છે. સમાજમાં મહિલાઓને સલામતી અને સન્માન ન મળે ત્યાં સુધી મહિલા સશક્તિકરણનું સપનું પૂરૂં ન થાય. અત્યાર સુધી મહિલાઓને માત્ર ગૃહિણી સમજવામાં આવતી હતી, પણ હવે સ્થિતિ બદલાઈ રહી છે અને દરેક ક્ષેત્રમાં મળી રહેલી તકોનો લાભ ઉઠાવીને મહિલાઓ રાષ્ટ્ર નિર્માત્રી તરીકે બહાર આવી રહી છે.

મજબૂત સમવાયી માળખા વગર ભારતનો વિકાસ શક્ય નથી. બંધારણના ઘડવૈયાઓએ મજબૂત સમવાયી માળખાનું સ્વપ્ન જોયું હતું, જ્યાં તમામ રાજ્ય અને કેન્દ્ર વિકાસની યાત્રામાં સમાન ભાગીદાર હોય, જ્યાં કોઈ મોટું ન હોય, કોઈ નાનું ન હોય. સરકારે આ દ્રષ્ટિને આગળ વધારવાની દિશામાં સકારાત્મક કામ કર્યું છે, જેથી રાજ્યોએ પોતાના અસ્તિત્વ

“

**જયારે આપણે 15 ઓગસ્ટ, 2047નાં રોજ આઝાદીના 100 વર્ષ પૂરા કરીશું ત્યારે આત્મનિર્ભર ભારત અભિયાન, ભારતની આકાંક્ષાઓનો આધાર બનશે.**

**--નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**





**આજે ભારતનો સૌથી ચર્ચિત શબ્દ છે- વિકાસ**
**આજે ભારતનો સૌથી મોટો મંત્ર છે- સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ**
**આજે ભારતની સૌથી મોટી નીતિ છે- જનભાગીદારી**
**આજે ભારતનું સૌથી પ્રચલિત સૂત્ર છે- સંકલ્પ સે સિધ્ધિ**
**આજે ભારતનો સૌથી મોટો સંકલ્પ છે- ન્યૂ ઇન્ડિયા**

**આજે ભારત ન્યૂ ઇન્ડિયાનું સપનું પૂરું કરવા માટે દિવસ-રાત એક કરી રહ્યું છે અને તેમાં સૌથી ખાસ વાત એ છે કે આપણે બીજાં કોઇની સાથે નહીં, પણ પોતાની સાથે જ સ્પર્ધા કરી રહ્યા છીએ.**

**We are Challenging ourselves,
We are Changing Ourselves.**

**--નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



માટે દિલ્હીની દયા પર નિર્ભર ન રહેવું પડે. કેન્દ્ર સરકારના પ્રયાસોને કારણે એવી માન્યતા દ્રઢ બની છે કે દેશના સંસાધનો પર બધાંનો સમાન અધિકાર છે. દેશમાં એકીકૃત વ્યવસ્થા માટે ‘એક દેશ-એક કર’નાં રૂપમાં જીએસટીને અમલી બનાવવાનો હોય કે પછી કોવિડ મહામારીના સમયમાં ભેગાં મળીને સામનો કરવાનો હોય, ‘ટીમ ઇન્ડિયા’ તરીકે કરવામાં આવેલું કામ અજોડ ઉદાહરણ બન્યું છે.

ગંભીર પડકારો અને આપત્તિઓ છતાં ‘ભારતની સંકલ્પ’ના અકબંધ રહી છે. દેશ જ્યારે આઝાદીના 75મા વર્ષમા પ્રવેશી રહ્યો છે ત્યારે દેશનું નેતૃત્વ એક સંકલ્પ અને મિશનની સાથે ભવિષ્ય માટે તૈયારી કરી રહ્યું છે. દેશના વિકાસ માટે એ જરૂરી છે કે દરેક વ્યક્તિને પ્રગતિ કરવાની તક મળે, તેમને સપના જોવાની પ્રેરણા મળે અને એ સપનાને સાકાર કરવાની તાકાત મળે. દેશની યુવા શક્તિ ઊર્જાવાન છે અને માત્ર ભારત જ નહીં, સમગ્ર વિશ્વને બદલવા માટે તૈયાર છે. દેશની પણ એ જવાબદારી છે કે યુવાનોને સારું શિક્ષણ, ઉદ્યોગસાહસિકતા, ઈનોવેશન, રિસર્ચ અને ટેકનિકલ શિક્ષણ પૂરું પાડીને રોજગારીની પૂરતી તકો પ્રદાન કરીએ.

ભારત પાસે અકલ્પનીય પ્રાકૃતિક અને માનવીય સંપત્તિ છે. સદીઓ પહેલાં પૂર્વજો દ્વારા વિક્સિત કરવામાં આવેલી ગૌરવશાળી પરંપરા અને સંસ્કૃતિનો વારસો છે. ભારતીય સંસ્કૃતિ એક માત્ર એવી સંસ્કૃતિ છે જે સમયની પરીક્ષામાં પાર ઉતરી છે. બાકીની અનેક સંસ્કૃતિ આવી અને જતી રહી. સમાજ-સમુદાયો વિકસ્યા અને વિનાશ પામ્યા. પણ ઇતિહાસ સાક્ષી છે કે ભારતે દરેક પડકારનો મુકાબલો કર્યો છે અને દર વખતે પહેલાં કરતાં મજબૂત બન્યું છે.

ચોક્કસપણે, ભારત માટે આ ગૌરવનું વર્ષ છે. સંકલ્પથી સજ્જ ભારતને સશક્ત બનાવવાની જવાબદારી દેશના લોકોની પણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળતા જ પોતાનાં લક્ષ્ય જાહેર કરીને આહવાન કર્યું હતું કે, “ચાલો આપણે આપણા દેશ અને દેશવાસીઓમાં વિશ્વાસ રાખીએ અને આપણા મહાન નેતાઓના નિઃસ્વાર્થ ત્યાગ અને બલિદાનનું સંપૂર્ણ સન્માન કરીને તેમણે દર્શાવેલા માર્ગ પર આગળ વધીએ. ચાલો, આપણે આપણા રાષ્ટ્રનિર્માણના કાર્યમાં ‘ભારત સર્વોપરી’ને મંત્ર બનાવીએ અને સાથે મળીને એવા રાષ્ટ્રનું નિર્માણ કરીએ જે ફરીથી માનવતાની પરિભાષાને સકારાત્મક સ્વરૂપ આપે.” ●



## જમ્મુ-કાશ્મીર અને લડાખ

# સમૃધ્ધિ, શાંતિ, પ્રગતિના પથ પર અગ્રેસર

**વિકાસની દોટમાં પાછળ રહી ગયેલા જમ્મુ-કાશ્મીર અને લડાખ પર કેન્દ્રની સરકારની નજર પડી અને દાયકાઓથી જે અંતર પડી ગયું હતું તેને ઘટાડવાના પ્રયાસ શરૂ કર્યા. પહેલાં તો કલમ 370ને નાબૂદ કરીને સમગ્ર દેશમાં એક કાયદાનું શાસન લાગુ કરવામાં આવ્યું. હવે દેશના બાકીના રાજ્યોની જેમ જમ્મુ કાશ્મીરમાં પણ સમાન કાયદા લાગુ પડે છે. 'ધરતી પરનું સ્વર્ગ' કહેવાતા જમ્મુ-કાશ્મીર અને લડાખને હવે મુખ્ય ધારામાં જોડીને દેશના અન્ય રાજ્યોની સમકક્ષ લાવી દીધાં છે.**



“હવે હું દર મહિને રૂ. 15,000નો નફો કમાવું છું. તેનાથી હું પગભર થઈ શકી છું એટલું જ નહીં, પરિવારની નબળી આર્થિક હાલત પણ સુધરી છે. હું મેઈન બજારમાં હજુ એક દુકાન ખોલવાનું વિચારી રહી છું.” આવું કહેવું છે જમ્મુ-કાશ્મીરની નસીમા નાઝીરનું, જે જમ્મુ-કાશ્મીર ગ્રામીણ આજીવિકા મિશનના સહયોગથી હાર્ડવેરની દુકાન ચલાવી રહી છે. આ જ રીતે પોલ્ટ્રી ફાર્મ ચલાવી રહેલી પોલીદેવી 2019માં શિવ બાબા સ્વ સહાય જૂથ સાથે જોડાઈ અને રૂ. ત્રણ લાખની લોન લઈને વેપાર શરૂ કર્યો. લડાખની મહિલા ખેડૂત હાઝીયા ફાતિમા બાનોને પોતાની અનોખી ખેતી માટે સર્વશ્રેષ્ઠ ખેડૂત સહિત અનેક પુરસ્કાર મળી ચૂક્યા છે. મોટા પાયે શાકભાજી ઉગાડીને તે પોતાના વિસ્તારના લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની ગઈ છે. લડાખની જ 30 વર્ષીય કુન્જેસ અંગમો યુવા મહિલા ઉદ્યોગસાહસિક તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત અભિયાનને સાકાર કરી રહી છે. હસ્તકલાની ચીજો બનાવીને કુન્જેસ સ્થાનિક પરંપરાને આગળ વધારી રહી છે એટલું જ નહીં, સેંકડો મહિલાઓને રોજગારી પણ આપી રહી છે. કાશ્મીરના સરહદી વિસ્તાર પુંછ જિલ્લાના સોલાત્રી ગામના મોહમ્મદ શફીનું કાચું મકાન બરફવર્ષામાં પડી જતું હતું. દર વર્ષે આ સમસ્યાનો સામનો કરનાર શફીને ગયા વર્ષે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકું મકાન મળ્યું તો તેમની ખુશીનો

**આ 15 ઓગસ્ટે દેશ આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે ત્યારે એ જાણવું જરૂરી છે કે કાશ્મીરને 370મી કલમમાંથી આઝાદી અપાવવામાં કેમ 72 વર્ષ લાગ્યા અને કઈ રીતે કાશ્મીર દેશના બાકીના રાજ્યો સાથે વિકાસમાં તાલ મિલાવી રહ્યું છે.**

**“પહેલાં દેશ માટે બનતી મોટા ભાગની યોજનાઓ અને કાયદાઓમાં એવું લખવામાં આવતું હતું, Except J and K (જમ્મુ કાશ્મીર સિવાય). હવે તે ભૂતકાળની વાત છે. શાંતિ અને વિકાસના જે માર્ગ પર જમ્મુ- કાશ્મીર આગળ વધી રહ્યું છે, તેણે રાજ્યમાં નવા ઉદ્યોગોની સ્થાપના માટેનો માર્ગ મોકળો કર્યો છે. આજે જમ્મુ-કાશ્મીર આત્મનિર્ભર ભારત અભિયાનમાં પોતાનું યોગદાન આપી રહ્યું છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## એક દેશ, એક કાયદો, એક પ્રતીક, એક બજાર

**890** કેન્દ્રીય કાયદા હવે જમ્મુ-કાશ્મીર-લડાખમાં લાગુ અને વર્ષોથી થઈ રહેલા અન્યાય અને ભેદભાવપૂર્ણ 205 કાયદા નાબૂદ. હવે સમગ્ર દેશ માટે એક જ બંધારણ

- હવે કર્મચારીઓના હિતોનું રક્ષણ કરે છે કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલ (CAT), તો નીરિક્ષણની સાથે સાથે વહીવટ અને જવાબદેહિતા માટે કેન્દ્રીય માહિતી પંચ અને કેન્દ્રીય સતર્કતા પંચ કામ કરે છે.
- તમામ ભેદભાવપૂર્ણ અને અન્યાયપૂર્ણ રાજ્ય કાયદાઓને નાબૂદ કરાયા અથવા તેમાં ફેરફાર કરવામાં આવ્યા છે. એસસી-એસટી, આદિવાસીઓ, કિશોર અને વૃદ્ધોની સલામતી માટે કેન્દ્રીય કાયદા લાગુ કરવામાં આવ્યા છે.
- ભારતના નાગરિક તરીકે અહીંના લોકોને હવે સમાન અધિકાર મળી ગયા છે. શિક્ષણનો અધિકાર, જમ્મુ-કાશ્મીરમાં જમીન માટે યોગ્ય વળતરનો અધિકાર જેવા કાયદાઓથી સાચા અર્થમાં લોકશાહીની સ્થાપના થઈ છે. રોશની એક્ટ નાબૂદ કરવામાં આવ્યો છે.
- લોકોના હિતોનાં રક્ષણ માટે ડોમિસાઈલ કાયદો લાગુ કરવામાં આવ્યો. તમામ પર્મનન્ટ રેસિડન્સ સર્ટિફિકેટ (PRC) ધારક ડોમિસાઈલ સર્ટિફિકેટને પાત્ર છે.



# નોકરીમાં નબળા વર્ગોને મળ્યો અનામતનો લાભ

અનામતની જોગવાઈઓમાં ફેરફાર કરીને તેનો સ્કોપ વધારવામાં આવ્યો. 4 %પહાડી બોલનારાઓને, 10 % આર્થિક રીતે નબળાં વર્ગોને

- અન્ય સામાજિક વર્ગોને અનામત બે ટકાથી વધારીને ચાર ટકા કરવામાં આવ્યું
- સરહદ પર નિયંત્રણ રેખા પાસે રહેનારા લોકોનું અનામત ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરવામાં આવ્યું
- વિધાનસભા બેઠકો પર જનજાતિય અનામત વસતિના પ્રમાણમાં

**₹ 08** લાખ કરવામાં આવી ઓબીસી માટે અનામત માટેની આવક મર્યાદા. પહેલાં તે 4.5 લાખ રૂપિયા હતી

## 09 લાખ પહાડીઓને અનામતનો લાભ

**41** લાખથી વધુ સ્થાયી નિવાસી પ્રમાણપત્ર જારી, તેમાંથી 56,000 પાકિસ્તાનના વિસ્થાપિત શરણાર્થીઓ, 2743 વાલ્મિકી અને 789 ગોરખા

1947માં પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાંથી અને 1965 તથા 1971ના યુદ્ધમાં વિસ્થાપિત થયેલા આશરે 41,000 પરિવારોને રૂ. 5.50 લાખની આર્થિક સહાય.

## દાયકાઓથી વંચિતોનું હવે સશક્તિકરણ

- પાકિસ્તાનથી તગેડી મૂકવામાં આવેલા આશરે 6,000 પરિવારોને રૂ. 5.5 લાખની આર્થિક સહાય. તેઓ સ્થાયી નિવાસી પ્રમાણપત્ર મેળવવાને પાત્ર બન્યા અને નોકરી સહિતના લાભ માટેનાં પણ દ્વાર ખૂલ્યાં. સરહદી વિસ્તારમાં રહેતા 3.5 લાખ લોકો માટે પોલિસમાં વિશેષ ભરતી અભિયાન.
- 44,000 કાશ્મીરી વિસ્થાપિત પરિવારો નોકરી, શિક્ષણ અને અન્ય લાભ માટે પાત્ર સ્થાયી નિવાસી પ્રમાણપત્ર, ખીણમાં ફ્લેટ બનાવવામાં આવી રહ્યા છે જેથી આ પરિવારોને અસ્થાયી આવાસ આ શકાય

પાર ન રહ્યો. “આજે હું મોદી સાહેબનો આભાર માનું છું,” આ સુખદ ઘટના છે નવા જમ્મુ-કાશ્મીર અને લડાખની, નવા ભારતની. જે જૂની સમસ્યાઓ અને પીડાઓને પાછળ મૂકીને આગળ વધવાનો નિર્ધાર કરી ચૂક્યું છે અને વર્તમાનને મજબૂત કરવાની સાથે સાથે ખુદને ઉજ્જવળ ભવિષ્ય માટે પણ તૈયાર કરી રહ્યું છે.

દરેક નીતિ અને રણનીતિ લોક કલ્યાણથી રાષ્ટ્ર કલ્યાણ તરફ જાય અને જન અભિયાનથી રાષ્ટ્ર નિર્માણ થાય એ કેન્દ્ર સરકારનું વિઝન છે. એક ભારત-શ્રેષ્ઠ ભારતની કલ્પના સાથે જમ્મુ-કાશ્મીર-લડાખના લોકોનો વિકાસ કેન્દ્ર સરકારની પ્રાથમિકતા બની ચૂકી છે. મહિલા સશક્તિકરણ હોય, યુવાનો માટે રોજગારની વાત હોય, અનુસૂચિત જાતિ, જનજાતિ, પીડિતો, શોષિતો અને વંચિતોના કલ્યાણનું લક્ષ્ય હોય કે પછી લોકોનાં બંધારણીય અને પાયાના અધિકાર હોય, સામાન્ય લોકોનાં ભલા માટે સરકાર શક્ય તમામ નિર્ણયો લઈ રહી છે. છેલ્લાં બે વર્ષમાં લોકહિત સાથે

# લોકશાહી પ્રક્રિયામાં લોકભાગીદારી



- આઝાદી પછી પ્રથમ વાર તમામ પંચાયતોમાં પ્રજાસત્તાક દિવસે તિરંગો ફરકાવવામાં આવ્યો. રાજ્યના પંચાયતી રાજ કાયદામાં સુધારો કરીને જિલ્લા સ્તર પર ત્રિસ્તરીય પંચાયત વ્યવસ્થા લાગુ કરવામાં આવી. પંચાયતોને વધુ સત્તા આપવામાં આવી.

**1727 કરોડ** રૂપિયાથી વધુ ભંડોળ જારી કરવામાં આવ્યું.

**2000** એકાઉન્ટ સ્ટાફની નિયુક્તિ કરવામાં આવી

**317** પંચાયત સચિવોની નિયુક્તિ કરવામાં આવી

ચૂંટાયેલા પ્રતિનિધિઓને રૂ. 25 લાખનાં વીમા કવચની સાથે શહેરી સુધરાઈના વિકાસ માટે રૂ. પાંચ કરોડ સુધીની મંજૂરીનો વહીવટી અધિકાર

- 460 પંચાયત ઘર બનાવ્યા અથવા રિપેરિંગ કરવામાં આવ્યું. ગ્રામ પંચાયતોને ડિજિટલ સાક્ષરતા સાથે જોડીને તાલીમ આપવામાં આવી.
- પંચાયતોના પ્રતિનિધીઓને મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, રાજસ્થાન, કેરળ મોકલીને તાલીમ અને કાર્યપ્રણાલિને સમજવાની તક આપવામાં આવી
- ઓક્ટોબર-નવેમ્બર 2020માં જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણીમાં 51 ટકાથી વધુ મતદાન થયું, જે 2018ની સંસદીય ચૂંટણીનાં મતદાન કરતાં ઘણું વધુ હતું. તેમાં 278 જિલ્લા વિકાસ પરિષદ સભ્ય, 20 ચેરપર્સન અને વાઈસ ચેરપર્સન ચૂંટવામાં આવ્યા.
- ઓક્ટોબર, 2019માં બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલની ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરમાં 98.3 ટકા ઐતિહાસિક મતદાન થયું અને 276 ચેરપર્સન ચૂંટવામાં આવ્યા.
- તમામ 20 જિલ્લાના વિકાસ માટેની ફાળવણી 2021-22માં બમણી કરીને રૂ. 12,600 કરોડ કરવામાં આવી.

**અમારા માટે 5 ઓગસ્ટનો નિર્ણય અટલ છે. જમ્મુ-કાશ્મીર અને લડાખને નવા માર્ગ પર લાવવાનો નિશ્ચય પણ અટલ છે. 5 ઓગસ્ટનાં રોજ જમ્મુ-કાશ્મીરમાં ભારતનું સંપૂર્ણ બંધારણ અમલી થયું, સંપૂર્ણ કાયદા લાગુ થયા, 70 વર્ષથી જમ્મુ-કાશ્મીર અને લડાખના વિકાસમાં જે સૌથી મોટી અડચણ હતી તે અમે 5 ઓગસ્ટનાં રોજ દૂર કરી દીધી. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



જોડાયેલા કેન્દ્રીય કાયદાઓને બંને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કર્યા, જેથી લોકોને તેનો લાભ મળે અને રાજ્યની ઝડપી પ્રગતિ થાય. નબળાં વર્ગો, બાળકો, વરિષ્ઠ નાગરિકો માટેનાં કાયદાને મજબૂતી મળી, તો સુશાસન માટે જરૂરી કાયદાઓને અસરકારક બનાવવામાં આવ્યા, જેથી તંત્ર જવાબદાર બને. છેવાડાના માનવી સુધી લોકશાહીને મજબૂત કરનાર બંધારણના સુધારા (73મો અને 74મો) હવે રાજ્યમાં સંપૂર્ણ રીતે લાગુ થઈ ચૂક્યા છે. આનાથી પંચાયતો અને સ્થાનિક સુધરાઈઓનો વહીવટ સરળ થયો છે. જમ્મુ-કાશ્મીર દેશનું એક માત્ર એવું રાજ્ય છે જ્યાં તમામ નાગરિકોને 'આયુષ્યમાન યોજના-સેહત' અંતર્ગત રૂ. પાંચ લાખની મફત સારવારની સુવિધા મળી છે.

## વિશ્વાસના સંચારની સાથે વિકાસ

જમ્મુ કાશ્મીરનો વિકાસ સુનિશ્ચિત કરવો હોય તો સૌ પ્રથમ જનતાનો ભરોસો મેળવવો પડે અને તેનાં પર ભરોસો પણ કરવો પડે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ વિચારને લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા સતત આગળ ધપાવવામાં આવી રહ્યો છે.



'મુલાકાત' અને 'બેક ટુ વિલેજ' જેવી યોજના દ્વારા સામાન્ય લોકો પાસેથી પ્રતિભાવ લેવો, પંચાયતી રાજ વ્યવસ્થાને મજબૂત બનાવવી જેવી કામગીરીને કારણે આ કામ સરળ બન્યું. જમ્મુ-કાશ્મીર-લડાખના ઇતિહાસમાં પ્રથમ વાર બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલની ચૂંટણીમાં 98 ટકાથી વધુ મતદાન તેનો પૂરાવો છે. પાયાના સ્તર પર લોકશાહી લાવીને લોકોની અપેક્ષાઓને નવી તક આપવામાં આવી રહી છે, જેથી જમ્મુ-કાશ્મીર અને લડાખની મહાન સંસ્કૃતિ અને વારસાને જાળવી શકાય. મહિલાઓ અને બાળકોને અધિકાર પરત મળી રહ્યા છે, જે પહેલાં રાજ્યની બહાર લગ્ન કરવાથી છિનવાઇ જતા હતા. માળખાકીય સુવિધાઓમાં પણ નવું જમ્મુ કાશ્મીર અને લડાખ ઝડપથી આગળ વધી રહ્યાં છે. વીતેલા બે વર્ષમાં અહીં કામમાં કેટલી ઝડપ આવી છે, તેનું ઉત્તમ ઉદાહરણ હાઇડ્રોપાવર છે. સાત દાયકાઓમાં જમ્મુ-કાશ્મીરમાં 3500 મેગાવોટ વીજ ક્ષમતા સ્થાપિત થઈ છે, પણ હવે તેમાં વધુ 3,000 મેગાવોટનો ઉમેરો

## વિશ્વાસ પૂર્વવત કરવાની દિશામાં B2V (બેક ટુ વિલેજ)

- 'બેક ટુ વિલેજ' અભિયાનને આગળ વધારતા પાયાના સ્તર પર વહીવટી તંત્ર અને સરકાર વચ્ચે વિશ્વાસનો માર્ગ તૈયાર કરવામાં આવી રહ્યો છે.
- 20,000થી વધુ કામોની ઓળખ કરવામાં આવી, જેમાંથી 7,000 કાર્યાન્વિત.
- આ અભિયાનને અનોખું રૂપ આપવામાં આવ્યું અને તે અંતર્ગત 5 લાખથી વધુ સ્થાયી નિવાસી/જન્મ-મૃત્યુ/જાતિ/ દિવ્યાંગતા જેવા પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા



**70,000**
**થી વધુ રેશનકાર્ડને આધાર સાથે લિંક કરવામાં આવ્યા**

**50,000**
**પરિવારોને આયુષ્યમાન ભારત સાથે જોડવામાં આવ્યા**

**₹ 372 કરોડ**
**ના ઋણ માટે 19,000થી વધુ અરજીઓની ઓળખ કરવામાં આવી**

**15000**
**થી વધુ લોકોને ઋણ ઉપલબ્ધ કરવામાં આવ્યું, જેમાં 4600 મહિલા ઉદ્યોગસાહસિકો સામેલ છે.**

## પ્રધાનમંત્રી વિકાસ પેકેજથી ગતિ

- 54 પ્રોજેક્ટ માટે રૂ. 56,000 કરોડથી વધુ પેકેજથી અવરોધો દૂર કરવામાં સફળતા મળી
- જુન 2018 સુધી માત્ર સાત પ્રોજેક્ટ જ પૂરા થયા હતા, પણ છેલ્લાં બે વર્ષમાં 21 પ્રોજેક્ટ્સ પૂરા થયા, 12 પ્રોજેક્ટ વર્તમાન નાણાંકીય વર્ષમાં પૂરા થશે અને બાકીના 14 પ્રોજેક્ટ્સ માર્ચ 2023 સુધી પૂરા થશે.
- રામબાગ ફ્લાયઓવર, કાઝીગુંડ-બનિહાલ ટનલ, ઝેલમમાં પૂર રોકવાનું પ્રથમ તબક્કાનું કામ પુરું. આઇઆઇટી જમ્મુ કેમ્પસ શરૂ. એક રાજયમાં બે એઇમ્સ. જમ્મુમાં એઇમ્સ નિર્માણ કાર્ય શરૂ, જમ્મુનો રિંગ રોડ માર્ચ 22 સુધી પૂરો થશે.




## દેશ સાથે કાશ્મીરની કનેક્ટિવિટી

- રૂ. 1327કરોડના ખર્ચે બનેલો વિશ્વનો સૌથી ઊંચો ચિનાબ રેલવે બ્રિજ 2022 સુધી તૈયાર થશે. તેની ઊંચાઈ એફિલ ટાવર અને કુતુબ મિનાર કરતાં પણ વધુ છે. આર્ક બનાવવાનું કામ પૂરું.
- રૂ. 10,000 કરોડથી વધુના ખર્ચે જમ્મુ કાશ્મીરમાં લાઇટ મેટ્રો રેલ ટ્રાન્ઝિટ એલિવેટેડ કોરિડોરની યોજના માર્ચ 2025 સુધી પૂરી થશે.
- 2022 સુધી 8,000 કિમી અવિક્સિત જમીન પર રસ્તાના બાંધકામનું લક્ષ્ય, તેમાં 3500 કિમી PMGSY અંતર્ગત

- જમ્મુ-કાશ્મીરના દરેક ગામ સુધી માર્ગ બનાવવાની યોજના. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત 2020-21માં 3,000 કિમીથી વધુ માર્ગનું નિર્માણ થયું અને 5500 કિમી અવિક્સિત જમીન પર રસ્તો બનાવવામાં આવ્યો.
- જમ્મુ-શ્રીનગર-લડાખ નેશનલ હાઈવે પર રૂ. 3127 કરોડના ખર્ચે આશરે 8 કિમીથી વધુ લાંબી દ્વિન ટ્યુબ ધરાવતી કાજીગુંડ-બનિહાલ ટનલનું કામ પૂરું.
- કાશ્મીરને લડાખ સાથે જોડતા માર્ગમાં સોનમર્ગ-ગગનગિરી વચ્ચે રૂ. 2378 કરોડના ખર્ચે 6.5 કિમી લાંબી ઝેડ મોડ ટનલું કામ યુધ્ધ સ્તરે, ડિસેમ્બર 2023 સુધી પૂરું કરવામાં આવશે.

## અટકેલા પ્રોજેક્ટ્સને ગતિ

**લાંબા સમયથી અટકેલા પ્રોજેક્ટ્સને પૂરા કરવામાં જમ્મુ-કાશ્મીરે નવું પ્રકરણ લખ્યું. રૂ. 7,110 કરોડથી વધુના કુલ 2,357 પ્રોજેક્ટ્સમાંથી જુલાઈ 2018 સુધી રૂ. 7,000 કરોડના પ્રોજેક્ટ્સ અધૂરા હતા. આ વર્ષે માર્ચ સુધી લગભગ દોઢ વર્ષમાં જ રૂ. 1,555 કરોડથી વધુના 1100 પ્રોજેક્ટ પૂરા કરવામાં આવ્યા. આમાંથી પાંચ પ્રોજેક્ટ 20 વર્ષથી, 15 પ્રોજેક્ટ 15 વર્ષથી અને 165 પ્રોજેક્ટ 10 વર્ષથી વધુ સમયથી અટકેલાં હતા.**

## આત્મનિર્ભરઃ જમ્મુ-કાશ્મીરનો ઔદ્યોગિક વિકાસ

- અંત્યોદયના મૂળ મંત્ર સાથે જમ્મુ કાશ્મીરમાં બ્લોક સ્તર સુધી પ્રથમ વાર ઔદ્યોગિક પ્રોત્સાહન યોજના અંતર્ગત આગામી 15 વર્ષ માટે રૂ. 28,400 કરોડની નવી કેન્દ્રીય ક્ષેત્રીય યોજનાને મંજૂરી
- 4.5 લાખ નવી નોકરીઓનું સર્જન થશે અને સંતુલિત સામાજિક-આર્થિક વિકાસને ગતિ મળશે. ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે, જેથી કેન્દ્રશાસિત પ્રદેશમાં ઔદ્યોગિકીકરણનું નવું પ્રકરણ શરૂ થશે.
- ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં કરવામાં આવેલા રોકાણથી ઝોન એ અને ઝોન બીમાં ક્રમશઃ રૂ. ૫ કરોડ અને રૂ. 7.5 કરોડ સુધીના મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે.

કરવામાં આવ્યો છે. લાંબા સમયથી અટકેલા પ્રોજેક્ટ્સમાં ઝડપ આવી છે, તો ચિનાબ પર બની રહેલો વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ દરેક ભારતીયને ગર્વ અપાવે છે. રાજ્યમાં સારી કનેક્ટિવિટી હોય તો તેનાંથી પર્યટન અને વેપાર ઉદ્યોગ બંનેને પ્રોત્સાહન મળે છે. શેતરંજીથી માંડીને કેસર સુધી, સફરજનથી માંડીને બાસમતિ સુધી જમ્મુ કાશ્મીરની સુગંધ દેશભરમાં ફેલાઈ રહી છે. નવા કૃષિ સુધારાઓને કારણે જમ્મુ અને ખીણ એમ બંને જગ્યાએ ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગ માટે તકો સર્જાઈ છે. તેનાથી હજારો લોકોને રોજગાર અને સ્વરોજગારની તકો મળી રહી છે. જમ્મુ-કાશ્મીર અને લડાખમાં હજારો સરકારી નોકરીઓની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે તો બીજી બાજુ, સ્વરોજગાર માટેનાં પગલાં પણ લેવામાં આવી રહ્યા છે. બેંકો દ્વારા હવે જમ્મુ કાશ્મીરના યુવાન વેપારીઓને સરળતાથી લોન મળવા માંડી છે.



# કોવિડ દરમિયાન રાહત પેકેજ

**રૂ.1353 કરોડ**

**નું આર્થિક પેકેજ કોવિડ અને પૂરથી અસરગ્રસ્ત વેપારધંધાને રાહત આપવા માટે આપવામાં આવ્યું.**

- પાણી-વીજળી બિલના ફિક્સ્ડ કોસ્ટમાં 50 ટકાની રાહત
- રાજબાગ સિલ્ક ફેક્ટરીને રૂ. 23 કરોડ અને બેમિના ઉન મિલને રૂ. 4.5 કરોડનાં ખર્ચે અપગ્રેડ કરવામાં આવી, જે ઉદઘાટન માટે તૈયાર છે.
- વેપાર માટે સાનુકુળ વાતાવરણ પૂરું પાડવા વહીવટી કામગીરીને પ્રોત્સાહન આપવામાં આવ્યું. તેમાં ઉદ્યોગ, ફોક્સ ગ્રુપ, વિવિધ યોજના અંતર્ગત લોનની સુવિધા વધારવામાં આવી.
- આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત 31,000થી વધુ પરિવારોને મફતમાં અનાજ આપવામાં આવ્યું.
- પીએમ-સ્વનિધિ અંતર્ગત રાજ્યમાં 11,000થી વધુ લોકોને ઋણ આપવામાં આવ્યું છે.
- 35 લાખથી વધુ ગરીબોને કોવિડ સંકટ દરમિયાન રૂ. 500 કરોડની સહાય મળી.
- બાંધકામ ઉદ્યોગ, હાઉસબોટ, શિકારા ચલાવનારા, ટુરિસ્ટ ગાઈડ, પોનીવાળા, પિઠ્ઠુ અને સ્વસહાય જૂથોની મદદ માટે રૂ. 1353 કરોડની રાહત
- કોવિડની બીજી લહેર વખતે પણ રાહત પેકેજ આપવામાં આવ્યું. કોવિડમાં પરિવારમાં કમાનાર વ્યક્તિના અવસાન બાદ આશ્રિતો માટે સક્ષમ યોજના લાગુ કરવામાં આવી. તેમાં મૃતકના પરિવારને રૂ. 1,000નું માસિક પેન્શન, વિદ્યાર્થીઓને રૂ. 20,000-40,000ની શિષ્યવૃતિ પણ આપવામાં આવી રહી છે.
- અત્યાર સુધી સક્ષમ યોજનામાં 279 પરિવારોને પેન્શન અને 233 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની મંજૂરી આપવામાં આવી છે.

## કોવિડ સામેની લડાઈમાં જમ્મુ કાશ્મીર આગળ

- ઓગસ્ટ 2020માં મંજૂર ઓક્સિજન પ્લાન્ટની સંખ્યા 24 હતી, જે હવે વધીને 84 થઈ છે. આમ, રાજ્યમાં ઓક્સિજન ઉત્પાદન ક્ષમતા 15,000થી વધુ LPM (લિટર પ્રતિ મિનિટ) થી વધીને આશરે 87,000 LPM થશે.
- 85 ટકાથી વધુ ફ્રન્ટલાઈન વર્ક્સ (45થી વધુ વયના)નું રસીકરણ થઈ ચૂક્યું છે. શોપિયાં, ગાંદરબાલ, જમ્મુ અને સાંબામાં 100 ટકા રસીકરણ.
- વેયાન ગામમાં 18 વર્ષથી વધુ ઉંમર ધરાવતા તમામ લોકોનું રસીકરણ થઈ ગયું છે.
- રાજ્યની 4292 પંચાયતોમાં કોવિડ કેર સેન્ટર કામ કરી રહ્યા છે. જમ્મુ અને શ્રીનગરમાં ડીઆરડીઓએ 500 બેડની હોસ્પિટલ સ્થાપી છે.

## તમામ સુધી 'સેહત' પહોંચી

- જમ્મુ કાશ્મીર દેશનું પ્રથમ રાજ્ય, જ્યાં તમામ લોકોને આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત યુનિવર્સલ હેલ્થકેર સુવિધા મળી છે.
- તેને 'સેહત' નામ આપવામાં આવ્યું છે, જે અંતર્ગત દરેક પરિવારને રૂ. પાંચ લાખ સુધીનો વીમો પૂરો પાડવામાં આવ્યો છે. 43.98 લાખ લાભાર્થીની નોંધણી
- રૂ. 7500 કરોડનાં ખર્ચે રાજ્યમાં બે એઈમ્સ, સાત મેડિકલ કોલેજ, પાંચ નર્સિંગ કોલેજ, બે સ્ટેટ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ બનાવવાની શરૂઆત. આરોગ્ય રોકાણ નીતિ, દવા નીતિ અને નશામુક્તિ નીતિને મંજૂરી મળી.
- મેડિકલ અભ્યાસ માટે 1617 નવી સીટ ઉમેરવામાં આવી. એમબીબીએસ સીટની સંખ્યા 500થી વધારીને 1100 કરવામાં આવી છે અને અભ્યાસમાં પણ સીટ વધારવામાં આવી છે.
- રૂ. 881 કરોડનાં રોકાણથી અગાઉની આરોગ્ય માળખાકીય સુવિધાઓને અપગ્રેડ કરવામાં આવી રહી છે, જે માર્ચ 2022 સુધી પૂરી થશે.

પર્યટન ઉદ્યોગ ફરીથી ચમકી રહ્યો છે. જમ્મુ-કાશ્મીર અને લડાખમાં એવી જગ્યાઓ ઓળખવામાં આવી રહી છે જે ટોચના પર્યટન કેન્દ્રો બની શકે છે. હિમાલયના 137 શિખરો વિદેશી પર્યટકો માટે ખોલવામાં આવ્યા છે, જેમાંથી 15 શિખરો જમ્મુ-કાશ્મીર અને લડાખના છે. લડાખમાં બૌધ્ધ અભ્યાસ કેન્દ્ર ઉપરાંત પ્રથમ સેન્ટ્રલ યુનિવર્સિટીની યોજનાને આકાર આપવામાં આવી રહ્યો છે. લડાખને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવાની લાંબા સમયની માગ પણ પૂરી કરવામાં આવી છે. લડાખ હવે પ્રગતિના માર્ગે છે.

### દાયકાઓ બાદ બદલાઈ રહ્યું છે વાતાવરણ

નવા દાયકામાં નવા યુગનો આરંભ થયો છે, તો નવા જમ્મુ-કાશ્મીરનું વાતાવરણ પણ બદલાઈ રહ્યું છે. દાયકાઓથી વંચિત લોકોને તેમના અધિકાર મળવા લાગ્યા છે. પ્રોજેક્ટની ગતિ કેટલી ઝડપી થઈ છે તેનો અંદાજ એના પરથી લગાવી શકાય કે જૂન 2018 સુધી પ્રધાનમંત્રી વિકાસ પેકેજના માત્ર 26 ટકા જ ખર્ચાયા હતા, જ્યારે જુલાઈ 2021માં 62 ટકા

## તમામને વીજળીની સુવિધા

**100** ટકા કવરેજના લક્ષ્ય સાથે 12.60 લાખથી વધુ પાત્ર લાભાર્થીઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો લાભ મળ્યો



- આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં વીજળી ઉત્પાદન બમણું અને આગામી સાત વર્ષમાં ત્રણ ગણું કરવાનું લક્ષ્ય. આઝાદીના 70 વર્ષમાં માત્ર 3500 મેગાવોટ વીજળીનું ઉત્પાદન, જ્યારે તેમાં 3,000 મેગાવોટનો ઉમેરો કરવા પર કામ ચાલી રહ્યું છે.
- લગભગ રૂ. 23,000 કરોડના ખર્ચથી 3,000 મેગાવોટ પ્રોજેક્ટનું નવીનીકરણ, આ ઉપરાંત બીજા 4674 મેગાવોટ ક્ષમતા માટે આશરે રૂ. 35,000 કરોડના સમજૂતિપત્રો પર હસ્તાક્ષર.
- ટ્રાન્સમિશનના વિસ્તરણ માટે આશરે રૂ. 400 કરોડની યોજના હાથ પર લેવામાં આવી છે.
- સૌભાગ્ય યોજના અંતર્ગત જમ્મુ કાશ્મીરમાં 100 ટકા ઘરોમાં વીજળી પૂરી પાડવાનું લક્ષ્ય સમય કરતાં વહેલું પૂરું કરવામાં આવ્યું. આમાં 3.5 લાખથી વધુ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા.
- આ વર્ષે નિયંત્રણ રેખાની નજીકના કેરન, મુંડિયન ગામને પણ ગ્રિડથી જોડવામાં આવ્યા. અગાઉ આ ગામોમાં ડિઝલ જનરેટરથી માત્ર ત્રણ કલાક જ વીજળી મળતી હતી.
- ઉજાલા અંતર્ગત 100 ટકા કવરેજ સાથે 84.86 લાખ લાભાર્થીઓને ફાયદો




- સામાજિક સુરક્ષા અને પેન્શન યોજનામાં આશરે નવ લાખ એટલે કે 59 ટકા લાભાર્થીઓની સંખ્યા વધી છે. તમામને રૂ.1,000નાં પેન્શનની ખાતરી
- લઘુમતીઓ, અનુસૂચિત જાતિ, અન્ય પછાત વર્ગો, પ્રી અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની સંખ્યામાં આશરે 400 ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો.
- 55 લાભની યોજનાઓમાં 100 ટકા કવરેજ થયું છે. ખાસ કરીને, અંકુશ રેખા પાસે રહેનારા લોકોને તેના દાયરામાં લાવવામાં આવ્યા છે.
- જુલાઇ, 2021માં ઇ-જોબ પોર્ટલ અને શ્રમ સુધારા સાથે સંકળાયેલા ચારેય કોડને લાગુ કરવામાં આવી રહ્યા છે

## જન સલામતીથી જીવન સલામતી

- પ્રધાનમંત્રી જનધન યોજના, સુરક્ષા બીમા યોજના, જીવન જ્યોતિ બીમા યોજનાથી નાણાંકીય સમાવેશિતાના દાયરામાં વધારો
- સાત લાખથી વધુ કિસાન ક્રેડિટ ખાતામાં રૂ. 6,000 કરોડથી વધુ રકમની ચૂકવણી
- 87,000થી વધુ પશુપાલન-મત્સ્યપાલન સાથે સંકળાયેલા ખેડૂતોના ખાતામાં રૂ. 514 કરોડથી વધુ રકમની ચૂકવણી
- પીએમ સુરક્ષા બીમા યોજનામાં 9.26 લાખ લોકોની નોંધણી, જેમાં 1.6 લાખ લોકો 2020-21માં જોડાયા
- પીએમ જીવન જ્યોતિ બીમા યોજનામાં આશરે ચાર લાખ લોકોની નોંધણી, જેમાં આશરે 50,000 લોકો 2020-21માં જોડાયા

**જમ્મુ કાશ્મીરમાં મહિલાઓને પહેલી વાર આ હક મળ્યો..હવે અહીંની મહિલા બીજા રાજ્યના રહેવાસી સાથે લગ્ન કરે તો પતિ અને બાળકો પણ કાયમી નિવાસીનો દરજ્જો મેળવી શકે છે.**

ખર્ચ થયો છે, જે માત્ર પરિવર્તન નહીં, વિકાસની ગતિને પણ દર્શાવે છે. પહેલી વાર જમ્મુ-કાશ્મીરના ગરીબ, સામાન્ય વર્ગ, પહાડી લોકો અને નિયંત્રણ રેખા નજીક સરહદ પર રહેતા લોકોને અનામતનો લાભ મળ્યો છે. ગુજ્જર બકરવાલ, અનુસૂચિત જનજાતિઓ અને પરંપરાગત રીતે જંગલની આસપાસ રહેનારાઓને જંગલની જમીનનો ઉપયોગ કરવાનો કાનૂની અધિકાર મળ્યો છે. હવે કોઈની સાથે ભેદભાવ નથી થતો. જમ્મુ-કાશ્મીરમાં દાયકાઓથી

## મિશન યુવા જમ્મુ- કાશ્મીર



- પ્રથમ વાર બહુસ્તરીય રણનીતિ સાથે આ પ્રકારની શરૂઆત, થઇ છે, જેથી યુવાનોને આજીવિકા, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને આર્થિક સહાય સરળતાથી મળે. આ હેતુને પૂરો કરવા 4500 યુથ ક્લબની સ્થાપના કરવામાં આવી રહી છે
- આ વર્ષે યુવાનો માટે આઠ પ્રવૃત્તિ અથવા યોજના શરૂ થશે. આમાં યુથ ડેટા બેન્ક નામથી શિક્ષણ-કૌશલ્યમાં રજીસ્ટ્રેશન માટે પોર્ટલ, 'મુમકિન' અંતર્ગત પાત્ર યુવાનોને 250 વાહન, જેથી તેઓ પરિવહન ક્ષેત્રમાં આજીવિકા મેળવવા તૈયાર થઈ શકે, 'પરવાઝ' અંતર્ગત કોચિંગ માટે ઇચ્છુકોનું રજીસ્ટ્રેશન, 'એલજી-75' અંતર્ગત 75 વિદ્યાર્થીઓને ઉપ રાજ્યપાલ શિષ્યવૃત્તિ, યુનિવર્સિટી સાથે સહયોગ અંતર્ગત 15 પ્રોજેક્ટને પસંદ કરીને પુરસ્કૃત કરવામાં આવશે.
- છ લાખથી વધુ યુવાનો વિવિધ રમતોમાં ભાગ લઈને તૈયાર થઈ રહ્યા છે. રમતગમત માટે 134 પ્રોજેક્ટ્સ પર કામ થઈ રહ્યું છે. ખેલો ઇન્ડિયા સ્કીમ અંતર્ગત હોકી ટર્ફ, એથ્લીટ ટ્રેક, ઇનડોર સ્પોર્ટ્સ હોલ જેવી સુવિધાઓ તૈયાર કરવામાં આવી રહી છે.
- યુવાનોને રોજગાર પૂરો પાડવાનું અત્યાર સુધીનું સૌથી મોટું ભરતી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પ્રથમ તબક્કામાં આશરે 19,000 પોસ્ટ માટે એસએસબીએ જાહેરાત આપી છે. બીજા તબક્કામાં 15,000થી વધુ ખાલી જગ્યાઓને ઓળખી કાઢવામાં આવી છે.

## સુશાસન માટે સુધારા



ઇ-ઓફિસ દ્વારા વહીવટીતંત્રને સંપૂર્ણ રીતે પેપરલેસ કરવાની ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. પ્રથમ વાર જમ્મુ કાશ્મીરના ઇતિહાસમાં 150 વર્ષ જૂની 'દરબાર મુવ' પ્રથા બંધ કરવામાં આવી છે. છ-છ મહિના માટે બે રાજધાની હોવાને કારણે 'દરબાર મુવ' એટલે કે ટ્રકોમાં બધો સામાન લાદીને બીજી રાજધાનીમાં લઈ જવો પડતો હતો. આને કારણે સરકારી ખર્ચ વધી જતો હતો. હવે ઇ-ફાઇલ્સ અને ઇ-ઓફિસને કારણે આશરે રૂ. 400 કરોડની બચત થશે. ફરિયાદના નિવારણ માટે મોનિટરીંગ સિસ્ટમ JKIGRAMS શરૂ કરવામાં આવી. સપ્ટેમ્બર 2020માં લોંચ કરવામાં આવેલી આ સિસ્ટમમાં અત્યાર સુધી 85,000થી વધુ ફરિયાદો નોંધવામાં આવી છે. આ તંત્ર દ્વારા ફરિયાદ ઉકેલનો દર 92 ટકા જેટલો ઊંચો છે. છેલ્લાં છ મહિનામાં આ દર 52 ટકાથી વધીને 92 ટકા પર પહોંચ્યો છે.

## સફરજન અને પર્યટન



સફરજન માટે માર્કેટ ઇન્ટરવેન્શન સ્કીમ લાગુ કરવામાં આવી છે. ડીબીટી દ્વારા ચૂકવણી અને કેન્દ્રીય ખરીદ એજન્સી દ્વારા પરિવહનને કારણે તેના ભાવ સ્થિર થયા છે. રાજ્યમાં સફરજનનો આઠ કરોડ રૂપિયાથી વધુનો વેપાર થાય છે અને પ્રત્યક્ષ રીતે 30 લાખ લોકો આ વેપાર સાથે સંકળાયેલા છે. કાશ્મીરી કેસરને જીઆઇ ટેગ આપવામાં આવ્યો છે.

## મહિલા સાહસિકો માટે 'હૌસલા'



29 જૂનનાં રોજ 'હૌસલા' નામની પહેલ કરવામાં આવી, જેથી રાજ્યની મહિલા ઉદ્યોગ સાહસિકોના સપનાઓને પાંખો મળે. આ યોજના દ્વારા મહિલાઓને આર્થિક સહાય આપવામાં આવે છે, તેમને બેન્કો, ઇ-કોમર્સ પ્લેટફોર્મ સાથે જોડવામાં આવે છે, મહિલા ઉદ્યોગસાહસિકોને વેપાર પ્રદર્શનમાં સ્ટોલ ઉપલબ્ધ કરવામાં આવે છે. આજીવિકા મિશન અંતર્ગત ચાર લાખથી વધુ મહિલાઓને 46,000 સ્વ સહાય જૂથો સાથે જોડવામાં આવી. તેમને રૂ. 910 કરોડથી વધુ રકમનું ભંડોળ ઉપલબ્ધ કરવામાં આવ્યું.

## શિક્ષણની નવી કેડી

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અમલી બનાવવા માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. 70 વર્ષમાં પહેલી વાર રાજ્યમાં 20,000 વધારાની સીટ સાથે 50 નવી કોલેજ શરૂ કરવામાં આવી રહી છે. પ્રથમ વાર વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય કાર્ડ યોજના શરૂ થઈ, 12 લાખ કાર્ડ ઇશ્યુ થયા. 38,000 શિક્ષકોને નિયમિત કરવામાં આવ્યા, 4,000થી વધુ શાળાઓને સોલર પાવરથી જોડવામાં આવી અને 607 વોકેશનલ લેબ સ્થાપવામાં આવી. ધોરણ એકથી પાંચના પાઠ્યપુસ્તકોનો ડોગરી, હિન્દી, કાશ્મીરી અને ઉર્દુમાં અનુવાદ કરવામાં આવ્યો. આઠ વર્ષ પછી 1700 લેક્ચરર્સ અને 15 વર્ષ પછી 1200 પ્રિન્સિપાલનું પ્રમોશન થયું.

રહેતા લોકોને સ્થાનિક નિવાસી પ્રમાણપત્ર પણ આપવામાં આવી રહ્યા છે. ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના 'ઇન્સાનિયત, જમ્હૂરિયત ઔર કાશ્મીરિયત'ના સિધ્ધાંતને આત્મસાત કરીને કેન્દ્ર સરકાર આગળ વધી રહી છે. લડાખને કાર્બન-મુક્ત કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે વિકસાવવાની દિશામાં ઝડપથી કામ ચાલી રહ્યું છે.

### આતંકમુક્ત-વિકાસયુક્ત કાશ્મીર

જમ્મુ-કાશ્મીર અને લડાખને દેશના બાકીના ભાગો સાથે જોડવાનું શક્ય બન્યું છે. ૫ ઓગસ્ટ, 2019નાં રોજ સંસદે 370મી કલમને નાબૂદ કરીને રાજ્યને બે કેન્દ્રશાસિત



જમ્મુ-કાશ્મીર મુદ્દે સર્વપક્ષીય બેઠક બાદ પીએમઓમાં રાજ્યમંત્રી ડો. જીતેન્દ્ર સિંહનું સત્તાવાર નિવેદન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

# સીમાંકન અને ચૂંટણીની દિશામાં પગલાં..

જમ્મુ-કાશ્મીરનો વિકાસ અને લોકશાહીને મજબૂત કરવા માટે સીમાંકન પ્રક્રિયા ઝડપી કરવામાં આવી છે, જેથી રાજ્યોને જલ્દી એક ચૂંટાયેલી સરકાર મળી શકે. આ દિશામાં 24 જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે મહત્વની બેઠક બોલાવી. વડાપ્રધાનની આ પહેલ જમ્મુ-કાશ્મીરને વિક્સિત અને પ્રગતિશીલ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. આ બેઠકમાં વડાપ્રધાને સ્પષ્ટ સંદેશો આપ્યો કે રાજ્યમાં પાયાના સ્તર પર લોકશાહીને મજબૂત કરવી તેમની પ્રાથમિકતા છે. વડાપ્રધાને જમ્મુ-કાશ્મીરના નેતાઓને જણાવ્યું કે, યુવાનોએ રાજ્યનું નેતૃત્વ કરવાની પહેલ કરવી જોઇએ. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તમામ નેતાઓને જમ્મુ-કાશ્મીરની સુધરી રહેલી સ્થિતિ અંગે માહિતગાર કર્યા. તમામ પક્ષોએ પોતાની વાત પણ મૂકી. વડાપ્રધાને બેઠકમાં બે મોટી વાતો પર વિશેષ ભાર મૂક્યો. તેમનું કહેવું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં લોકશાહીને છેવાડાના સ્તર સુધી લઈ જવા માટે બધાંએ સાથે મળીને કામ કરવું પડશે. જમ્મુ-કાશ્મીરનો સર્વાંગી વિકાસ થાય, દરેક વિસ્તાર, દરેક સમુદાય સુધી વિકાસ પહોંચે, તે માટે ભાગીદારી થાય અને લોક ભાગીદારીનું વાતાવરણ ઊભું કરવામાં આવે. જમ્મુ-કાશ્મીર અંગે કેન્દ્ર સરકારની આ પહેલનું કારણ પંચાયતી રાજથી માંડીને સ્થાનિક સુધરાઈઓની ચૂંટણીને સફળતાપૂર્વક પાર પાડવાનું અને રાજ્યમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ સર્જવાનું છે. પંચાયતની ચૂંટણી બાદ આશરે રૂ. 12,000 કરોડ સીધા પંચાયતો પાસે પહોંચ્યા છે. આનાથી ગામડાંમાં વિકાસને ગતિ મળી છે. સીમાંકન પ્રક્રિયામાં દરેક વિસ્તાર, દરેક વર્ગને, ખાસ કરીને અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાત વર્ગોને વિધાનસભામાં પૂરતું પ્રતિનિધિત્વ મળે તેવો હેતુ કેન્દ્ર સરકારનો છે.

પ્રદેશોમાં વહેંચવાની મંજૂરી આપી ત્યારે જ રાજ્યના વિકાસનો પાયો નખાયો હતો. તમામ વિચારધારાઓ અને સૂફી પરંપરા પ્રત્યે સર્વ ધર્મ સમભાવ જ જમ્મુ કાશ્મીરની સાચી ઓળખ છે. દાયકાઓ સુધી આ વિસ્તાર બંદૂકો, બોમ્બ, આંતક અને અલગતાવાદથી પીડાતો રહ્યો છે. આ સ્થિતિમાં, કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતાને કારણે બંને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિકાસની ગતિ ઝડપી થઈ છે. હવે કેન્દ્ર સરકારની યોજના રાજ્યના 90 ટકા વિસ્તારોમાં પહોંચી ગઈ છે. 76 ટકા વિસ્તારમાં કોવિડ રસીકરણ થઇ ચૂક્યું છે. જમ્મુ-કાશ્મીરના ચાર જિલ્લામાં 100 ટકા રસીકરણ થયું છે. નવા

# સમગ્ર દેશમાં એક વ્યવસ્થા લાવવા માટેનાં પગલાં

**ભારતના યુવાનો માત્ર સારાં શહેર નથી ઈચ્છતા, તેઓ સારા ગામડાં પણ ઈચ્છે છે. અલગ અલગ સુવિધાઓને ભેગી કરીને કેન્દ્રીયકૃત વ્યવસ્થા ઊભી કરવા સરકારે અનેક પગલાં લીધાં છે. છેલ્લાં સાત વર્ષમાં કેન્દ્ર સરકારે લીધેલાં પગલાંને કારણે લોકોનું જીવન સગવડદાયક બન્યું છે.**




- **વન નેશન વન મોબિલિટી કાર્ડ**
  સમગ્ર દેશમાં મેટ્રો, બસ, કેબ, મોનો રેલ અને તમામ અર્બન રેલવેમાં રાષ્ટ્રીય કોમન મોબિલિટી કાર્ડ (NCMC) એટલે કે એક જ કાર્ડથી તમામ પ્રકારના પરિવહન સાધનોમાં મુસાફરીની સુવિધા.
- **એક દેશ એક કૃષિ બજાર**
  સમગ્ર દેશમાં કૃષિ સુધારા અને ઈ-નામ દ્વારા વન નેશન, વન એગ્રીકલ્ચર માર્કેટની દિશામાં દેશ આગળ વધી રહ્યો છે
- **વન નેશન વન રેશન કાર્ડ**
  એક જ રેશન કાર્ડથી લાભાર્થીઓને દેશમાં કોઇ પણ રેશનિંગની દુકાનમાંથી અનાજ લેવાની સુવિધા મળી
- **એક દેશ એક પાવરગ્રિડ**
  એક દેશ, એક પાવરગ્રિડ દ્વારા દેશનાં દરેક વિસ્તારમાં પૂરતી વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે



- **એક દેશ એક ગેસ ગ્રિડ**
  એક દેશ એક ગેસ ગ્રિડને કારણે દેશનાં તમામ વિસ્તારોમાં અવિરત ગેસ કનેક્ટિવિટી સુનિશ્ચિત
- **વન નેશન વન હેલ્થ ઈન્શ્યોરન્સ**
  દેશના 50 કરોડ ગરીબ લોકોને દેશમાં કોઈ પણ સ્થળે રૂ. પાંચ લાખ સુધીની સારવારનો લાભ
- **વન નેશન વન ફાસ્ટટેગ**
  આને કારણે દેશના ધોરી માર્ગો પર ટોલ ટેક્સ બુથ પર રોકાયા વિના મુસાફરી કરી શકાય છે
- **એક દેશ એક ટેક્સ**
  જીએસટી અમલી બન્યા બાદ 'વન નેશન વન ટેક્સ'નું સપનું સાકાર
- **એક દેશ એક પરીક્ષા**
  નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી દ્વારા પરીક્ષાનું આયોજન. આ એજન્સી દ્વારા સરકારી નોકરી માટે અલગ અલગ પરીક્ષા આપવામાંથી મુક્તિ

**"આજે દરેક ભારતીય કહી શકે છે કે એક દેશ-એક કાયદો. આપણે સરદાર સાહેબના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સપનાને સાકાર કરવામાં જોડાઈ ગયા છીએ. આપણે એવી વ્યવસ્થા વિકસાવીએ જે દેશની એકતાને બળ આપે અને આ પ્રક્રિયા સતત ચાલતી રહેવી જોઈએ**

**-- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

જમ્મુ-કાશ્મીર અને લડાખની પ્રગતિની ઝડપ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સંસદમાં આપેલા વક્તવ્યને અક્ષરશઃ સાચી સાબિત કરી રહી છે કે 370મી કલમ ઐતિહાસિક ભૂલ હતી, જેને 5 ઓગસ્ટ, 2019નાં રોજ સુધારીને સાચા અર્થમાં રાષ્ટ્રનું એકીકરણ કરવામાં આવ્યું છે.

એક સમયે પુલવામા નામ આતંકવાદની યાદ અપાવતું હતું, આજે ત્યાંનું ઉક્ખુ ગામ પેન્સિલ માટે જાણીતું છે. પેન્સિલ માટે વપરાતું 90 ટકા લાકડું આ ગામમાં ઉત્પન્ન થાય છે. જમ્મુ-કાશ્મીર અને લડાખ એક નવી સવાર અને ઉજ્જવળ ભાવિ માટે તૈયાર છે. ●

# વન મિશન-વન ડાયરેક્શનથી છેવાડા સુધી આઝાદી

# નયા ભારત

**સુશાસન અને 'સબકા સાથ સબકા વિકાસ'ને મંત્ર બનાવીને સતત પ્રગતિના પંથ પર ચાલીને દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવાની દ્રષ્ટિ સાથે પ્રથમ વાર કોઈ કેન્દ્ર સરકારે છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડીને જનતાને સાચા અર્થમાં આઝાદીનો અહેસાસ કરાવ્યો છે. જે ભારતના નિર્માણ માટે સ્વતંત્રતા સેનાનીઓએ સંઘર્ષ કર્યો હતો તેમને 2022માં દેશની આઝાદીના 75 વર્ષ પ્રસંગે તેમનાં સપનાનું ભારત સમર્પિત કરવામાં આવશે. આ સંકલ્પને સાકાર કરવા માટે કેન્દ્ર સરકારે આઝાદીના 75મા વર્ષ માટે 75 લક્ષ્ય નક્કી કર્યા હતા, જેને સાકાર કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. 25 વર્ષ પછી દેશ આઝાદીનો શતાબ્દી સમારોહ મનાવતો હશે ત્યારે વિકાસના મજબૂત પાયા સાથે ભારત વિકાસશીલ દેશમાંથી વિક્સિત દેશની હરોળમાં ઊભો રહી શકે તેવા નિર્ધાર સાથે સરકાર કામ કરી રહી છે.**

સરકારે શું કર્યું તે તેની પરીક્ષા નથી હોતી, પણ છેવાડાના માનવી સુધી કામ થયું કે નહીં તે મહત્વનું છે. આઝાદી પછી આવું પ્રથમ વાર બન્યું હશે કે કોઈ સરકાર પોતાના કાર્યકાળના મધ્યમાં પોતાનાં કામકાજનો હિસાબ આપવાનું સાહસ કરવા જઈ રહી હોય. ભારતને સમૃધ્ધ બનાવવા, સામાન્ય માણસનું જીવન સરળ બનાવવા, લોક ભાગીદારી વધારવા લોકશાહીના મૂલ્યોને મહત્વ આપીને કેન્દ્ર સરકાર આગામી 25 વર્ષોની રૂપરેખા બનાવવા પર કામ કરી રહી છે, જેથી 2047માં દેશ આઝાદીની 100મી વર્ષગાંઠ મનાવતો હોય ત્યારે એટલી મજબૂત સ્થિતિમાં મૂકાઈ જાય કે તેની ગણતરી વિકાસશીલ દેશોની શ્રેણીમાંથી વિક્સિત દેશોની શ્રેણીમાં થાય. કોઈ પણ મજબૂત ઈમારત માટે મજબૂત પાયાની જરૂર પડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો, "અમે પ્રથમ વાર સાહસ કર્યું છે કે અમારી પાસે વચગાળાનો હિસાબ પણ લેવામાં આવે. 2022માં જ્યારે આઝાદીના 75 વર્ષ પૂરાં થશે, ત્યારે સ્વતંત્રતા સેનાનીઓને તેમનાં સપનાનું ભારત સમર્પિત કરવા માટે સરકારે 75 લક્ષ્ય નિર્ધારિત કર્યા છે. " વાસ્તવમાં, નવા ભારતની દિશામાં ડગલાં વધારતાં કેન્દ્ર સરકારે આઝાદીના 75 વર્ષ પૂરા થાય ત્યારે 75 સંકલ્પોને પૂરા કરવાનો લક્ષ્ય નક્કી કર્યો છે, જે નવા ભારતનો પાયો બનશે. દરેક ઘરમાં પીવાનાં સ્વચ્છ પાણી માટે જલ જીવન મિશન જેવી કેટલીક યોજનાઓ પૂરી કરવા 2024નું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ સ્વાતંત્ર્ય દિવસે દેશ 75માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે ત્યારે એ 75 લક્ષ્યની દિશામાં દેશની પ્રગતિ પર ઊડતી નજરઃ



# ખેડૂતો માટે નવા યુગની શરૂઆત

## .... જેથી 2022 સુધી ખેડૂતોની આવક બમણી થાય

**આત્મનિર્ભર કૃષિ આત્મનિર્ભર ભારતનો મૂળ આધાર છે. ખેડૂતોને તેમની ઉપજની પડતર કરતાં દોઢ ગણો ટેકાનો ભાવ આપવાનો હોય કે પછી 2022 સુધી ખેડૂતોની આવક બમણી કરવાની હોય. આ માત્ર વાયદો નથી, સરકારનો સંકલ્પ છે. હવે કૃષિને ઉદ્યોગ જેવું માળખું આપવા, ખેડૂતોને વચેટિયાઓથી મુક્તિ અપાવીને તેમની ઉપજને પોતાની મરજી પડે ત્યાં વેચવાની છૂટ આપવા કાનૂની કવચ પુરું પાડવામાં આવ્યું છે, જેથી ખેડૂત ખુશ અને આત્મનિર્ભર બને અને આત્મનિર્ભર ભારતનો મુખ્ય હિસ્સો બને. આ માટે કેન્દ્ર સરકાર વિવિધ યોજનાઓ દ્વારા વાવણી પહેલાં, વાવણી દરમિયાન અને વાવણી પછીના તબક્કામાં ખેડૂતોની દરેક જરૂરિયાતનો ખ્યાલ રાખે છે.**

### સંકલ્પ 01

**2022 સુધી ખેડૂતોની આવક બમણી કરવી**

**પ્રગતિ** એમએસપી દોઢ ગણી વધી. ટેકાના લઘુતમ ભાવ હતા, છે અને ચાલુ રહેશે. દેશમાં પ્રથમ વાર ખેડૂતોની આવક બમણી કરવા માટે મોદી સરકારે પાકના ઉત્પાદન મૂલ્યના દોઢ ગણા ભાવે એમએસપી રાખી.

### સંકલ્પ 03

**60 વર્ષની ઉંમર પછી ખેડૂતોને સામાજિક સલામતી અને સીમાંત ખેડૂતોને પેન્શન**

**પ્રગતિ** પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના અંતર્ગત નાના અને સીમાંત ખેડૂતોને 60 વર્ષની ઉંમર પૂરી થયા બાદ પ્રતિ માસ રૂ. 3,000નું પેન્શન. ખેડૂતોના ફાળા જેટલી જ રકમ સરકાર પણ આપે છે. મે, 2021 સુધી 21 લાખથી વધુ ખેડૂતોની નોંધણી.

### સંકલ્પ 02

**10,0000 નવા ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)ની સ્થાપના કરવામાં મદદ.**

**પ્રગતિ** દેશના 86 ટકા ખેડૂતો નાના અને સીમાંત છે, જેમની પાસે 1.1 હેક્ટરથી ઓછી જમીન છે. આ નાના, સીમાંત ખેડૂતો અને જમીનવિહોણા ખેડૂતોની મદદ માટે રૂ. 6865 કરોડની કેન્દ્રીય યોજનાની સાથે સાથે 10,000 એફપીઓની રચનાને મંજૂરી આપવામાં આવી, જેથી ખેડૂતો પોતાનું જૂથ બનાવી શકે અને ભવિષ્યમાં ભારપૂર્વક પોતાની વાત રજૂ કરી શકે. એક જિલ્લો-એક ઉત્પાદન ક્લસ્ટર અંતર્ગત એફપીઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

### સંકલ્પ 04

**પીએમ કિસાન સન્માન નિધિમાંથી તમામ ખેડૂતોને નાણાંકીય સહાય આપવી**

**પ્રગતિ** ખેડૂતો માટે વરદાન સાબિત થયેલી સન્માન નિધિ અંતર્ગત વર્ષમાં ત્રણ વાર રૂ. 2,000ની આર્થિક સહાય સીધી ખાતામાં જમા કરવામાં આવે છે. 1 ડિસેમ્બર, 2018થી લાગુ આ યોજના અંતર્ગત મે, 2021 સુધી 11 કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. 1.35 લાખ કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી ચૂકી છે.





## સંકલ્પ 05

**ઈ-નામ, ગ્રામ દ્વારા લઘુતમ ટેકાના ભાવ માટે પૂરતા બજારની તક**

**પ્રગતિ**

**1.13** લાખ કરોડ રૂપિયાથી વધુ ટ્રાન્ઝેક્શનની સુવિધા મળી

**1.73** કરોડથી વધુ ખેડૂતો, વેપારીની નોંધણી

એક દેશ, એક કૃષિ બજાર માટે સંસદમાં કાયદો બન્યો. તેનું કવરેજ વધીને 1,000 એપીએમસી બજારો સુધી પહોંચ્યું

## સંકલ્પ 06

**પાકનો સિંચાઇ વિસ્તાર વધારવો**

**પ્રગતિ** સોઇલ હેલ્થ કાર્ડ, સિંચાઈની સુવિધા, પાક વીમો જેવી અનેક પહેલથી 23 એપ્રિલ, 2021 સુધી દેશમાં ઉનાળુ પાક વિસ્તાર 73.76 લાખ હેક્ટર થયો, જે તેનાં એક વર્ષ પહેલાં 60.67 લાખ હેક્ટર હતો. કઠોળ પાકનો વાવેતર વિસ્તાર 6.45 લાખ હેક્ટરથી વધીને 12.75 લાખ હેક્ટર થયો, જે લગભગ 100 ટકા વધુ છે. તેલિબિયાંનો વાવેતર વિસ્તાર 9.03 લાખ હેક્ટરથી વધીને 10.45 લાખ હેક્ટર થયો.

**અનાજના વાવેતરનો વિસ્તાર 39.19 લાખ હેક્ટર થયો, 16 ટકાની વૃદ્ધિ**

## સંકલ્પ 07

**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત તમામ સિંચાઇ યોજનાઓને પૂરી કરવી**

**પ્રગતિ** ખેતરમાં પાણીના વપરાશની કાર્યક્ષમતા વધારવા માટે ખેડૂતો દ્વારા સુક્ષ્મ સિંચાઈ પ્રણાલિને અપનાવવા અને તેના વિકાસ અને વિસ્તાર માટે નાબાર્ડ અંતર્ગત રચાયેલા સુક્ષ્મ સિંચાઇ ભંડોળની રૂ. 5,000 કરોડની પ્રારંભિક મૂડી બમણી કરવાની જાહેરાત બજેટમાં કરવામાં આવી છે. આ અંતર્ગત આંધ્રપ્રદેશ, ગુજરાત, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, પંજાબ અને ઉત્તરાખંડમાં રૂ. 3970.17 કરોડના પ્રોજેક્ટ માટે ઋણની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત 12.83 લાખ હેક્ટર ક્ષેત્રને સુક્ષ્મ સિંચાઇ હેઠળ લાવવામાં આવશે.

## સંકલ્પ 08

**સરળ અને ઓછા વ્યાજ દરે ઋણ ઉપલબ્ધ કરાવવું**

**પ્રગતિ** તમામ ખેડૂતોને સંસ્થાકીય ધિરાણ સાથે જોડવાનાં ભાગ રૂપે 2021-22 માટે ગ્રાઉન્ડ લેવલ ક્રેડિટ (GLC) માટે રૂ. 16.50 લાખ કરોડનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. 2013-14થી 2019-20 સુધી GLC નું લક્ષ્ય રૂ. સાત લાખ કરોડથી વધીને રૂ. 13.50 લાખ કરોડ થયું છે. ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડના દાયરામા લાવવા માટે ફેબ્રુઆરી, 2020થી એક વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત 29 જાન્યુઆરી, 2021 સુધી દેશભરના ખેડૂતોને રૂ. 1.76 લાખ કરોડની ખર્ચ મર્યાદા સાથે 187.03 લાખ કિસાન ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.



"પહેલાં બિયારણ ખરીદવા અને વાવણી માટે ઋણ લેવું પડતું હતું, પણ હવે સ્થિતિ બદલાઇ ગઈ છે. પ્રધાનમંત્રી સન્માન નિધિ યોજના અંતર્ગત આર્થિક સહાય મળવાથી હવે ઋણ નથી લેવું પડતું. ખેડૂતોના કલ્યાણ માટે કરવામાં આવેલી આ પહેલ માટે વડાપ્રધાનનો આભાર."
-નરેશ, રિયાસી (જમ્મુ)

**કૃષિ નિકાસ**
**40**
**અબજ ડોલરથી વધીને 2022 સુધી 60 અબજ ડોલર થશે**

**કૃષિ યાંત્રિકરણ**
સબ મિશન ઓન એગ્રીકલ્ચર મિકેનાઇઝેશન (SMAM)ના માધ્યમથી કૃષિ યાંત્રિકરણમાં પરપ્રાંતીય શ્રમિકોનાં કૌશલ્ય વિકાસ માટે વિશેષ અભિયાન

## સંકલ્પ 09 કૃષિ વિસ્તારની માળખાગત સુવિધાઓનું વિસ્તરણ

**પ્રગતિ** કૃષિને ઉદ્યોગની જેમ વિક્સિત કરવા માટે એક લાખ કરોડ રૂપિયાના એગ્રી ઈન્ફ્રા ફન્ડની સ્થાપના કરવામાં આવી છે, જેથી લણણી પછીની વ્યવસ્થા માટે માળખાકીય સુવિધા અને સામુદાયિક ખેતી સંપત્તિનું નિર્માણ અને વિકાસ થાય. જેમ કે ખેતરોની નજીક કોલ્ડ સ્ટોરેજની સુવિધા સ્થાપવામાં આવશે. કોઈ પણ ઋતુમાં વાહનોની હેરફેર ચાલુ રહી શકે તે માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની ઝડપ વધારવામાં આવી અને યોજનાના ત્રીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી. 1.25 લાખ કિલોમીટર ગ્રામીણ રસ્તાઓને મજબૂત કરવા માટે રૂ. 80,000 કરોડથી વધુ રકમની ફાળવણી.



## સંકલ્પ 10

**સ્વીટ રીવોલ્યુશનની સાથે આવક વધારવા માટે અન્ય કૃષિ ક્ષેત્રો પર ભાર મૂકવો**

**પ્રગતિ** આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત જૂન, 2020માં રાષ્ટ્રીય મધમાખી ઉછેર અને મધ મિશન શરૂ કરવામાં આવ્યું.

**500** કરોડ રૂપિયા આ ક્ષેત્રમાં ફાળવવામાં આવ્યા. 2020-23 સુધી

દેશમાં મધમાખી ઉછેર કેન્દ્રોના વિકાસ માટે આગામી ત્રણ વર્ષમાં રૂ. 500 કરોડની ફાળવણી. સમગ્ર ભારતમાં મધમાખીના લાખો બોક્સ ઉપલબ્ધ કરવામાં આવ્યા. આવક વધારવા માટેની પ્રવૃત્તિઓમાં 100થી વધુ કિસાન રેલની શરૂઆત થઈ ચૂકી છે.

## સંકલ્પ 11

**જૈવિક ખેતીના ક્ષેત્રમાં નવી દ્રષ્ટિ સાથે ખેડૂતોની આવક અને નિકાસ વધારવા પર ભાર**



**પ્રગતિ** આ અંતર્ગત છ લાખ હેક્ટર વિસ્તારને આવરી લેવામાં આવ્યો. વધારાના 25 લાખ હેક્ટરને આવરી લેવાની યોજના. પૂર્વોત્તર રાજ્યોમાં 169 એફપીઓના 80,000 ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને મદદ કરવામાં આવી. આ રાજ્યોમાં 2019ની સરખામણીમાં જુલાઈ 2020માં જૈવિક પેદાશોની નિકાસમાં 78 ટકા વધારો થયો. જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે 2015માં પરંપરાગત કૃષિ યોજના શરૂ કરવામાં આવી- અત્યાર સુધી 2.20 લાખ હેક્ટર જમીનને આ યોજના અંતર્ગત લાવવામાં આવી છે.

## સંકલ્પ 14

**કૃષિને આધુનિક પધ્ધતિઓથી જોડીને પાકની હેરફેર સહિતના ક્ષેત્રોમાં સંસ્થાકીય સુધારો કરવો**

**પ્રગતિ**

### કિસાન રેલ

દૂધ, ફળ, શાકભાજી જેવી નાશવંત વસ્તુઓ માટે નેશનલ કોલ્ડ સપ્લાય ચેઈન ખેડૂતોને તેમની ઉપજનું પૂરતું વળતર અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

### કૃષિમાં સ્ટાર્ટ અપ

ખેડૂતોની આવક વધારવા અને યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં 346 સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન



## સંકલ્પ 12

**લેન્ડ રેકોર્ડનું ડિજિટાઈઝેશન કરવું, જેથી ખેડૂતોને તેમના અધિકાર મળે**

**પ્રગતિ** કૃષિમાં ડિજિટાઈઝેશનના મહત્વને ધ્યાનમાં લઈને ખેડૂતોનો દેશવ્યાપી ડેટાબેઝ તૈયાર થઈ રહ્યો છે. તેને ખેડૂતોના લેન્ડ રેકોર્ડ સાથે જોડવામાં આવશે અને યુનિક કિસાન આઈડી આપવામાં આવશે. આશરે પાંચ કરોડ ખેડૂતોની માહિતીનો ડેટાબેઝ તૈયાર થયો છે. ગામડાઓમાં રહેણાંકની જમીનનાં રેકોર્ડનું ડિજિટાઈઝેશન કરવા પ્રધાનમંત્રી સ્વામિત્વ યોજનાની શરૂઆત કરવામાં આવી. એપ્રિલ 2024 સુધી તમામ 6.62 લાખ ગામડાંને આવરી લેવામાં આવશે.

## સંકલ્પ 15

**નવી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત સંગ્રહ ક્ષમતા, સુવિધાઓ દ્વારા માછીમારોને મદદ**

**પ્રગતિ** રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ- 'ફુટ એન્ડ માઉથ' (ખરવામોવાસા) અને બ્રુસેલોસિસ જેવા રોગ સામે 50 કરોડથી વધુ પશુઓના મફતમાં રસીકરણ માટે 13,343 કરોડ રૂપિયા. પશુપાલન ક્ષેત્રના માળખાકીય વિકાસ માટે 15,000 કરોડ રૂપિયા. બ્લુ રીવોલ્યુશન અંતર્ગત મત્સ્યપાલનના વિકાસની વ્યાપક સંભાવનાને જોતાં મત્સ્ય, પશુપાલન અને ડેરી માટે અલગ મંત્રાલય સ્થાપવામાં આવ્યું. રૂ. 20,000 કરોડનાં રોકાણથી પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના શરૂ કરવામાં આવી.

## સંકલ્પ 13

**બાગાયતમાં નવી ટેકનિક સાથે પરંપરાગત કૃષિ પર પણ ધ્યાન આપવું, જેથી સુવિધાઓની નવી શરૂઆત થઈ શકે**

**પ્રગતિ**



### બાગાયત

છેલ્લાં કેટલાંક વર્ષોમાં બાગાયત ક્ષેત્રમાં રૂ. 10,508 કરોડનું રોકાણ, 8.83 લાખ ખેડૂતોને બાગાયત અંગેની ટેકનિકલ તાલીમ આપવામાં આવી



### પરંપરાગત કૃષિ

15 લાખ સીમાંત ખેડૂતોએ પાર્ટિસિપેટરી ગેરન્ટી સિસ્ટમ ફોર ઈન્ડિયા (PGS) સર્ટિફિકેશન અપનાવ્યું

### રાષ્ટ્રીય ગોકુળ મિશન

20 ગોકુળ ગ્રામ સ્થાપવામાં આવી રહ્યા છે અને 41 બુલ મધર ફાર્મનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.



# યુવાનોની મહત્વાકાંક્ષાઓને મળી નવી ઓળખ

**ભારતની સૌથી મોટી સંપત્તિ દેશનું યુવાધન છે. દેશની આશરે 65 ટકા વસતિ 35 વર્ષથી ઓછી વયની છે, તો 50 ટકાથી વધુ વસતિ 27 વર્ષથી ઓછી વયની છે. યુવાનોમાં મહત્વાકાંક્ષા છે અને દેશ માટે કંઈક કરવાની ક્ષમતા તેમજ ઉત્સાહ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે તેની નીતિઓમાં યુવાનોને ધ્યાનમાં રાખ્યા છે, જેથી સશક્ત યુવાનો વિશ્વમાં ભારતનું ગૌરવ વધારી શકે. સરકારે 34 વર્ષ પછી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડી છે, જે અંતર્ગત શિક્ષણ વ્યવસ્થામાં મોટું પરિવર્તન આવશે....**

## સંકલ્પ 16

**કૌશલ્ય વિકાસ દ્વારા યુવાનોની કારીગરી વિકસાવવી**

**પ્રગતિ** ‘સ્કિલ, રિ-સ્કિલ અને અપ-સ્કિલ’ નવા ભારતના યુવાનોનો મંત્ર બની ચૂક્યો છે. સ્કિલ ઈન્ડિયા મિશન અંતર્ગત ‘કૌશલ ભારત-કુશલ ભારત’ યોજનામાં અત્યાર સુધી પાંચ કરોડથી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવી ચૂકી છે. 5,000 નવી આઈટીઆઈ, 720થી વધુ પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્રની સાથે 33 રાષ્ટ્રીય કૌશલ્ય તાલીમ સંસ્થાઓ ખોલવામાં આવી છે, જ્યાં તાલીમ બાદ પ્રમાણપત્ર, નોકરીમાં મદદ અને સ્વરોજગાર માટે ઋણમાં મદદ જેવી સુવિધા આપવામાં આવી રહી છે.

**“**

**વિશ્વને 21મી સદીના ભારત પાસે ઘણી આશા છે. ભારત સમગ્ર વિશ્વને પ્રતિભા અને ટેકનોલોજી પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આ જવાબદારીને સમજે છે. આપણે વિશ્વ માટે આ ભૂમિકા નિભાવવાની છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચવવામાં આવેલા ઉકેલનો ઉદ્દેશ્ય આધુનિક ટેકનોલોજી અંગે વિશિષ્ટ અભિગમ કેળવવાનો છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



## સંકલ્પ 17 શાળાઓને “ઓપરેશન ડિજિટલ બોર્ડ’ અંતર્ગત લાવવાની દિશામાં કાર્ય

**પ્રગતિ** દેશમાં ગુણવત્તાપૂર્ણ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ફેબ્રુઆરી, 2019માં ઓપરેશન ડિજિટલ બોર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો. આ અંતર્ગત ત્રણ વર્ષનાં પ્રથમ તબક્કામાં સરકારી અને સરકારી અનુદાન મેળવતી શાળાઓમાં ધોરણ 9થી કોલેજ સુધીના ક્લાસ રૂમને ડિજિટલ ક્લાસ રૂમમાં બદલવાની શરૂઆત થઈ ચૂકી છે. તેનો 60 ટકા ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવે છે. દેશભરમાં પાંચ લાખ ક્લાસ રૂમને બદલવાની શરૂઆત થઈ છે.

## સંકલ્પ 18 ‘રિવાઈટલાઈઝિંગ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ સિસ્ટમ ઈન એજ્યુકેશન’ (RISE) દ્વારા ઉચ્ચ શિક્ષણમાં રૂ. એક લાખ કરોડનું રોકાણ

**પ્રગતિ** સરકારનું ધ્યાન દેશમાં શિક્ષણમાં રિસર્ચ અને ઈનોવેશન પર છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ્ઞાન, સ્વયં અને સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન જેવા નવા પ્લેટફોર્મનો પ્રારંભ કરવામાં આવ્યો, તો મુખ્ય શૈક્ષણિક સંસ્થાઓમાં જનરલ અને રિસર્ચ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે રોકાણને પ્રોત્સાહન આપવાની સાથે સાથે વર્ષ 2022 સુધીમાં રૂ. એક લાખ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

## સંકલ્પ 19 ઉત્તમ મેનેજમેન્ટ, એન્જિનિયરીંગ સંસ્થાઓમાં બેઠકોની સંખ્યા વધારવાની દિશામાં કામ

**પ્રગતિ** સારા પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે સાત નવી આઈઆઈટી, 16 નવી આઈઆઈઆઈટી અને સાત નવી આઈઆઈએમ જેવી સંસ્થાઓ ખોલવામાં આવી છે.

## સંકલ્પ 20 દરેક બ્લોકમાં ઓછામાં ઓછી એક અટલ ટિન્કરીંગ લેબની સ્થાપના કરવી

## સંકલ્પ 21

### ભવિષ્યના શિક્ષણને ધ્યાનમાં રાખીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો પ્રારંભ

**પ્રગતિ|** કોઇ પણ પરિવર્તન માટે એક દાયકો પૂરતો છે. પણ ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે 34 વર્ષ સુધી રાહ જોવી પડી. 2020માં કેન્દ્રીય મંત્રીમંડળે તેને મંજૂરી આપી. હવે નીચેથી ઉપર સુધી સમગ્ર શિક્ષણ પ્રણાલિને બદલવાની તૈયારી ચાલી રહી છે, જેથી બાળકો ગોખે નહીં પણ શીખે. ઇનોવેશનથી માંડીને રિસર્ચ સુધીની પ્રક્રિયા તૈયાર કરવા નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનનો પાયો નાખવામાં આવ્યો છે, તો દરેક ભાષાને મહત્વ આપવામાં આવ્યું છે. શિક્ષણની કામગીરી સંભાળનાર માનવ સંસાધન વિકાસ મંત્રાલયનું નામ બદલીને શિક્ષણ મંત્રાલય કરવામાં આવ્યું છે.

**પ્રગતિ|** બાળકોના મનમાં ઉઠતા સવાલોમાંથી શોધ થઈ હોવાની વાતો તમે સાંભળી હશે. આ શોધ કરવા પ્રોત્સાહન આપી રહી છે અટલ ટિન્કરીંગ લેબ, જ્યાં આ બાળકોનો પરિચય ટેકનિક અને ઇનોવેશન સાથે કરાવવામાં આવે છે. પ્રતિ સ્કુલ રૂ. 20 લાખની મદદ દ્વારા અટલ ટિન્કરીંગ લેબની સ્થાપના કરવામાં આવી રહી છે. 10,000 અટલ ટિન્કરીંગ લેબ દ્વારા દેશના 94 ટકા જિલ્લા કવર કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી 7246 લેબ સ્થપાઈ ચૂકી છે. કોરોનાને કારણે સર્જાયેલી સમસ્યાઓ બાદ હવે બાકીની લેબને પણ જલ્દી સ્થાપિત કરવામાં આવી રહી છે.

## સંકલ્પ 22 યુવાનોને સ્વરોજગાર માટે પહેલ

**પ્રગતિ|** નોન-કોર્પોરેટ, બિન-કૃષિ, સુક્ષ્મ એકમોને રૂ. 10 લાખ સુધીનું ઋણ આપવા માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજના શરૂ કરવામાં આવી. આ અંતર્ગત અત્યાર સુધી રૂ. 31 કરોડથી વધુની લોન આપવામાં આવી છે. યુવાનોને ઇનોવેશન માટે નવું પ્લેટફોર્મ પૂરું પાડવા શરૂ કરવામાં આવેલા સ્ટાર્ટઅપ ઇન્ડિયા અભિયાન અંતર્ગત અત્યાર સુધી 52,000થી વધુ સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી છે. હવે 623 જિલ્લાઓમાં માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ સ્થપાયા છે.



# નવા ભારતમાં વિકાસની નવી શરૂઆત

**આપણે પુલ અને રસ્તા બનાવીએ છીએ ત્યારે માત્ર શહેર અને ગામડાંને જ નથી જોડતા. મહત્વાકાંક્ષાઓની સાથે સાથે સફળતા, આશાની સાથે તકો અને ખુશાલીને પણ જોડીએ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો નવા ભારતમાં માળખાકીય સુવિધાઓના વિકાસની નવી કહાની રજૂ કરે છે. નવો પુલ હોય કે રસ્તો, જળમાર્ગ હોય કે રેલ, કે પછી વિમાન સેવાથી માંડીને સરહદ સુધીના માળખાકીય વિકાસ માટે નવા માપદંડ નક્કી કરવામાં આવ્યા અને નિર્ધારિત સમય પહેલાં જ લક્ષ્ય હાંસલ કરવામાં આવ્યા. સરકાર આ દિશામાં આગળ વધીને 'ઇઝ ઓફ લિવિંગ'ની દિશામાં ક્રાંતિકારી પગલા ભરી રહી છે.**



## સંકલ્પ 23 દરેક પરિવારને પાકું મકાન

**પ્રગતિ|** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ '2022 સુધી 'બધાંને ઘર' (હાઉસિંગ ફોર ઓલ)નું વિઝન રજૂ કર્યું છે. છ વર્ષ પહેલાં આ દિશામાં પગલાં લેવાનો પ્રારંભ થયો. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત જૂન, 2021 સુધી મંજૂર થયેલા ઘરોની સંખ્યા 1.12 કરોડ છે, જેમાંથી અત્યાર સુધી 82.5 લાખ ઘરો નિર્માણાધીન છે અને 48.31 લાખ ઘરનું બાંધકામ પૂરું કરીને વિતરણ કરી દેવામાં આવ્યું છે. 2022 સુધી 2.95 કરોડ ગ્રામીણોને પાકું મકાન આપવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે, જેથી લાભાર્થી પરિવાર ગરિમાપૂર્ણ જીવન જીવી શકશે.



**2,30,01,080**

**ઘરોનું નિર્માણ થઈ ચૂક્યું છે અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત**

**31 માર્ચ, 2021 સુધી 1.92 કરોડ ગ્રામીણ મકાનના બાંધકામ માટે મંજૂરી મળી ચૂકી છે અને 1.36 કરોડ ઘરનું બાંધકામ પુરું થઈ ચૂક્યું છે.**

## સંકલ્પ 24

### ભારતમાલા પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને ઝડપથી પૂરો કરવો

**પ્રગતિ |** આ યોજના મહત્વના આર્થિક કેન્દ્રોને એક બીજા સાથે જોડે છે. તેમાં સરહદી, આંતરરાષ્ટ્રીય, દરિયાઇ અને બંદરોની કનેક્ટિવિટીને આવરી લેવામાં આવશે. આ યોજના માટે કુલ 65,000 કિલોમીટર લાંબા માર્ગો નક્કી કરવામાં આવ્યા છે.

**3.10** લાખ કરોડ રૂપિયાના રોકાણથી 22 ગ્રીનફિલ્ડ કોરિડોરનું નિર્માણ વર્ષ 2025 સુધી પુરું થઈ જશે.

2017થી 2022ના સમયગાળામાં ભારતમાલા પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં કુલ 34,800 કિલોમીટરના રસ્તાઓનું નિર્માણ કરવામાં આવશે. ફેબ્રુઆરી 2021 સુધી 3,800 કિલોમીટર રસ્તાઓનું નિર્માણ પુરું થઈ ચૂક્યું છે. માર્ચ 2022 સુધી 8,500 કિલોમીટર લાંબા રસ્તાઓ બનાવવામાં આવશે. 11,000 કિલોમીટર લાંબા આર્થિક કોરિડોરનું નિર્માણ કાર્ય પણ પુરું કરવામાં આવશે.

## સંકલ્પ 25 વધુમાં વધુ ગ્રામીણ પરિવારોને એલપીજી ગેસ કનેક્શન પુરા પાડવા.

**પ્રગતિ |** આઝાદીના 6 દાયકા સુધી એલપીજી (રાંધણ ગેસ)ની સુવિધા દેશના માત્ર 55 ટકા ઘરો પૂરતી મર્યાદિત હતી. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનામાં 8 કરોડ જોડાણો સાથે હવે દેશમાં 99.6 ટકા ઘરોમાં એલપીજી દ્વારા રસોઈ કરવામાં આવે છે. એલપીજી જોડાણોની સંખ્યામાં છ વર્ષમાં 43 ટકાનો વધારો થયો છે.

## સંકલ્પ 26 તમામ ગામોમાં વીજળીકરણ કરવું

**પ્રગતિ |** 15 ઓગસ્ટ 2015નાં રોજ લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના એક સપનાને પૂરાં કરવા માટેનો લક્ષ્ય નિર્ધારિત કર્યો, જેથી 1000 દિવસની અંદર દેશનાં એ 18,500 ગામડાંમાં વીજળી પહોંચાડી શકાય જ્યાં લોકો હજુ અંધારામાં રહે છે. આ લક્ષ્ય માત્ર 987 દિવસોમાં એટલે કે 13 દિવસ પહેલાં પૂરું કરી લેવામાં આવ્યું. દરેક ગામમાં વીજળી પહોંચાડવાનું લક્ષ્ય 99.93 ટકા પુરું કરી લેવામાં આવ્યું છે. એટલે કે 2.63 કરોડથી વધુ ઘરોમાં વીજળી પહોંચાડવામાં આવી છે.

## સંકલ્પ 27 દરેક નાગરિકનું બેંક ખાતું

**પ્રગતિ |** દરેક પરિવારમાં ઓછામાં ઓછું એક બેન્ક ખાતું ખોલાવવાના લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જનધન યોજનામાં હવે દરેક પુખ્ત વ્યક્તિનું બેન્ક ખાતું ખુલી ગયું છે. જુલાઈ 2021 સુધી 42.55 કરોડથી વધુ જનધન ખાતા ખૂલી ચૂક્યા છે.

> **મારું ગામ સરહદી વિસ્તારમાં છે. ગામ પૂરું થાય પછી સરહદ સુધી કોઇ વસતિ નથી. અમે દાયકાઓથી સરહદપારથી થતા ગોળીબારના ડરમાં જીવતા આવ્યા છીએ. હું મારી નબળી આર્થિક સ્થિતિને કારણે પાકું મકાન નહોતો બનાવી શકતો. વરસાદની મોસમમાં કાચા મકાનમાં પાણી આવી જતું હતું. પણ પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા પાકું મકાન મળવાથી એ સમસ્યા દૂર થઈ ગઈ છે. અમે ખુશ છીએ, ગરીબોને આશરો મળ્યો છે અને અમે પગભર થયા છીએ. હવે પાકું મકાન મળવાથી આ સમસ્યામાંથી છૂટકારો મળી ગયો છે.**
>
> **-આશિક હૂસૈન, પૂંચ, જમ્મુ કાશ્મીર**

## સંકલ્પ 28

### દરેક ઘરમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવી

**પ્રગતિ |** દેશના મોટા ભાગના ગામ ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર કરવામાં આવ્યા છે. 20 એપ્રિલ, 2021 સુધી દેશમાં 11 કરોડથી વધુ ઘરોમાં શૌચાલય બની ચૂક્યા છે.

**55** કરોડથી વધુ લોકોએ ખુલ્લામાં શૌચની આદતને છોડીને છેલ્લાં પાંચ વર્ષમાં શૌચાલયનો ઉપયોગ શરૂ કર્યો છે

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલા 'સબ કો શૌચાલય'ના નિર્ધારિત લક્ષ્યને ભારતે સમય કરતાં 11 વર્ષ પહેલાં હાંસલ કર્યું. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) કાર્યક્રમ ચાલુ છે, જેનું લક્ષ્ય છે પ્રત્યેક ગામમાં ઘન તથા પ્રવાહી કચરાનો યોગ્ય નિકાલ. આ માટે સરકારે પાંચ વર્ષ માટે રૂ. 1,40,881 કરોડના ભંડોળની જોગવાઈ કરી છે.



## સંકલ્પ 29

### 175 ગિગાવોટ અક્ષય ઊર્જાનું લક્ષ્ય હાંસલ કરવું

**પ્રગતિ** | ભવિષ્યની ઊર્જા જરૂરિયાતોને જોતાં વર્ષ 2022 સુધી 175 ગિગાવોટ અક્ષય ઊર્જાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. તેમાં સૂર્ય ઊર્જાથી 100 ગિગાવોટ, બાયોમાસથી 10 ગિગાવોટ અને નાના હાઇડ્રો પાવરથી પાંચ ગિગાવોટ વીજ ઉત્પાદનનો સમાવેશ થાય છે. 31 ઓક્ટોબર, 2020 સુધી ભારતની અક્ષય ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા (25 મેગાવોટથી ઉપરની જળવિદ્યુત યોજનાને બાદ કરતા) 89.63 ગિગાવોટ સુધી પહોંચી ગઈ.



## સંકલ્પ 30

### અંતર્દેશીય જળમાર્ગોની સંખ્યા વધારવી

**પ્રગતિ** | પરિવહન માટેના પૂરક, ઈકો-ફ્રેન્ડલી અને સસ્તા માધ્યમ તરીકે અંતર્દેશીય જળમાર્ગને પ્રોત્સાહન આપવા તેને રાષ્ટ્રીય જળમાર્ગ જાહેર કરવામાં આવ્યો છે. જળમાર્ગને પ્રોત્સાહન આપવા માટે પ્રારંભના ત્રણ વર્ષ માટે વોટરવેઝ યુસેઝ ચાર્જીસમાંથી મુક્તિ આપવામાં આવી છે.

**રાષ્ટ્રીય જળમાર્ગ**

| 2014 | 2020 | | |
|---|---|---|---|
| 05 | 111 | 24 | રાજ્યો સાથે જોડાયેલા આ જળમાર્ગોની કુલ લંબાઈ 20,275 કિમી |

- દેશમાં 7,500 કિલોમીટર લાંબા દરિયાકિનારાનો ઉપયોગ કરવા અને તેની આર્થિક સંભાવનાઓનો લાભ ઉઠાવવા માટે મોદી સરકારે સાગરમાલા પ્રોજેક્ટ દ્વારા બંદર આધારિત વિકાસને પ્રોત્સાહન આપ્યું.
- તેનાથી બંદરોનું આધુનિકીકરણ, નવા બંદરોનો વિકાસ, બંદરોની કનેક્ટિવિટી વધારવામાં, બંદરોનું ઔદ્યોગિકીકરણ અને દરિયાઈ સમુદાયના વિકાસમાં મદદ મળશે.
- હાલમાં રૂ. 30,000 કરોડથી વધુ રોકાણ ધરાવતા 121 પ્રોજેક્ટ પૂરા કરવામાં આવ્યા છે અને રૂ. ત્રણ લાખ કરોડથી વધુ રોકાણ ધરાવતા 201 પ્રોજેક્ટ્સ પર અમલ ચાલુ છે.

## સંકલ્પ 31 તમામ ઘરોમાં પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવું

**પ્રગતિ** | આઝાદીથી 2019 સુધી દેશનાં માત્ર 3.23 કરોડ પરિવારો પાસે જ નળનું જોડાણ હતું. તેથી, 15 ઓગસ્ટ, 2019નાં રોજ લાલ કિલ્લા પરથી દેશનાં તમામ ઘરમાં 'નલ સે જલ'નો સંકલ્પ લેવામાં આવ્યો. જુલાઈ 2021 સુધી 4.43 કરોડથી વધુ નવા પરિવારોને નળનું જોડાણ પૂરું પાડવામાં આવ્યું છે. વર્ષ 2024 સુધી કુલ 19.20 કરોડ પરિવારોને નળનું જોડાણ પૂરું પાડવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. ગોવા અને તેલંગાણામાં 100 ટકા ઘરોમાં નળનું જોડાણ આપવામાં આવ્યું છે.

## સંકલ્પ 32 પેટ્રોલમાં 10 ટકા ઈથેનોલ મિશ્રણના લક્ષ્યને હાંસલ કરવા માટે તમામ પ્રયાસ કરવો

**પ્રગતિ** | પર્યાવરણ સલામતી હવે મહત્વનો મુદ્દો છે. 2014 સુધી ભારતમાં સરેરાશ માત્ર 1.5 ટકા ઈથેનોલનું જ મિશ્રણ કરવામાં આવતું હતું, જે હવે લગભગ 8.5 ટકાએ પહોંચી ગયું છે. 2013-14માં દેશમાં લગભગ 38 કરોડ લીટર ઈથેનોલ ખરીદવામાં આવ્યું હતું, જે હવે 320 કરોડથી વધુ થઈ ગયું છે. તાજેતરમાં જ ભારતે પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ મિશ્રણનું લક્ષ્ય વર્ષ 2030થી ઘટાડીને 2025 કર્યું છે.

## સંકલ્પ 33 દરેક ગ્રામ પંચાયતને હાઈ-સ્પીડ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કથી જોડવી.

**પ્રગતિ** | ડિજિટલ ઇન્ડિયા જીવનને સહેલું બનાવવાની સાથે સાથે રોજગાર સર્જન અને આવકમાં વધારો કરવાનું પણ મહત્વનું સાધન છે. ગામડાંમાં બ્રોડ બેન્ડના પ્રસારને ધ્યાનમાં રાખતા ભારતનેટ અંતર્ગત અત્યાર સુધી લગભગ 1.60 લાખ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કથી જોડવામાં આવી છે. વડાપ્રધાને 15 ઓગસ્ટ, 2020નાં રોજ કરેલા સંબોધનમાં જાહેરાત કરી હતી કે આવનારા 1,000 દિવસોમાં છ લાખ ગામડાંને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કથી જોડવામાં આવશે. 30 જુલાઈનાં રોજ 16 રાજ્યોના 3.60 લાખથી વધુ ગામડાંને પીપીપી (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ) સ્વરૂપમાં ભારતનેટ પ્રોજેક્ટથી જોડવાની મંજૂરી આપવામાં આવી.

## સંકલ્પ 34

**જળ સંચાલનના વિભાગોને એક છત્ર હેઠળ લાવીને જળ મંત્રાલયની રચના કરવી**

**પ્રગતિ** ભારત જેવા વિશાળ દેશમાં ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખતા જળ સંચય ખૂબ જરૂરી છે. દેશના દરેક નાગરિકને જરૂરિયાત પ્રમાણે પાણી પૂરું પાડવું મોટો પડકાર છે. તેનો રોડમેપ તૈયાર કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જળ સંસાધન ક્ષેત્રમાં આયોજન, નીતિ નિર્માણ, સમન્વય અને માર્ગદર્શન, સિંચાઈ અને પૂર નિયંત્રણ, પીવાનું પાણી, બહુહેતુક યોજનાઓ જેવી કામગીરીને એક છત્ર હેઠળ લાવવા જલશક્તિ મંત્રાલયની રચના કરી છે.

## સંકલ્પ 35

**રાષ્ટ્રીય ધોરી માર્ગોની લંબાઈ બમણી કરવી**

**પ્રગતિ** 1,37,625 કિમી રાષ્ટ્રીય ધોરી માર્ગો સાત વર્ષમાં બનાવવામાં આવ્યા. હવે દરરોજ માત્ર 37 કિલોમીટર ધોરી માર્ગોનું નિર્માણ થાય છે. 2014 પહેલાં દિવસમાં માત્ર 12 કિલોમીટરનાં ધોરી માર્ગોનું નિર્માણ થતું હતું.

## સંકલ્પ 36

**મુખ્ય શહેરો અને નાના નગરોમાં પાઈપ દ્વારા રાંધણ ગેસ (PNG) નાં જોડાણ આપવા**

**પ્રગતિ** સરકારે પાઈપ દ્વારા રાંધણ ગેસ પૂરો પાડવાની દિશામાં મહત્વનું પગલું લીધું છે. અત્યાર સુધી 16,800 કિલોમીટર પાઈપલાઈન બિછાવવામાં આવી ચૂકી છે. 2019-20માં 14,200 કિલોમીટર વધુ પાઈપલાઈનને મંજૂરી આપવામાં આવી છે. તેનાં પર કામ ચાલી રહ્યું છે.

## સંકલ્પ 37

**સારી એર કનેક્ટિવિટી માટે વિમાન મથકોની સંખ્યા વધારીને 150 કરવાનો લક્ષ્ય**

**પ્રગતિ** 'ઉડે દેશકા આમ નાગરિક' (UDAN) જેવી યોજના દ્વારા દેશમાં પ્રથમ વાર વિમાન મુસાફરી કરવાની સામાન્ય માણસની ઈચ્છા પૂરી થઈ છે. રૂ. 2500માં 500 કિલોમીટર સુધીનો વિમાન પ્રવાસ કરાવતી આ યોજનાને કારણે 'હવાઈ ચપ્પલ' પહેરનાર સામાન્ય માણસ પણ 'હવાઈ જહાજ'માં મુસાફરી કરી શકે છે. ઉડાન યોજના અંતર્ગત દેશમાં 59 એરપોર્ટ કાર્યરત છે, જેની સંખ્યા વધારીને 2024 સુધી 100 સુધી પહોંચાડવાની છે. આમાં પાંચ હેલિપોર્ટ અને બે વોટર એરોડ્રામનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, એરપોર્ટની સંખ્યા વધીને 125 થઈ ગઈ છે.

# રાષ્ટ્રની જીવન રેખા રેલવે હવે સલામત અને સમયબધ્ધ

**રાષ્ટ્રીય રેલ યોજના -2030 દ્વારા ભવિષ્યના સંદર્ભમાં રેલવેનો ચહેરો બદલવાની તૈયારી શરૂ થઈ. વર્ષ 2021-22ના બજેટમાં રેલવેને નવા પ્રોજેક્ટ માટે રૂ. 1.07 લાખ કરોડ આપવામાં આવ્યા**



## સંકલ્પ 38

**2022 સુધી તમામ વાયેબલ રેલવે પાટાઓને બ્રોડગેજમાં પરિવર્તિત કરવા**

**પ્રગતિ** વર્ષ 2050 સુધી રેલવે દ્વારા મુસાફરીની માગ પૂરી કરવા માટે રાષ્ટ્રીય રેલ યોજના (NRP) 2030 તૈયાર કરવામાં આવી, જેથી 2030 સુધી માળખાંને વિક્સિત કરી શકાય. 67,956 કિલોમીટરમાંથી 63,000 કિલોમીટરથી વધુનો ટ્રેક હવે બ્રોડ ગેજ છે, એટલે કે 94 ટકાથી વધુ. જાન્યુઆરી 2019માં બ્રોડ ગેજ પર તમામ માનવરહિત લેવલ ક્રોસિંગ નાબૂદ કરી દેવામાં આવ્યા. માનવયુક્ત ક્રોસિંગને નાબૂદ કરવાના કામમાં ઝડપ આવી. 2018-19માં 631ની સરખામણીમાં 2019-20માં 1,274 માનવયુક્ત ક્રોસિંગ (102 ટકાનો વધારો) ને નાબૂદ કરવામાં આવ્યા. એપ્રિલ 2019માં પછી કોઈ પણ રેલ અકસ્માતમાં એક પણ મૃત્યુ થયું નથી.

## સંકલ્પ 39 ઝડપ સાથે સુવિધાઓની નવી શરૂઆત

**પ્રગતિ** 160 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી વંદે ભારત ટ્રેનની શરૂઆત કરવામાં આવી. સેમી હાઇ-સ્પીડની સાથે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર કામ ચાલુ

વર્ષ 2006થી 2014 સુધી દેશમાં કોઈ નવી રેલ લાઇનનું નિર્માણ થયું નહોતું, જ્યારે 2014-20 દરમિયાન 1353 કિલોમીટર લાંબા 32 પ્રોજેક્ટ પૂરા કરવામાં આવ્યા. 2009-14 સુધી 375 કિલોમીટર લાંબી રેલવે લાઇનનું ડબલિંગ કરવામાં આવ્યું હતું, જ્યારે 2014-20 દરમિયાન 1458 કિલોમીટરની રેલવે લાઇનનું ડબલિંગ કરવામાં આવ્યું. પૂર્વોત્તરની સાથે સાથે કાશ્મીરમાં રેલવે સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો. હવે 100 ટકા રેલવે કોચ બાયો ટોયલેટયુક્ત છે. શાકભાજી અને ફળોની હેરફેર માટે પ્રથમ વાર કિસાન રેલનો પ્રારંભ કરવામાં આવ્યો.



**637** સ્ટેશનો પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે

## સંકલ્પ 40 2022 સુધી તમામ રેલ લાઇનોનું વીજળીકરણ કરવાના પ્રયાસ

**પ્રગતિ** 100 ટકા રેલવે લાઇનોનું વીજળીકરણનું કામ 2023 સુધી પૂરું કરી લેવામાં આવશે. 2020 સુધી 18,000 કિલોમીટરથી વધુ રેલવે લાઇનનાં વીજળીકરણનું કામ પુરૂં કરી લેવામાં આવ્યું. ગ્રીન રેલવેની દિશામાં પગલાં ભરતાં 505 જોડી ટ્રેનોમાં 'હેડ ઓન જનરેશન' ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો. તેનાથી 7 કરોડ લીટર ડિઝલની બચતની સંભાવના. 2030 સુધી રેલવે ખુદને ઝીરો કાર્બન ઉત્સર્જન ધરાવતી પરિવહન વ્યવસ્થા બનવાની દિશામાં કામ કરી રહી છે.

## સંકલ્પ 41 દેશનાં તમામ મુખ્ય સ્ટેશનો પર વાઇ-ફાઇની સુવિધા

**પ્રગતિ** ભારતમાં કુલ 8338 રેલવે સ્ટેશન છે. આમાંથી મુખ્ય 6,000 જેટલાં રેલવે સ્ટેશનો પર મફત વાઇફાઇ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. 2019-20માં જ 4,411 સ્ટેશનો પર વાઇ-ફાઇ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી.

## સંકલ્પ 42 માલગાડીઓ માટે ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર પ્રોજેક્ટ પૂરો કરવો

**પ્રગતિ** બે ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર રેવાડી-મદાર સેક્શન અને ખુર્જા-ભદાન સેક્શનનું કામ પૂરું થઈ ચૂક્યું છે. વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (DFC) અને ઇસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર જુલાઈ 2022 સુધીમાં પુરો થવાની આશા છે.

**"અગાઉ ટ્રેનોની સંખ્યા વધારવા પર ફોક્સ કરવામાં આવતું હતું, જેથી ચૂંટણીમાં ફાયદો મળી શકે. પાટાઓ કે રેલ નેટવર્કના આધુનિકીકરણ પર રોકાણ નહોતું કરવામાં આવ્યું. 2014 પછી અમે કાર્યશૈલી અને દ્રષ્ટિ બદલી. અલગથી રેલવે બજેટની સિસ્ટમ બંધ કરી અને જાહેરાત કરીને ભૂલી જવાની રાજનીતિ પણ બદલી. રેલવે ટ્રેક પર રોકાણ કર્યું, માનવરહિત ફાટક બંધ કર્યા, હાઇસ્પીડ ટ્રેન શરૂ કરી. આજે વંદે ભારત એક્સપ્રેસ જેવી સેમી હાઇ-સ્પીડ ટ્રેનો પણ ચાલી રહી છે અને ભારતીય રેલ પહેલાં કરતાં ઘણી સલામત થઈ છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



# આરોગ્યનું માળખું સુધારવાના સરકારના પગલાં

**સફળતા અને સમૃદ્ધિનો આધાર સ્વસ્થ શરીર છે. વ્યક્તિ, પરિવાર, સમાજ કે સમગ્ર દેશની સુખાકારીનો માપદંડ આરોગ્ય છે. આ વિચાર સાથે આરોગ્ય ક્ષેત્રમાં મોટાં પરિવર્તનની શરૂઆત થઈ ચૂકી છે. નવી હોસ્પિટલો અને મેડિકલ કોલેજો ખોલવામાં આવી છે અને 50 કરોડથી વધુ ગરીબોની મફતમાં સારવાર કરવામાં આવી છે.**

## સંકલ્પ 43 આયુષ્યમાન ભારત અંતર્ગત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખોલવામાં આવ્યા

**પ્રગતિ** કોરોના સમય દરમિયાન 678 જિલ્લાઓમાં 50,025 આરોગ્ય અને કલ્યાણ કેન્દ્રોની શરૂઆત કરવામાં આવી. સમગ્ર દેશમાં આવા 1,50,000 કેન્દ્રો ખોલવામાં આવી રહ્યા છે. 28 કરોડથી વધુ લોકો આ કેન્દ્રોનો લાભ લઈ ચૂક્યા છે.

## સંકલ્પ 44 ગરીબોને તેમના ઘરઆંગણે પ્રાથમિક સારવાર માટે ટેલી-મેડિસિન સેવા ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય

**પ્રગતિ** ઈ-સંજીવની અંતર્ગત 30 રાજ્યોમાં 1800થી વધુ હબ દ્વારા લગભગ 20,000 આરોગ્ય અને કલ્યાણ કેન્દ્રોમાં ટેલી મેડિસિન પ્લેટફોર્મને લાગુ કરવામાં આવ્યું છે. 10 જુલાઈ સુધી ઈ-સંજીવની સેવાએ 60 લાખ લોકોને કન્સલ્ટેશન્સ પૂરા પાડ્યા છે. દેશના દરેક હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પર તેને સ્થાપિત કરવામાં આવશે.

## સંકલ્પ 45 ટીબી નાબૂદીની દિશામાં લક્ષ્ય સાથે આગળ વધવું

**પ્રગતિ** સંયુક્ત રાષ્ટ્રએ 2030 સુધી વિશ્વને ટીબીમુક્ત કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જ્યારે ભારતે પોતાનાં માટે આ લક્ષ્ય 2025 સુધી પુરું કરવાનો નિર્ધાર કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટીબી મુક્ત ભારત અભિયાનને લોંચ કરી ચૂક્યા છે. પ્રથમ ત્રણ વર્ષોમાં આ માટે રૂ. 12,000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## સંકલ્પ 46 75 નવી અન્ડર ગ્રેજ્યુએટ-પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોલેજની સ્થાપના

**પ્રગતિ** 15 નવી એઈમ્સ શરૂ કરવામાં આવી. દેશમાં મેડિકલ અભ્યાસને પ્રોત્સાહન આપવા માટે જમ્મુ- કાશ્મીરમાં કલમ 370ની નાબૂદી પછી 2 એઈમ્સ અને 9 નવી મેડિકલ કોલેજોની ભેટ મળી

**1947થી 2014**

| દેશમાં કુલ મેડિકલ કોલેજ | મેડિકલ કોલેજમાં બેઠકો | |
|---|---|---|
| **381** | **52000** ગ્રેજ્યુએટ | **30000** પોસ્ટ ગ્રેજ્યુએટ |

**2014થી 2020**

| નવી મેડિકલ કોલેજો | મેડિકલ કોલેજમાં બેઠકો | |
|---|---|---|
| **184** | **85000** થી વધુ ગ્રેજ્યુએટ | **46000** થી વધુ પોસ્ટ ગ્રેજ્યુએટ |

"છ વર્ષમાં આયુષ કોલેજોની સંખ્યા 200 જેટલી વધીને 711 સુધી પહોંચી. 435 નવી આયુષ હોસ્પિટલો ખુલી અને હવે ભારતમાં તેની સંખ્યા 4035 થઈ છે.

> **ક્યારેય વિચાર્યું નહોતું કે મફતમાં પણ સારવાર થઈ શકે છે. પહેલી વાર આયુષ્યમાન ભારત યોજના અંગે જાણ્યું ત્યારે વિશ્વાસ જ ન થયો. મારી નાની પુત્રીને એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આયુષ્યમાન કાર્ડ દ્વારા હોસ્પિટલમાં મફત દવા અને બ્લડ મળી રહ્યું છે.**
>
> **બુલાઈ દાસ, હાફલોંગ, જિલ્લો ધર્મપુર, ત્રિપુરા**

# સુશાસનનો મક્કમ નિર્ધાર

**'મિનિમમ ગવર્મેન્ટ-મેક્સિમમ ગવર્નન્સ'ના મંત્રની સાથે કેન્દ્ર સરકાર દેશના સામાન્ય નાગરિકોના જીવનને સરળ બનાવવા ઈઝ ઓફ લિવિંગ પર અનેક કામ કરી રહી છે. પ્રક્રિયાઓ સરળ બનાવવી, બિનજરૂરી કાયદાઓને નાબૂદ કરવા, સરકારી કચેરીઓમાં 40-50 પાનાનાં ફોર્મને ટૂંકાવીને 4-5 પાનાનાં કરવા, ફોર્મ ઓનલાઈન ભરવાની વ્યવસ્થા કરવી, લોકોની ફરિયાદોને ગંભીરતાથી સાંભળવી, તેનાં પર પગલાં લેવા એ તમામ કામગીરીને સરકારે હવે 'વર્ક કલ્ચર'નો ભાગ બનાવ્યો છે.**

## સંકલ્પ 47

### પોષણ અભિયાન અંતર્ગત કુપોષણનાં પ્રમાણમાં ઘટાડો કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્ય

**પ્રગતિ** | આરોગ્ય, શિક્ષણ, અર્થતંત્ર જેવા મહત્વનાં મુદ્દાઓ કેન્દ્ર સરકારની પ્રાથમિકતામાં છે. ભારત સરકાર કુપોષણ દૂર કરવા માટે 8 માર્ચ, 2018થી તબક્કાવાર રીતે પોષણ અભિયાન ચલાવી રહી છે.

**1 ઓક્ટોબર 2020થી 15 માર્ચ 2021**

સામેલ પ્રવૃત્તિઓ
**10.9 લાખ**

સામેલ પુખ્ત પુરુષો
**51.7 લાખ**

સામેલ પુખ્ત મહિલાઓ
**75.5 લાખ**



**9046 કરોડ**

કુલ બજેટ છે ત્રણ વર્ષ ચાલનારી આ યોજનાનું. તેમાં તમામ મંત્રાલય મળીને કુપોષણ દૂર કરવા માટે કામ કરે છે. 22 રાજ્યોમાં 50થી વધુ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા.

## સંકલ્પ 48 તાલીમબધ્ધ ડોક્ટરો અને વસતિનો ગુણોત્તર 1:1400 કરવાની દિશામાં કામ

**પ્રગતિ** | વિશ્વ આરોગ્ય સંસ્થાના માપદંડ પ્રમાણે પ્રતિ 1000 લોકોએ એક ડોક્ટર હોવા જોઈએ. ભારત આ ગુણોત્તર હાંસલ કરવાની દિશાં આગળ વધી રહ્યું છે. આર્થિક સર્વે પ્રમાણે દેશમાં પ્રતિ 1456 લોકોએ એક ડોક્ટર છે. આ ગુણોત્તરને સુધારવાની દિશામાં કામ ચાલુ છે.

## સંકલ્પ 49 હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નીચેથી ઉપર સુધી પરિવર્તન

**પ્રગતિ** | કોવિડ જેવી મહામારીએ આપણને શીખવાડ્યું છે કે આપત્તિને અવસરમાં કેવી રીતે ફેરવી શકાય. આ બાબતને ધ્યાનમાં રાખતા રૂ. 64,180 કરોડનાં ખર્ચે પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના અંતર્ગત ગામડાંની સાથે સાથે પ્રાથમિક, દ્વિતિય અને તૃતીય સ્તરની આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવાની શરૂઆત કરવામાં આવી. 3382 બ્લોકમાં જન આરોગ્ય એકમોની સ્થાપનાની શરૂઆત થઈ ચૂકી છે. નેશનલ ડિજિટલ હેલ્થ મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. 6 રાજ્યોમાં પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત આશરે 12 લાખ લોકોને ડિજિટલ હેલ્થ આઈડી આપવામાં આવ્યા છે. બાકીના રાજ્યોમાં પણ તેને જલ્દી શરૂ કરવામાં આવશે. વર્ષ 2021-22 માટે રૂ. 23,123 કરોડની નવી યોજના 'ઈન્ડિયા કોવિડ-19 ઈમરજન્સી એન્ડ હેલ્થ સિસ્ટમ્સ પ્રિપેર્ડનેસ પેકેજ'ના બીજા તબક્કાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાનો હેતુ ચાઈલ્ડ હેલ્થકેર સહિતના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ અને તેનાં ઈચ્છિત પરિણામો પર ભાર મૂકવાનો અને રોગને ઓળખવો, અટકાવવા, મેનેજમેન્ટ માટે આરોગ્ય પ્રણાલિની તૈયારીમાં ઝડપ લાવવાનો છે.

## સંકલ્પ 50

### ડિજિટલ લેવડદેવડને પ્રોત્સાહન આપવું

**પ્રગતિ** | ડિજિટલ વગર આજની દુનિયા શક્ય નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનાં મહત્વને જોતાં 2015માં ડિજિટલ ઈન્ડિયા અભિયાનનો પ્રારંભ કર્યો હતો. કોરોના કાળમાં ડિજિટલનું મહત્વ સમજાયું છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા 54 મંત્રાલયોની 318 સરકારી યોજનાઓને જોડીને લાભાર્થીઓના ખાતામાં સીધા પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, તો BHIM એપ જેવા ડિજિટલ માધ્યમ પર 170થી વધુ બેન્કો 24 કલાક ડિજિટલ પેમેન્ટની સુવિધા પૂરી પાડી રહી છે. ઓગસ્ટ 2016થી માર્ચ 2021 સુધી આ એપ પર ચાર લાખ કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન્સ થઈ ચૂક્યા છે.

## સંકલ્પ 51 પ્રત્યેક નાગરિકને પાંચ કિલોમીટરના દાયરામાં બેંકિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવી

**પ્રગતિ** | દેશના કરોડો લોકો આઝાદીના 74 વર્ષ પછી પણ બેન્કિંગ, વીમા, ઋણ અને પેન્શન જેવી નાણાંકીય સુવિધાઓથી વંચિત હતા. પ્રધાનમંત્રી જનધન યોજનાઓ દ્વારા દરેક પુખ્ત વ્યક્તિને બેંક ખાતું ખોલવા માટે પ્રેરિત કરવામાં આવે છે, તો ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક તમને ડોરસ્ટેપ બેન્કિંગના માધ્યમથી ઘેર બેઠાં જ બેન્કિંગ સુવિધાઓનો લાભ મેળવવાની તક પૂરી પાડે છે. હવે તમે ઘેર બેઠાં નિયમિત બેન્કિંગ ટ્રાન્ઝેક્શન્સ કરી શકો છો. આ માટે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 1.36 લાખ એક્સેસ પોઈન્ટની શરૂઆત કરવામાં આવી છે. દેશભરમાં આશરે ત્રણ લાખ ટપાલીઓ તમારા સુધી બેન્કિંગ સેવાઓ પૂરી પાડવા તૈયાર છે. એટલે પાંચ કિલોમીટર દૂર જવાની જરૂર નથી, બેંક પોતે તમારે આંગણે આવશે.

## સંકલ્પ 52

### વાયુ પ્રદૂષણના વર્તમાન સ્તરને ઘટાડવાની દિશામાં કામ

**પ્રગતિ** | વિશ્વ આરોગ્ય સંસ્થાના એક અહેવાલ અનુસાર વિશ્વના 90 ટકા બાળકો પ્રદૂષિત હવામાં શ્વાસ લેવા મજબૂર છે. પાંચ વર્ષના 'નેશનલ ક્લિન એર' પ્રોગ્રામ અંતર્ગત 122 મુખ્ય શહેરોમાં 2024 સુધી હવામાં ફેલાયેલા ઝેરીલા કણ પીએમ 2.5 અને પીએમ 10ને 20થી 30 ટકા સુધી ઘટાડવાનું લક્ષ્ય છે. વાયુ પ્રદૂષણને ધ્યાનમાં રાખતા ભારતમાં બીએસ 4 નોર્મ્સ બાદ આંતરરાષ્ટ્રીય માપદંડો પર આધારિત સીધા બીએસ 6 નોર્મ્સને લાગુ કરવામાં આવ્યા. આનાથી વાહનોથી થતા પ્રદૂષણમાં 70 ટકા ઘટાડો થશે.

**20%**
ઈથોનેલ મિશ્રણ પેટ્રોલમાં 2025 સુધી કરવામાં આવશે

**30%**
ઘટાડો થશે ખતરનાક કાર્બન મોનોક્સાઈડના ઉત્સર્જનમાં

ફેમ ઈન્ડિયા યોજના દ્વારા જાહેર પરિવહનમાં ઈ-વ્હિકલને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેમાં ઈ-વ્હિકલ ખરીદવા પર વિશેષ સબસિડી આપવામાં આવે છે. દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ ફેલાવનાર સામે કડક સજાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

## સંકલ્પ 53

### સરકારી પ્રક્રિયાઓને સંપૂર્ણ રીતે ડિજિટલ કરવી

**પ્રગતિ** | ડિજિટલ ઈન્ડિયા એ પણ સુશાસનનો ભાગ છે. કેન્દ્ર સરકારે ઈઝ ઓફ લિવિંગને ધ્યાનમાં રાખીને ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ત્રણ ક્ષેત્રો પર ભાર મૂક્યો છે. પ્રથમ, ડિજિટલ પાયાની સુવિધાઓ, બીજું, ડિજિટલ સાક્ષરતા અને ત્રીજું, સેવાઓનુ ડિજિટલ વિતરણ. સેવાઓને પારદર્શી, જવાબદેહી અને સુગમ બનાવવામાં આવી છે. ભીમ એપ, ઉમંગ, ભારતનેટ, ડિજિટલ સાક્ષરતા મિશન, ડિજિલોકર, ડિજિ સેવક અને માયગાંવ જેવી ડિજિટલ સેવાઓ તેની દેણ છે. હવે લોકોએ પેન્શન માટે હયાતીનું પ્રમાણપત્ર આપવા માટે ઓફિસમાં નથી જવું પડતું, આ કામ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ દ્વારા ઘેર બેઠાં થઈ જાય છે. સાડા ત્રણ લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર તમારા સુધી પ્રમાણપત્ર, આધાર, લાઈસન્સ, બેન્કિંગ જેવી સુવિધાઓ ડિજિટલી પહોંચાડી રહ્યા છે.

**4.54** | કરોડથી વધુ પેન્શનર્સ હવે ડિજિટલ પ્રમાણપત્ર સુવિધાનો લાભ ઉઠાવી રહ્યા છે.



**01**
ટ્રિલિયન ડોલરનો વધારો થયો છે ભારતના ડિજિટલ અર્થતંત્રમાં

**2039**
સેવા અને બિલ ચૂકવણીની ડિજિટલ સેવા ઉમંગ એપ પર ઉપલબ્ધ છે

> **"આ દાયકો ડિજિટલ ટેકનોલોજીમાં ભારતની ક્ષમતાઓને, ગ્લોબલ ડિજિટલ ઈકોનોમીમાં ભારતના હિસ્સાને વધારનારો છે. ડિજિટલ રીતે સશક્ત યુવાનો આ દાયકાને India's Techade બનાવશે."**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## સંકલ્પ 54

### દેશના સહકારી ક્ષેત્રને સમૃધ્ધ અને વેપાર માટે સરળ બનાવવું

**પ્રગતિ** | 'સહકારથી સમૃધ્ધિ'ના સ્વપ્નને સાકાર કરવા માટે ઐતિહાસિક પગલું ઉઠાવતાં અલગ સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે. આ મંત્રાલય દેશમાં સહકારી આંદોલનને મજબૂત કરવા માટે અલગ વહીવટી, કાનૂની અને નીતિગત માળખું પ્રદાન કરશે. ભારતનું સહકારી ક્ષેત્ર વિશ્વમાં સૌથી જૂનું અને સૌથી મોટું છે.

## સંકલ્પ 55

### ગગનયાન અભિયાન અંતર્ગત ભારતીય અવકાશયાનમાં એક ભારતીયને અવકાશમાં મોકલવામાં આવશે

**પ્રગતિ** | ભારતનું પ્રથમ માનવરહિત ગગનયાન મિશન આ વર્ષે ડિસેમ્બરમાં લોંચ થવાની સંભાવના છે. કોરોનાને કારણે તેમાં થોડો વિલંબ થયો છે. બીજું, માનવરહિત યાન 2022-23માં મોકલવામાં આવશે. એ પછી સમાનવ અવકાશ યાન મોકલવાની યોજના છે. ગગનયાન કાર્યક્રમના ભાગ રૂપે ભારતના ચાર અવકાશયાત્રી રશિયામાં અવકાશમાં જવા માટેની તાલીમ પ્રાપ્ત કરી ચૂક્યા છે. મિશન માટે ઈસરોનું હેવી-લિફ્ટ લોંચર GSLV MK-III નક્કી કરવામાં આવ્યું છે.

# અર્થતંત્રને આત્મનિર્ભર બનાવવાની દિશામાં કદમ

**ભારતનું અર્થતંત્ર આઝાદીના સાત દાયકા બાદ માત્ર ત્રણ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શક્યું હતું. વર્ષ 2014 પછી સામાન્ય માણસના જીવનધોરણથી માંડીને આર્થિક મોરચે થયેલા મહત્વપૂર્ણ સુધારાનાં પરિણામે ભારત હવે 2025 સુધી પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાની દિશામાં અગ્રેસર**




## સંકલ્પ 56

### ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ભારતનો રેન્ક સુધારવાનું લક્ષ્ય

**પ્રગતિ** આ ઈન્ડેક્સ વર્લ્ડ બેન્ક જારી કરે છે. તેમાં અલગ અલગ માપદંડો જોવામાં આવે છે. તમામ માપદંડોને સાથે રાખીને એ ચકાસવામાં આવે છે કે વેપાર ધંધો કરવામાં લોકોને કેટલી સરળતા છે. વેપારધંધામાં કયા પ્રકારના અવરોધો આવે છે તે પણ જોવામાં આવે છે.

**ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ**




**સરકારનું લક્ષ્ય ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની યાદીમાં ટોચનાં 50 દેશોમાં ભારતને સામેલ કરવાનું છે.**

> **"કે એમ જોસે થ્રિસ્સુરમાં સ્નેક્સનું નાનું એકમ ચલાવે છે. તેમને ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (FSSAI)ની વેબસાઇટ પર લાઇસન્સ અને રજીસ્ટ્રેશનમાં ટેકનિકલ કારણોસર સમસ્યાનો સામનો કરવો પડતો હતો. અનેક વાર પ્રયાસ કરવા છતાં તેમને સફળતા ન મળતાં ચેમ્પિયન્સ પોર્ટલ પર ફરિયાદ કરી અને માત્ર 24 કલાકમાં થ્રિસ્સુરની એમએસએમઇ ટીમે FSSAIનો સંપર્ક કરીને જોસેની સમસ્યાનું નિવારણ કર્યું.**

## સંકલ્પ 57 મેન્યુફેક્ચરિંગ સેક્ટર દ્વારા જીડીપીનો હિસ્સો બનાવવાની દિશામાં કામ

**પ્રગતિ** ભારતની કુલ જીડીપીમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનું યોગદાન આશરે 30 ટકા છે. જો કે કોરાના સમયમાં તેમાં થોડો ઘટાડો જરૂર નોંધાયો છે. આ સેક્ટરમાં સસ્તું ધિરાણ, વીજળી, પાણી જેવી કેટલીક સુવિધાઓ આપવામાં આવી છે. પ્રથમ વાર કેન્દ્ર સરકારે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં સારી કામગીરી કરનારા 13 સેક્ટર્સ માટે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ્સ (PLI)ની શરૂઆત કરી છે. રૂ. 1.97 લાખ કરોડની આ યોજના દ્વારા આગામી પાંચ વર્ષમાં 500 અબજ ડોલરનું ઉત્પાદન થશે અને એક કરોડ નવી નોકરીનું સર્જન થશે. ભારતને આત્મનિર્ભરતાના માર્ગ પર લાવવા માટે આ વર્ષે બજેટ બાદ વડાપ્રધાને હિતધારકો સાથે સીધા સંવાદની નવી પરંપરા શરૂ કરી છે. આ સ્કીમનો હેતુ જીડીપીમાં મેન્યુફેક્ચરિંગનું યોગદાન વધારવાનો છે.

## સંકલ્પ 58 આયાતમાં ઘટાડો અને નિકાસ બમણી કરવાની દિશામાં કામ

**પ્રગતિ** આયાતમાં ઘટાડો અને નિકાસમાં વધારો કરીને ભારત આત્મનિર્ભર બની શકે છે. કેન્દ્ર સરકાર સતત આ દિશામાં કામગીરી કરી રહી છે. વિશ્વ હવે ભારતને એક ભરોસામંદ અને વિશ્વસનીય ભાગીદાર તરીકે જોઇ રહ્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના આંકડા આ હકીકતની સાક્ષી આપે છે. કોરોના સમયગાળામાં 2020-21માં ભારતની નિકાસ 290 અબજ ડોલર હતી. કેન્દ્ર સરકારે વર્ષ 2021-22 માટે 400 અબજ ડોલરની નિકાસનું મહત્વાકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. વર્ષ 2022-23માં ભારત નિકાસને 500 અબજ ડોલરે પહોંચાડવા માગે છે. 2021-22ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં અત્યાર સુધીની સૌથી વધુ 95 અબજ ડોલરની નિકાસ કરવામાં આવી છે.

## સંકલ્પ 59

### રાષ્ટ્રીય વ્યાપારી બોર્ડની રચના અને રિટેલ બિઝનેસના વિકાસ માટે રિટેલ પોલિસી



**પ્રગતિ |** વેપારીઓનાં કલ્યાણ માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય વ્યાપારી બોર્ડની રચના માટે પહેલ કરી હતી. જુલાઇ 2019માં આ માટેનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. તેનો હેતુ વેપારીઓ અને તેમના કર્મચારીઓના કલ્યાણ માટે નીતિગત ઉપાયો શોધવાનો છે.

રિટેલ સેક્ટરમાં 2030 સુધી 2030 સુધી 2.5 કરોડ નવા રોજગાર પેદા થવાની સંભાવના છે. ભારત સરકાર નેશનલ રિટેલ વેપાર નીતિ તૈયાર કરવાની પ્રક્રિયામાં છે. તે રિટેલ વેપાર માટે અનુકુળ વાતાવરણ તૈયાર કરશે અને સાથે સાથે સેક્ટરના વિકાસમાં નડતરરૂપ નીતિઓને પણ સરળ બનાવશે.

## સંકલ્પ 60

### ટેક્સનાં દર ઘટાડવા, કર વસૂલાત વધારવી અને કરમાં ભાગીદારી વધારવી

**પ્રગતિ |** એક સમય હતો જ્યારે ભારતમાં કોર્પોરેટ ટેક્સનાં દર સૌથી વધુ હતા. અગાઉ સ્થાનિક કંપનીઓએ 30 ટકા કોર્પોરેટ ટેક્સ ભરવો પડતો હતો. આ ઉપરાંત સરચાર્જ અલગ. હવે તેને ઘટાડીને 22 ટકા કરવામાં આવ્યો છે. અસરકારક દર, સરચાર્જ અને સેસ સાથે હવે તે કુલ 25.17 ટકા થયો છે. તેનાથી વેપારીઓને સીધો ફાયદો થશે. રોજગારની નવી સંભાવનાઓના દ્વાર પણ ખુલી રહ્યા છે.

જીએસટીને પણ ફ્લેક્સિબલ બનાવીને પહેલ કરવામાં આવી છે. જીએસટી કમિટીની અત્યાર સુધી 44 બેઠકો થઈ ચૂકી છે. પહેલાં સરેરાશ ટેક્સ દર 14.4 ટકા હતો, જે હવે ઘટીને 11 ટકાની આસપાસ આવી ગયો છે.

પ્રોત્સાહનોને કારણે કર વસૂલાતમાં વધારો થયો છે. કોરોના સમયમાં પણ ઓક્ટોબર 2020થી મે 2021 સુધી જીએસટી વસૂલાત સતત આઠ મહિના સુધી રૂ. એક લાખ કરોડથી વધુ રહી.



## સંકલ્પ 61

### કંપની એક્ટમાં સુધારો કરીને નાના કેસોમાં માત્ર દંડની જોગવાઇ કરવી, જેથી અદાલતોમાં કેસોની સંખ્યા ઘટે અને વેપાર કરવો સરળ બને.

**પ્રગતિ |** વેપારને સરળ બનાવવા અને ઉદ્યોગસાહસિકોને અનેક પ્રકારની ફોજદારી કાર્યવાહીમાંથી રાહત આપવા માટે માર્ચ 2020માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે કંપનીઝ (એમેડમેન્ટ) એક્ટ, 2020ને મંજૂરી આપી. સપ્ટેમ્બર 2020માં સંસદમાં પસાર થયા પછી રાષ્ટ્રપતિએ તેને મંજૂરી આપી. આ બિલમાં કંપનીઝ એક્ટ 2013ની 65મી કલમમાં સુધારો કરીને 72 પ્રકારનાં ફેરફાર કરવાના છે, જેથી ઉદ્યોગસાહસિકોને વેપારમા કોઈ પ્રકારની મુશ્કેલી ન નડે.





# બધાંનો સાથ સમાવેશી વિકાસ

**દાયકાઓ સુધી નસીબના ભરોસે રહેલો દેશ હવે વિકાસના નવા પથ પર અગ્રેસર છે. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ના મંત્રને આધારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ન્યૂ ઈન્ડિયા ગ્રેટ ઈન્ડિયા'નો રોડમેપ તૈયાર કર્યો છે. આ રોડમેપમાં તમામ વર્ગોને સાથે રાખીને સમાવેશ વિકાસ કરવાની યોજના છે. યુવાનો માટે પણ સ્ટાર્ટઅપ, મુદ્રા જેવી યોજનાઓ છે, તો ટેકનોલોજીને આધાર બનાવવામાં આવ્યો છે. 'મેક ઈન ઈન્ડિયા- મેક ફોર ધ વર્લ્ડ'નો નવો સિધ્ધાંત છે, તો 'લોકલ માટે વોકલ' બનીને ભારતને આત્મનિર્ભર બનાવવાનો નિર્ધાર પણ છે. સમાજની હરોળમાં સૌથી છેવાડે ઉભેલી વ્યક્તિ સુધી લાભ પહોંચાડવાના વિઝને નવા ભારતનો પાયો નાખ્યો છે.**

## સંકલ્પ 62

### તમામ બાળકોનું સંપૂર્ણ રસીકરણ

**પ્રગતિ** કેન્દ્ર સરકારે તમામ બાળકોનું રસીકરણ કરવાની કવાયત શરૂ કરી દીધી છે. આર્થિક રીતે પછાત અને અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓ પહોંચાડવી મુશ્કેલ હતી, ત્યાં હવે 12 રોગ સામે સલામતી માટે રસી લગાવવામાં આવી રહી છે.

**3.70**
કરોડ બાળકો અને 92 લાખ ગર્ભવતી મહિલાઓનું રસીકરણ થઈ ચૂક્યું છે. 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 690 જિલ્લામાં

**50,000**
બાળકોનો દર વર્ષે જીવ બચાવી શકાશે સ્વદેશી ન્યૂમોકોકલ રસીથી દેશમાં. બજેટમાં આ અંગેન જાહેરાત કરવામાં આવી હતી

## સંકલ્પ 63

### તમામ સરકારી ઈમારતોને દિવ્યાંગજનો માટે સુગમ બનાવવી

**પ્રગતિ** દિવ્યાંગો માટે અનુકુળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવા માટે 'સુગમ્ય ભારત' અભિયાન શરૂ કરવામાં આવ્યું. જાહેર સ્થળો અને હોસ્પિટલોને દિવ્યાંગો માટે સુગમ બનાવવાના હેતુથી 1152 બિલ્ડીંગો માટે આશરે રૂ. 450 કરોડ જારી કરવામાં આવ્યા. 35 આંતરરાષ્ટ્રીય અને 55 સ્થાનિક વિમાનમથકોને સુગમ્ય બનાવવામાં આવ્યા.

**709**
રેલવે સ્ટેશનો પર દિવ્યાંગજનો માટે ટૂંકા ગાળાની સુવિધા, 603 સ્ટેશનો પર લાંબા ગાળાની સુવિધા

**3400**
સુગમ્ય કોચ ઉપલબ્ધ છે ભારતીય રેલવે પાસે. ત્રણ વર્ષમાં 498 વધુ કોચ બનશે.

**250**
રેલવે સ્ટેશનો પર 705 એસ્કેલેટર અને 226 સ્ટેશનો પર 521 લિફ્ટ લગાવવામાં આવી

## સંકલ્પ 64

### પંચતીર્થ સર્કિટનો વિકાસ પૂરો કરવાની દિશામાં કામ

**પ્રગતિ |** સમાજના પછાત અને વંચિત સમુદાય વિકાસની દોડમાં ઘણાં પાછળ રહી ગયેલા લોકો માટે બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું. બાબાસાહેબ સાથે સંકળાયેલી યાદોને પંચતીર્થ તરીકે વિકસાવીને ભવ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે.

**મહૂમાં જન્મભૂમિ:** 14 એપ્રિલ, 2016નાં રોજ બાબાસાહેબની 125મી જન્મજયંતીએ તેમનાં જન્મસ્થળ મહૂ જઈને વડાપ્રધાન મોદીએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા. આમ કરનાર તેઓ દેશના પ્રથમ વડાપ્રધાન છે. આ સ્થળનું શિલારોપણ 1991માં મધ્યપ્રદેશના તત્કાલિન મુખ્યમંત્રી સુંદરલાલ પટવાના સમયમાં કરવામાં આવ્યું હતું.

**લંડનમાં શિક્ષાભૂમિ:** બાબાસાહેબ લંડનના જે મકાનમાં રહેતા હતા, તેને ખરીદીને રૂ. 800 કરોડનાં ખર્ચે સંગ્રહાલય બનાવવામાં આવ્યું છે.

**ચૈત્યભૂમિ:** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈમાં સ્મારકનું ભૂમિપુજન કર્યું હતું

**નાગપુરમાં દીક્ષાભૂમિ:** બાબાસાહેબે નાગપુરમાં બૌધ્ધ ધર્મની દીક્ષા લીધી હતી. તેમની 125મી જન્મજયંતીએ વડાપ્રધાને તેને 'એ' ક્લાસ પર્યટન સ્થળનો દરજ્જો આપીને ઝડપી વિકાસનું કામ શરૂ કર્યું

**દિલ્હીમાં પરિનિર્વાણ ભૂમિ:** દિલ્હીના 26, અલીપુર રોડ સ્થિત બંગલામાં બાબા સાહેબનું અવસાન થયું હતું, જેને ભવ્ય સંગ્રહાલયમાં બદલવામાં આવ્યું છે. 15, જનપથ રોડ પર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનાવવામાં આવ્યું છે.

## સંકલ્પ 65

### અસંગઠિત મજૂરોને સામાજિક સુરક્ષા કવરેજ સાથે વીમા પેન્શનની ખાતરી

**પ્રગતિ |** 50 કરોડ શ્રમિકો માટે 73 વર્ષ બાદ માત્ર ચાર શ્રમસંહિતા (લેબર કોડ) દ્વારા સરળીકરણ અને જૂના શ્રમ કાયદાઓમાં સુધારો, વેપારમાં સરળતા લાવવાના હેતુથી ભારત સરકારે 29 કેન્દ્રીય શ્રમ કાયદાઓને ચાર શ્રમસંહિતામાં એકીકૃત કર્યા. શ્રમસંહિતાના આ ચાર સ્તંભ છેઃ

● વેજીસ કોડ (વેતન સંહિતા) ● સામાજિક સલામતી અને કલ્યાણ કોડ ● વ્યાવસાયિક સલામતી ● સ્વાસ્થ્ય અને કાર્ય પરિસ્થિતિ કોડ ● ઔદ્યોગિક સંબંધ કોડ

- કામદારોને માતૃત્વ રજા, ભવિષ્ય નિધિ, દિવ્યાંગતા, આરોગ્ય વીમો, ગ્રેજ્યુઈટી અને વૃધ્ધાવસ્થા જેવા સામાજિક સલામતી લાભ
- અસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓને ઈએસઆઈ અને ઈપીએફઓ લાભ
- ફિક્સ્ડ ટર્મ પર કામ કરતા કર્મચારીઓને ગ્રેજ્યુઈટીનો લાભ
- વહીવટી પ્રક્રિયાઓમાં વિલંબ દૂર કરવા માટે એકમોનું ડિમ્ડ રજીસ્ટ્રેશન
- ભારતમાં ઔદ્યોગિક વિવાદો અને ટ્રેડ યુનિયન્સના નિયમન માટે કાયદાઓમાં ફેરફાર
- છટણી, ખર્ચમાં કાપ અથવા એકમ બંધ થવાની સ્થિતિમાં આવશ્યક મંજૂરીની મર્યાદા ત્રણ ગણી વધારીને 300 કરવામાં આવી
- એકમમાં કામ કરી રહેલા કર્મચારીઓની સંખ્યા ગમે તેટલી હોય, તો પણ વેતન સંહિતા લાગુ પડશે. સંગઠિત અને અસંગઠિત એમ બંને ક્ષેત્રોમાં તમામ કર્મચારીઓને તે લાગુ પડશે.

## સંકલ્પ 66

### છ આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયોનું કામ પૂરું કરવું

**પ્રગતિ |** ભારતના સ્વતંત્રતા આંદોલનમાં અનેક આદિવાસી સ્વતંત્રતા સેનાઓની પણ મહત્વની ભૂમિકા છે. તેમનાં બલિદાન અને ત્યાગને યાદ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓના સંગ્રહાલયોની કલ્પના કરી હતી. દેશમાં છને બદલે નવ સંગ્રહાલયો પર કામ ચાલી રહ્યું છે. તેમાં ગુજરાતના રાજપીપળા, ઝારખંડના રાંચી, આંધ્રપ્રદેશના લાંબા સિંગી, છત્તીસગઢના રાયપુર, કેરળના કોઝીકોડ, મધ્યપ્રદેશના છીંદવાડા, તેલંગણાના હૈદરાબાદ, મણિપુરના સેનાપતિ અને મિઝોરમના કેલસીમાં 2022ના અંત સુધીમાં સંગ્રહાલયોની શરૂઆત થઈ જશે. આમાં સૌથી મોટું મ્યુઝીયમ ગુજરાતમાં ગરુડેશ્વર ખાતે રૂ. 102 કરોડનાં ખર્ચે બનશે. રાંચીમાં બિરસા મુંડાને સમર્પિત મ્યુઝીયમ રૂ. 37 કરોડનાં ખર્ચે બનશે

## સંકલ્પ 67

### નાના દુકાનદારોને પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનામાં સામેલ કરવા

**પ્રગતિ |** દેશનાં કરોડો ગરીબોનાં મનમાં એ પ્રશ્ન થાય છે કે જ્યારે હાથ-પગ નહીં ચાલે ત્યારે શું થશે? આવા લોકોને ભવિષ્યમાં સલામતી અને આર્થિક આધાર આપવા માટે માર્ચ 2019માં પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના શરૂ કરવામાં આવી હતી. તેમાં દર મહિને રૂ. 15,000થી ઓછી કમાણી કરતા શ્રમજીવીઓ પ્રતિ માસ રૂ. 55નું પ્રીમિયમ ભરીને 60 વર્ષ બાદ દર મહિને રૂ. 3,000નું પેન્શન મેળવી શકે છે. ગરીબોને ઘડપણમાં સલામતી અને આર્થિક ટેકો પૂરો પાડ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ જ રીતે નાના ખેડૂતો, નાના વેપારીઓ અને સ્વરોજગાર કરનારાઓ માટે પેન્શન યોજના શરૂ કરી. વર્ષે દોઢ કરોડથી ઓછો વાર્ષિક વેપાર કરનારા નાના વેપારીઓ આ યોજનાનો લાભ ઉઠાવી શકે છે. હાલમાં 44,000થી વધુ લોકો આ યોજનાનો લાભ ઉઠાવી રહ્યા છે.



# નવા ભારતના કેન્દ્રમાં નારીશક્તિ

"ભારતનો વડાપ્રધાન એક ભિક્ષુક બનીને તમારી પાસે દિકરીઓની જીંદગીની ભીખ માગી રહ્યો છે. દિકરીઓને પોતાના પરિવારનું ગર્વ માનો. રાષ્ટ્રનું સન્માન માનો. પુત્ર અને પુત્રી બંને એવી પાંખો છે જેના વગર જીવનની ઊંચાઈઓ પામવાની કોઈ સંભાવના નથી."

છ વર્ષ પહેલાં 22 જાન્યુઆરીનાં રોજ 'બેટી બચાવો-બેટી પઢાઓ' અભિયાનનો પ્રારંભ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલાં આ શબ્દો મહિલા કેન્દ્રીત ભારત નિર્માણની દિશામાં એક એવો સંકલ્પ હતો, જે સમાજની રૂઢિચુસ્ત વિચારધારાને હચમચાવી દેનારો હતો. આ વિચાર સાથે કેન્દ્ર સરકારે મહિલા હિતમાં પ્રથમ વાર એવાં પગલાં ભર્યા છે, જેના વિષે પહેલા ક્યારેય વિચારવામાં આવ્યું નથી. પોતાના મંત્રીમંડળમાં 11 મહિલાઓને સ્થાન આપવું એ મહિલા શક્તિ પ્રત્યે વડાપ્રધાનનો અભિગમ દર્શાવે છે.

## સંકલ્પ 68

### ટ્રિપલ તલાકનો કાયદો બનાવીને મુસ્લિમ મહિલાઓને ન્યાયની ખાતરી અપાવવી

**પ્રગતિ** રાષ્ટ્રપતિની મંજૂરી બાદ 19 સપ્ટેમ્બર, 2018થી કાયદો બનાવીને ટ્રિપલ તલાકની પ્રથાને કાયમ માટે નાબૂદ કરી દીધી. હવે મૌખિક, લેખિત કે અન્ય કોઈ પણ માધ્યમ દ્વારા પતિ તેની પત્નીને તીન તલાક આપે તો તે ગુનો ગણાય છે. પતિ તીન તલાક આપે તો પત્ની પોતે અથવા તેનાં નજીકનાં સગાં પતિ સામે કેસ દાખલ કરી શકે છે. પોલિસ વગર વોરન્ટે તીન તલાક આપનાર પતિની ધરપકડ કરી શકે છે. એક વારમાં તીન તલાક આપનાર પતિને ત્રણ વર્ષની જેલ અને દંડ બંને થઈ શકે છે. આ કેસમાં મેજીસ્ટ્રેટ કોર્ટમાંથી જ તેને જામીન મળી શકે. મેજીસ્ટ્રેટ પીડિત મહિલાનો પક્ષ સાંભળ્યા વિના તીન તલાક આપનાર પતિને જામીન નહીં આપી શકે. પતિએ પત્ની અને બાળકોનાં ભરણપોષણ માટે આપવાનો થતો ખર્ચ મેજીસ્ટ્રેટ નક્કી કરશે.



## સંકલ્પ 69

### નોકરી, વેપારમાં મહિલાઓ માટે સુવિધા

**પ્રગતિ** મહિલાઓને પ્રથમ વાર નાઈટ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ત્રણ સેનાઓમાં મહિલાઓને 'પર્મનન્ટ કમિશન' આપવામાં આવ્યું. સ્ટેન્ડ અપ ઇન્ડિયા અંતર્ગત મહિલાઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા દરેક બેન્ક શાખાએ ઓછામા ઓછી એક મહિલાને રૂ. 10 લાખથી રૂ.એક કરોડ સુધીની લોન આપવાનો નિયમ બનાવવામાં આવ્યો છે. જાહેર ક્ષેત્રના એકમોએ ઓછામાં ઓછી ત્રણ ટકા ખરીદી મહિલાના નેતૃત્વ ધરાવતા એમએસએમઈ એકમ પાસેથી કરવાની રહેશે. ગવર્મેન્ટ ઈ માર્કેટ પ્લેસ (GEM) પર 32,000થી વધુ મહિલા સાહસિકો રજીસ્ટર્ડ છે.

**મુદ્રા યોજના**

અંતર્ગત રૂ. 50,000થી રૂ. 10 લાખ સુધીની લોન આપવાની શરૂઆત કરવામાં આવી. આ યોજનાનો લાભ લેનારામાં 70 ટકા મહિલાઓ છે.

**26 લાખથી**

વધુ મહિલાઓને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત તાલીમ આપવામાં આવી-



**તીન તલાક મુસ્લિમ મહિલાઓ માટે બહુ મોટી સમસ્યા હતી. મુસ્લિમ મહિલાઓ પર હંમેશા તીન તલાકની તલવાર લટકતી રહેતી હતી. આ કાયદો આવ્યા પછી મહિલાઓ પોતાની જાતને ખૂબ સુરક્ષિત અનુભવે છે. આ કાયદો બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનો આભાર.**

**સહાબિયા, હૈદરાબાદ**

## સંકલ્પ 70 મહિલાઓના આરોગ્યની સાથે પોષણ પર વિશેષ ધ્યાન

**પ્રગતિ** આરોગ્યની સાથે સાથે સલામતીને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન જન ઔષધિ કેન્દ્રોમાં માત્ર એક રૂપિયામાં સેનિટરી નેપકીન વેચવાની શરૂઆત કરવામાં આવી છે. મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત 92 લાખથી વધુ મહિલાઓનું રસીકરણ થઈ ચૂક્યું છે.

- નોકરિયાત મહિલાઓને સુવિધા આપવા માટે માતૃત્વ રજા 12 સપ્તાહથી વધારીને 26 સપ્તાહ કરવામાં આવી છે. દરેક ઓફિસમાં 'ઘોડિયા ઘર'ની શરૂઆત કરવામાં આવી છે.
- પોષણ અભિયાન માટે વર્ષ 2017 પછી રૂ. 7,000 કરોડથી વધુ રકમ આપવામાં આવી ચૂકી છે.

## સંકલ્પ 71 મહિલાઓ માટે કાયદો બનાવીને તેમનામાં સલામતીની ભાવના જગાવવી

**પ્રગતિ** 12 વર્ષથી ઓછી ઉંમરની બાળકીઓ સાથે દુષ્કર્મ કરનારને હવે ફાંસીની સજાની જોગવાઈ. દુષ્કર્મના કેસોમાં બે મહિનામાં સુનાવણી પૂરી કરવાનો કાયદો બનાવવામાં આવ્યો છે.

- મહિલાઓ વિરુધ્ધ અપરાધ કરનારાઓને ઓળખવા માટે નેશનલ ડેટા બેઝ તૈયાર કરવામાં આવ્યો છે. આવા કેસોની સુનાવણી માટે વિશેષ ફાસ્ટ ટ્રેક કોર્ટની વ્યવસ્થા કરવામાં આવી છે.
- દેશભરમાં 700થી વધુ 'વન સ્ટોપ સેન્ટર' શરૂ કરવામાં આવ્યા છે. નવી ટેક્સી નીતી અંતર્ગત દરેક ટેક્સીમાં જીપીએસ અને પેનિક બટન લગાવવા ફરજિયાત કરવામાં આવ્યા છે.



# સાંસ્કૃતિક ધરોહરોનું જતન કરવામાં આવી રહ્યું છે

**ભારત તેના વારસા અને ઐતિહાસિક સ્મારકો માટે જાણીતું છે. કોઇ પણ દેશની ઓળખ એ દેશના સાંસ્કૃતિક અને પુરાતત્વ વિકાસ દ્વારા થાય છે. ભારતમા વૈદિક યુગથી લઈને વર્તમાન સુધી અનેક શહેરો, મંદિરો અને સ્થળો મળી આવ્યા છે, જેનાથી વિશ્વ સ્તર પર ભારતનું મહત્વ અનેક ગણું વધ્યું છે. રાજપુત યુગ અને બ્રિટિશ યુગથી માંડીને આઝાદી સુધીની ઐતિહાસિક ક્ષણો ભારતને જીવંત બનાવે છે. દાયકાઓથી અટકી પડેલું રામ મંદિર નિર્માણ હોય કે પછી શીખ ધર્મના તીર્થ કરતારપુર માટે ઐતિહાસિક કોરિડોર પ્રોજેક્ટ હોય, ભારત તેના વારસાને જાળવવા આગળ વધ્યું છે એટલું જ નહીં, પણ તેના સંવર્ધન માટેનાં પ્રયાસ પણ કર્યા છે.**

## સંકલ્પ 72 સ્વદેશ દર્શન, પ્રસાદ અને હૃદય યોજના અંતર્ગત તમામ પ્રોજેક્ટના કાર્યને ઝડપથી પૂરા કરીને પર્યટનને પ્રોત્સાહન આપવું

**પ્રગતિ** સ્વદેશ દર્શન યોજના અંતર્ગત ધાર્મિક મહત્વના હિમાલય સર્કિટ, પૂર્વોત્તર સર્કિટ, કૃષ્ણા સર્કિટ, બૌધ્ધ સર્કિટ અને તટીય સર્કિટ, મરૂભૂમિ સર્કિટ, જનજાતીય સર્કિટ, ઈકોલોજિકલ સર્કિટ, વન્યજીવ સર્કિટ, ગ્રામીણ સર્કિટ, આધ્યાત્મિક સર્કિટ, રામાયણ સર્કિટ, વિરાસત સર્કિટ, તીર્થંકર સર્કિટ અને સૂફી સર્કિટનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

-ધાર્મિક પર્યટનના અનુભવને સમૃધ્ધ કરવા માટે દેશભરમાં તીર્થસ્થળોની ઓળખ કરવા અન તેને વિકસાવવાના હેતુથી પ્રસાદ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ અંતર્ગત

12 શહેરોમાં સાંસ્કૃતિક અને ધાર્મિક ધરોહરોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

**પ્રસાદ યોજના:** પર્યટન મંત્રાલયની PRASAD (Pilgrimage Rejuvenation And Spirituality Augmentation Drive) નો હેતુ પસંદગીના તીર્થસ્થાન અને ધરોહર કેન્દ્રોનો વિકાસ કરવાનો છે. આ યોજના અંતર્ગત માર્ગ, રેલ અને જલ પરિવહનનો વિકાસ, લાસ્ટ માઈલ કનેક્ટિવિટી, માહિતી કેન્દ્ર જેવી મુળભૂત પર્યટન સુવિધા, એટીએમ /મની એક્સચેન્જ, વાહનવ્યવહારની પર્યાવરણ અનુકુળ રીતો, પર્યટન ક્ષેત્રોમાં લાઈટિંગ અને ઊર્જાના નવીનીકરણ સ્રોતો સાથે પ્રકાશ વ્યવસ્થા, પાર્કિંગ, પીવાનું પાણી, શૌચાલય, ક્લોક રૂમ, પ્રતીક્ષાલય, પ્રાથમિક સારવાર કેન્દ્ર, કેફેટેરીયા, આરામગૃહ, દૂરસંચાર સુવિધા, ઇન્ટરનેટ કનેક્ટિવિટી જેવી સુવિધાઓ વિક્સાવવામાં આવી રહી છે.

**હૃદય યોજના:** 21 જાન્યુઆરી, 2015નાં રોજ શરૂ કરવામાં આવેલી HRIDAY (Heritage City Development and Augmentation Yojana)ને 12 નગરમાં લાગુ કરવામાં આવી છે, જેમાં અજમેર, અમરાવતી, અમૃતસર, બાદામી, દ્વારકા, કાંચીપુરમ, મથુરા, પુરી, વારાણસી, વેલનકન્ની અને વારંગલનો સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત દેશભરની ઐતિહાસિક ઈમારતોનું સંરક્ષણ અને તેનો પુનરોધ્ધાર કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત જાહેર અસ્ક્યામતોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેથી જાહેર ભાગીદારીમાં આ અસ્ક્યામતોનું લાંબા સમય સુધી સંચાલન કરી શકાય.

## સંકલ્પ 73 તમામ રાષ્ટ્રીય સંગ્રહાલયોનું ડિજિટાઈઝેશન કરવું

**પ્રગતિ |** સંગ્રહાલયોના કલેક્શન્સનું ડિજિટાઈઝેશન કરવા નેશનલ પોર્ટલ એન્ડ ડિજિટલ રિપોઝીટરી શરૂ કરવામાં આવી છે. તેનાં દ્વારા વર્ચ્યુઅલી ડિજિટલ સંગ્રહોને જોઈ શકાય છે. ગુગલ આર્ટ્સ એન્ડ કલ્ચર એપ પર દર્શકો ઓનલાઈન એક ક્લિક દ્વારા 2,000થી વધુ સંગ્રહાલયોના કલેક્શન જોઈ શકે છે. કળા, ઈતિહાસ અને વિશ્વની અજાયબીઓ અંગે જાણવાનું આ સારું માધ્યમ છે. આ એપ આઈઓએસ અને એન્ડ્રોઈડ પર નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

## સંકલ્પ 74 દેશના ગુમનામ નાયકોને યોગ્ય સન્માન આપવું

**પ્રગતિ |** રાષ્ટ્રીય ચેતનાથી ઉપેક્ષિત મહાન હસ્તીઓ, ગુમનામ નાયકોને હવે સન્માન મળી રહ્યું છે. નેતાજી સુભાષચંદ્ર બોઝ સાથે સંકળાયેલી ગુપ્ત ફાઈલોને પહેલી વાર જાહેર કરવામાં આવી. બિરસા મુંડા, દીનબંધુ સર છોટુ રામ, મહારાજા સુહેલદેવ જેવા નાયકોના વારસાની જાળવણી કરવામાં આવી રહી છે. પદ્મ સન્માન માટે નોમિનેશનની સમગ્ર પ્રક્રિયાને હવે સામાન્ય માણસો માટે ખુલ્લી મૂકવામાં આવી છે. સમાજ અને દેશની નિઃસ્વાર્થ સેવા કરનારા નાયકોનું સન્માન કરવામાં આવી રહ્યું છે.

## સંકલ્પ 75 ગંગા અને તેની ઉપનદીઓનો કાયાકલ્પ

**પ્રગતિ |** સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતી ગંગા નદી પર દેશની 40 ટકા વસતિ નિર્ભર છે. ગંગાની ધારાને અવિરત બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નમામિ ગંગે મિશનની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમને પ્રારંભિક સ્તરની પ્રવૃત્તિઓ (તત્કાળ અસર જોવા માટે), મધ્યમ મુદતની પ્રવૃત્તિઓ (પાંચ વર્ષની અંદર લાગુ કરવા) અને લાંબી મુદતની પ્રવૃત્તિઓ (10 વર્ષની અંદર લાગુ કરવા માટે)માં વિભાજીત કરવામાં આવ્યો છે.



**₹29,990 કરોડ**

**નાં ખર્ચે 334 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી, 147 પ્રોજેક્ટ્સ પૂરા, બાકીના પર કામ ચાલી રહ્યું છે**

- ગંગા અને તેની ઉપનદીઓના કાયાકલ્પ માટે રૂ. 20,000 કરોડના ભંડોળ સાથે 2014-15માં નમામિ ગંગે યોજના શરૂ કરવામાં આવી હતી
- ગંગાના જીર્ણોધ્ધાર પર ખર્ચમાં વધારો થયો. 1986થી 2014 દરમિયાન ગંગા શુધ્ધિકરણ પર માત્ર રૂ. 4,000 કરોડનો ખર્ચ થયો, જ્યારે 2014થી 2021 સુધી રૂ. 10,100 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.
- સુએઝ ટ્રીટમેન્ટ, આધુનિક રિવરફ્રન્ટ, સ્મશાન ઘાટોનું પુનઃનિર્માણ, કિનારા અને ઘાટો પર સફાઈની સાથે ગંગા કિનારે રૂ. 2300 કરોડનાં ખર્ચે જંગલનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. ગંગામાં પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો પર નિયંત્રણ મૂકવામાં આવ્યા છે. 130 ગંદા નાળાનું પાણી હવે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર પહોંચાડવામાં આવે છે. ●




## કેન્દ્રીય મંત્રીમંડળ

# નવા ભારતની નવી ઊર્જા

**સત્તા કે પદ કોઈ શોભા માટે નથી હોતા. સત્તા તો સેવા કરવાનો અવસર હોય છે. આપણે આ વાત ધ્યાનમાં રાખીને આગળ વધવાનું છે, કારણ કે કોઈ વૃક્ષ ગમે તેટલું ઊંચું કેમ ન હોય, ફળ બેસતાં જ તે નમવા લાગે છે. અનેક પ્રસંગોએ કહેવામાં આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો સરકારની રાષ્ટ્રનીતિનો આધાર છે. 7 જુલાઈનાં રોજ મોદી સરકારની બીજી ટર્મના પ્રથમ મંત્રીમંડળ વિસ્તરણમાં પણ તેની ઝલક જોવા મળી, જેમાં પ્રાદેશિક અને સામાજિક સંતુલનની સાથે સાથે અનુભવ, યોગ્યતા, યુવાનો અને મહિલાઓની પસંદગી કરીને સંતુલન સાધવામાં આવ્યું છે...**

પ્ર 'પ્રગતિ માટેની સરકાર'ની ફોર્મ્યુલા પર આગળ વધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 7 જુલાઈએ તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કરીને તેને નવું રૂપ આપ્યું છે. નવા ભારતની સંકલ્પના સાથે આઝાદીના 75માં વર્ષમાં પ્રવેશ કરી રહેલા રાષ્ટ્રને નવી ઊર્જાથી ભરતા 15 કેબિનેટ અને 28 રાજ્ય કક્ષાના મંત્રીઓને જવાબદારી આપવામાં આવી છે. આમાંથી અડધા મંત્રીઓ 35થી 45ની ઉંમરના છે. આ વિસ્તરણ સાથે વર્તમાન મંત્રીમંડળની સરેરાશ ઊંમર ઘટીને 58 વર્ષ થઈ ગઈ છે. મક્કમ નિર્ધાર સાથે દેશને આગળ લઈ જવાના સરકારના વિઝનનો સંકેત વડાપ્રધાને પોતાની નવી ટીમની રચના બાદ કરેલી ટ્વિટમાં આપ્યો. તેમણે #Govt4Growth (ગવર્મેન્ટ ફોર ગ્રોથ-પ્રગતિ માટે સરકાર) હેશટેગ સાથે ટ્વિટ કરીને પોતાની સરકારને વિકાસ માટે સમર્પિત ગણાવી.

> **“હું એ તમામ સહકર્મીઓને અભિનંદન આપું છું, જેમણે આજે શપથગ્રહણ કર્યા છે. તેમને મંત્રી તરીકે ઉમદા કાર્યકાળની શુભકામના આપું છું. અમે બધાં જનતાની મહત્વાકાંક્ષાઓને પૂરી કરવા કામ ચાલુ રાખીશું તથા મજબૂત અને સમૃધ્ધ ભારતનું નિર્માણ કરીશું. #Govt4Growth”**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

(વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેબિનેટની નવી ટીમની સંપૂર્ણ યાદી જોવા માટે આ લિન્ક પર જાવઃ https://pib.gov.in/PressReleseDetail.aspx?PMO=3&PRID=1733594)

કેન્દ્રીય કેબિનેટના વિસ્તરણનો શપથ ગ્રહણ સમારોહ જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો




# સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી

‘સહકારથી સમૃધ્ધિ’ના સ્વપ્નને સાકાર કરવા માટે કેન્દ્ર સરકારે કેબિનેટ વિસ્તરણ પહેલાં ઐતિહાસિક પગલું ભરતાં સહકાર મંત્રાલયની રચના કરી છે. સહકારી પ્રવૃત્તિઓને મજબૂત કરવાની દિશામાં નવા સહકાર મંત્રાલયની રચના પ્રજાની લાગણીઓને વાચા આપશે. સરકાર માટે આ મહત્વનું ખાતું છે એ વાતનો અંદાજ એ બાબત પરથી પણ લગાવી શકાય કે પ્રથમ વાર રચવામાં આવેલા આ મંત્રાલયનું સુકાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને સોંપવામાં આવ્યું છે. આ મંત્રાલય દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે અલગ વહીવટી, કાનૂની અને નીતિગત માળખું પ્રદાન કરશે. સહકારી સમિતિઓને પાયાના સ્તર સુધી પહોંચાડવા માટે જનભાગીદારી આધારિત આંદોલનને મજબૂત કરવામાં પણ મદદરૂપ સાબિત થશે. દેશમાં સહકારી આધારિત આર્થિક વિકાસ મોડલ ઘણું પ્રાસંગિક છે, જ્યાં દરેક સભ્ય પોતાની જવાબદારીની ભાવના સાથે કામ કરે છે. આ મંત્રાલય સહકારી સમિતિઓના કામકાજને સરળ અને અસરકારક બનાવવા મલ્ટી સ્ટેલ કોઓપરેટિવ કમિટી (MSCS)ને વિકાસ માટે સક્ષમ બનાવવાની દિશામાં કામ કરશે.

## ‘સબકા વિકાસ’નું પ્રતિબિંબ બની ટીમ

કેન્દ્રીય મંત્રીમંડળમાં 130 કરોડ ભારતીયોની આકાંક્ષાઓને ધ્યાનમાં રાખતા ભારતના તમામ પ્રદેશો અને સમુદાયોને પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો. નવું મંત્રીમંડળ કેન્દ્ર સરકારના ‘સબકા સાથ સબકા વિકાસ, સબકા વિશ્વાસ’ના સૂત્રનું પ્રતિબિંબ બની ગયું છે. તેમાં અનુસૂચિત જાતિના 12, અનુસૂચિત જનજાતિના 8 અને પછાત વર્ગના 27 ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, 11 મહિલાઓ અને પાંચ લઘુમતી મંત્રીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સામાજિક અને ક્ષેત્રીય સંતુલનની સાથે સાથે વડાપ્રધાન મોદીએ પોતાની ટીમની રચના કરતા યોગ્યતાને પણ ખાસ મહત્વ આપ્યું છે.

## યોગ્યતાની સાથે યુવાન ચહેરા

નવા મંત્રીમંડળમાં યુવાનો-મહિલાઓની સાથે સાથે અનુભવ, યોગ્યતા અને પ્રોફેશનલ્સને પણ સમાવીને વડાપ્રધાન મોદીએ પોતાની કેબિનેટમાં વિવિધતામાં એકતાની ઓળખ ઊભી કરી છે. નવા મંત્રીમંડળ પરથી એ સ્પષ્ટ છે કે ક્ષેત્રીય અને સામાજિક આકાંક્ષાઓની સાથે સાથે ઉચ્ચ યોગ્યતા ધરાવતા સભ્યો, રાજ્યોમાં વહીવટી અનુભવ ધરાવતા લોકોને સમાવીને દેશને મજબૂત બનાવવાની દિશામાં કામ કરવામાં આવ્યું છે. તેમાં ડોક્ટર, વકીલ અને એન્જિનિયર પણ સામેલ છે. મંત્રીમંડળના વિસ્તરણમાં જે 36 નવા ચહેરાઓને સમાવવામાં આવ્યા છે, તેમાં 8 વકીલ, 4 ડોક્ટર, બે ભૂતપુર્વ આઈએએસ અધિકારી, ચાર એમબીએ સહિત અનેક એન્જિનિયર અને પ્રોફેશનલ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## વિભાગોના તાલમેલ પર ભાર

વડાપ્રધાને પાયાના સ્તર પર નીતીઓના ઝડપી અને અસરકારક અમલ કરવા નવી પેઢીને આગળ વધારી છે, તો સાથે સાથે સરકારના વિભાગો વચ્ચે વધુ સારા તાલમેલ માટે અનેક મંત્રીઓને બે બે વિભાગની જવાબદારી પણ સોંપી છે, જેથી વિકાસની ગતિને વધુ ઝડપી કરી શકાય. કોવિડ મહામારી દરમિયાન જરૂરી તાલમેલ બેસાડવા માટે આરોગ્ય અને ફાર્માની જવાબદારી એક જ કેબિનેટ મંત્રીને સોંપવામાં આવી છે. આ રીતે, શિક્ષણની સાથે કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા વિભાગ, વાણિજ્યની સાથે અન્ન અને ગ્રાહક બાબતો, તથા કપડા વિભાગનો હવાલો એક જ કેબિનેટ મંત્રીને આપવામાં આવ્યો છે. ●

## આઝાદી કા અમૃત મહોત્સવ

# ઓગસ્ટ ક્રાંતિ...

**ઓગસ્ટ મહિનો ક્રાંતિનો મહિનો કહેવાય છે. 1 ઓગસ્ટ, 1920નાં રોજ અસહકારના આંદોલનનો પ્રારંભ થયો હતો. 9 ઓગસ્ટ, 1942નાં રોજ ભારત છોડો આંદોલનનો પ્રારંભ થયો, જેને 'ઓગસ્ટ ક્રાંતિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. 15 ઓગસ્ટ, 1947નાં રોજ ભારત આઝાદ થયો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં, જેમ ભારત છોડો આંદોલનમાં 'અંગ્રેજો, ભારત છોડો' નો દ્રઢ સંકલ્પ નિર્ણાયક બન્યો હતો, એ જ રીતે જ્યારે ભારત તેની આઝાદીના 75માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે ત્યારે આ વર્ષમાં આપણે કેટલાંક દ્રઢ સંકલ્પોને સાકાર કરવા માટે નિર્ણાયક લડાઈ લડવાની છે જેમ કે, "ગંદકી-ભારત છોડો, ગરીબી -ભારત છોડો, ભ્રષ્ટાચાર-ભારત છોડો, આતંકવાદ-ભારત છોડો, જાતિવાદ-ભારત છોડો, સંપ્રદાયવાદ-ભારત છોડો."**



15 ઓગસ્ટે આપણે આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરીશું તે પહેલાં 1 ઓગસ્ટે અસહકારની ચળવળની 101મી અને 9 ઓગસ્ટે ભારત છોડો આંદોલનની 79મી વર્ષગાંઠ મનાવીશું. નવી પેઢી માટે એ જાણવું જરૂરી છે કે 9 ઓગસ્ટ, 1942નાં રોજ શું થયું હતું. 1857થી 1942 સુધી અંગ્રેજો સામે લડનારા દેશવાસીઓ ભવિષ્યનાં ભારતના નિર્માણ માટે આપણી પ્રેરણા છે. સ્વંત્રતાસેનાનીઓએ આપેલા ત્યાગ અને બલિદાનથી મોટી પ્રેરણા શું હોઈ શકે? ભારત છોડો આંદોલન ભારતીય સ્વતંત્રતા આંદોલનનો મહત્વપૂર્ણ સંઘર્ષ હતો. આ આંદોલને બ્રિટિશ રાજમાંથી મુક્ત કરવા સમગ્ર દેશમાં જુવાળ ઊભો કર્યો હતો.

આ એ સમય હતો, જ્યારે ભારતના દરેક ગામ, શહેરમાં અમીર, ગરીબ, ભણેલા, અભણ એમ દરેક પ્રકારના લોકોમાં અંગ્રેજી સત્તા સામે રોષ હતો. મહાત્મા ગાંધીના આહવાન પર લાખો ભારતવાસી ‘કરો યા મરો’ના મંત્ર સાથે પોતાના જીવનને સંઘર્ષમાં ખપાવી દેતા હતા. દેશના લાખો યુવકોએ ભણવાનું છોડી દીધું હતું. 9 ઓગસ્ટનાં રોજ મહાત્મા ગાંધીએ ‘ભારત છોડો’ આંદોલનનું આહવાન કર્યું તો અંગ્રેજોએ તમામ મોટા નેતાઓને જેલમાં પૂરી દીધા. આ એ સમય હતો, જ્યારે બીજી પેઢીના નેતાઓ- ડૉ. રામમનોહર લોહિયા, જયપ્રકાશ નારાયણ, અરૂણા અસફ અલી જેવા મહાપુરુષોએ અગ્રણી ભૂમિકા નિભાવી હતી.

આપણાં વર્તમાન અને ભૂતકાળને જોતાં એ આપણી ફરજ છે કે આપણે આવનારી પેઢીઓને આઝાદીનું મહત્વ સમજાવીએ કે આજથી 75 વર્ષ પહેલાં કઈ કિંમતે આઝાદી મળી હતી. તેથી આઝાદી કા અમૃત મહોત્સવ શ્રૃંખલામાં અમે દેશના સ્વતંત્રતા આંદોલન સાથે સંકળાયેલા કેટલાંક ગુમનામ નાયકોની કહાની લઈને આવ્યા છીએ, જેમણે આઝાદી માટે બલિદાન આપવાની સાથે સાથે દેશ માટે મરી ફીટવાની ભાવના પણ જગાવી.

**“**

**જ્યારે આપણે ગુલામીના એ સમયની કલ્પના કરીએ છીએ, જ્યાં કરોડો લોકોએ સદીઓ સુધી આઝાદીની એક સવારની રાહ જોઇ, ત્યારે એ હકીકતનું મૂલ્ય સમજાય છે કે આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશનો પ્રસંગ કેટલો ગૌરવપૂર્ણ છે. આ પર્વમાં શાશ્વત ભારતની પરંપરા પણ છે, સ્વતંત્રતા સંગ્રામનો પડછાયો પણ છે, અને આઝાદ ભારતની ગૌરવાન્વિત પ્રગતિ પણ છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**





# ઉષા મહેતા

## રેડિયોના માધ્યમથી ક્રાંતિ ફેલાવી

સુરતમાં 25 માર્ચ, 1920નાં રોજ જન્મેલાં ઉષા મહેતાના પિતા બ્રિટિશ રાજમાં ન્યાયમૂર્તિ હતા. એક દિવસ તેમના ગામમાં મહાત્મા ગાંધીની સભા મળી. આ સભાએ તેનાં બાળ માનસમાં ઊંડી છાપ છોડી, જેને પગલે તે નાની ઉંમરમાં જ ગાંધીજીની પ્રશંસક બની ગયાં. તેઓ ગાંધીજીના વિચારો અને ફિલોસોફીથી પ્રભાવિત થયાં અને તમામ સુખ-સુવિધાઓનો ત્યાગ કરીને સામાન્ય જીવનશૈલી અપનાવી. જાતે ખાદીના કપડા બનાવવાનું શીખ્યા અને એ જ પહેરવાનું શરૂ કર્યું. તેમણે માત્ર આઠ વર્ષની ઉંમરમાં 'સાઈમન ગો બેક'નો નારો આપ્યો હતો. 8 ઓગસ્ટ, 1942નાં રોજ ગાંધીજીએ લોકોને 'ભારત છોડો 'આંદોલન સાથે જોડાવાનું આહવાન કર્યું અને 'કરો યા મરો'નો નારો આપ્યો તો ઉષા મહેતાએ આ નારાને આત્મસાત કરી લીધો અને ભારતની આઝાદીની લડાઈમાં મહત્વની ભૂમિકા ભજવી. ભારત છોડો આંદોલનના આહવાનની સાથે બ્રિટિશ સરકારે ગાંધીજી સહિત અનેક મોટા કોંગ્રેસી નેતાઓની ધરપકડ કરી. નેતાઓને જેલમાં પૂરીને અંગ્રેજી સરકાર આ સમગ્ર આંદોલનને કચડી નાખવા માગતી હતી, પણ ઉષા મહેતા નોખી માટીની બનેલાં હતાં. તેઓ અન્ડરગ્રાઉન્ડ થઈ ગયા અને ભૂગર્ભ રેડિયો સ્ટેશન શરૂ કર્યા. 14 ઓગસ્ટ, 1942નાં રોજ તેમણે આ રેડિયો પર પ્રથમ પ્રસારણ કર્યું. ધીરે ધીરે આ રેડિયો બ્રિટિશ શાસન સામે આઝાદીનો અવાજ બની ગયો. તેમને ખાસ સંદેશાવાહકો અને અન્ય સૂત્રો પાસેથી મહત્વની માહિતી મળતી હતી. પ્રારંભમાં દિવસમાં બે વાર હિન્દી અને અંગ્રેજીમાં પ્રસારણ કરતા હતા, જેને પછીથી એક વાર કરવામાં આવ્યું. તેઓ ભૂગર્ભ પ્રવૃત્તિના ભાગ રૂપે રેડિયો ચલાવતા હતા અને સતત પોતાનું ઠેકાણું બદલતા રહેતા હતા. પોલિસ તેમનો પીછો કરતી હતી અને અંતે તેમની ધરપકડ કરવામાં આવી. તેમને ચાર વર્ષની સજા કરવામાં આવી અને 1942થી 1946 સુધી જેલમાં રહેવું પડ્યું. એપ્રિલ 1946માં તેમને યરવડા જેલમાંથી મુક્તિ આપવામાં આવી. તેમણે બોમ્બે યુનિવર્સિટી વિલ્સન કોલેજમાં 30 વર્ષ સુધી ભણાવ્યું છે. તેઓ કોલેજના પોલિટિકલ સાયન્સ વિભાગના વડા પણ હતા, ગાંધી પીસ ફાઉન્ડેશનના અધ્યક્ષ પણ રહ્યા. તેમને પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. 11 ઓગસ્ટ 2000નાં રોજ 80 વર્ષની ઉંમરે ઉષા મહેતાનું અવસાન થયું.



# કનકલતા બરુઆ

## ગોળી વાગવા છતાં તિરંગાને પડવા ન દીધો

22 ડિસેમ્બર, 1914નાં રોજ આસામમાં કર્ણેશ્વરી દેવી અને કૃષ્ણકાંત બરુઆને ઘેર જન્મેલા કનલકતા બરુઆ ભારતનાં મહાન સ્વતંત્રતા સેનાની હતા, જેમણે હાથમાં તિરંગો લઈને છાતી પર ગોળી ખાઈને દેશ માટે શહીદી વ્હોરી હતી. આમ તો, બાળપણમાં જ કનકલતાના મનમાં ક્રાંતિના બીજ અંકુરિત થઈ ગયા હતા, પણ મહાત્મા ગાંધીએ ભારત છોડો આંદોલનનું આહવાન કર્યું તો તેમને લડવાનું બળ મળ્યું. કનકલતાએ બ્રિટિશ સરકાર સામેની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાનું શરૂ કર્યું. ભારત છોડો આંદોલનના 43મા દિવસ એટલે કે 20 સપ્ટેમ્બર, 1942નાં રોજ ક્રાંતિકારીઓની સભા મળી, જેમાં તેજપુર પોલિસ સ્ટેશન પર તિરંગો લહેરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. નિર્ણય પ્રમાણે કનકલતા પોતાના બંને હાથમાં તિરંગો લઈને આગળ વધતી ગઈ. પોલિસ સ્ટેશન પહોંચતા જ અધિકારીઓની ભીડે ચેતવણી આપી કે આગળ વધશો તો ગોળી મારવામાં આવશે.

**આઝાદીની ચળવળમાં કનકલતાના યોગદાનને જોતાં ભારતીય તટરક્ષક દળે ગયા વર્ષે ઝડપથી પેટ્રોલિંગ કરતું એક જહાજ સેવામાં સામેલ કર્યું હતું, જેનું નામ ICGS કનકલતા બરુઆ રાખવામાં આવ્યું હતું. કોલકતામાં ગાર્ડનરિચ શિપ બિલ્ડર્સ એન્જિનિયર્સે આ જહાજનું નિર્માણ કર્યું છે.**


કનકલતાએ અધિકારીઓને સમજાવ્યાં કે અમે તમારી સાથે લડવા નથી આવ્યા, ઝંડો ફરકાવવા આવ્યા છીએ. પણ પોલિસ ઈન્સ્પેક્ટર બહુ કડક અધિકારી હતો. તેણે ઈનકાર કર્યો. પણ કનકલકતા આગળ વધતી રહી. એટલામાં એક સિપાઈએ ગોળી મારી, જે કનકલતાની છાતીમાં વાગી. છતાં તેણે તિરંગાને પડવા ન દીધો. દેશ માટે થઈને તે શહીદ થઈ ગઈ. સ્વતંત્રતા સેનાનીઓ કનકલતાના શબને ખભે ઊંચીને તેમનાં ઘર સુધી લઈ ગયા અને તેમના ગામમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. આસામના લોકો બહાદુરી અને બલિદાન માટે આજે પણ કનકલતાને યાદ કરે છે અને તેને વીરબાળા તરીકે ઓળખે છે. કહેવાય છે કે જે સિપાઈએ કનકલતાને ગોળી મારી હતી તેને પસ્તાવો થયો કે પોતાના જ દેશની 17 વર્ષની ક્રાંતિકારીની મેં હત્યા કરી. અંતે તેણે કુવામાં ઝંપલાવીને આત્મહત્યા કરી.



# વસુધા સિંહ

## અંગ્રેજ સરકારને બોધપાઠ શીખવાડનાર યોદ્ધા

મહાત્મા ગાંધીએ ભારત છોડો આંદોલનની જાહેરાત કરતા જ અંગ્રેજોએ મોટા આંદોલનકારી નેતાઓ અને સ્વતંત્રતા સેનાનીઓની ધરપકડ કરીને તેમને જેલમાં પૂરી દીધા. એ પછી દેશભરમાં આઝાદીની મશાલ પ્રજ્વલિત થતા બીજી હરોળના નેતાઓ અને કાર્યકર્તાઓ પોતપોતાના વિસ્તારમાં જઈને પ્રદર્શન કરવા લાગ્યા અને આંદોલનને આગળ વધારવામાં લાગી ગયા. તે સમયે ઉત્તરપ્રદેશના આંબેડકર નગર જિલ્લાના રાજે સુલ્તાનપુરમાં આ આંદોલનનું વડપણ આ વિસ્તારના યુવક વસુધા સિંહ સંભાળતા હતા. વસુધા સિંહ યુવાવસ્થામાં જ આઝાદીના આંદોલન સાથે જોડાઈ ગયા હતા. તે સમયે આંબડેકર નગર ફૈઝાબાદ જિલ્લાનો તાલુકો હતો, જેને હવે અયોધ્યા જિલ્લા તરીકે ઓળખવામાં આવે છે. 23 ઓગસ્ટ, 1942નો દિવસ હતો. વસુધા સિંહ રાજે સુલ્તાનપુરમાં સ્વતંત્રતા સેનાનીઓ સાથે એક બેઠક યોજી રહ્યા હતા. એવામાં, અંગ્રેજ પોલિસે બેઠકમાં ભાગ લઈ રહેલા આંદોલનકારીઓ પર લાઠીચાર્જ શરૂ કરી દીધો. પોલિસ કાર્યવાહીથી રોષે ભરાયેલા સ્વતંત્રતા સેનાનીઓએ એક પોલિસ ઈન્સ્પેક્ટર અને બે સિપાઈઓને જીવતા સળગાવી દીધા. હિંસક બનેલા સ્વતંત્રતા સેનાનીઓના ટોળાએ નજીકની નદીમાં શબોને ફેંકી દીધા. અંગ્રેજ સરકારે તેને ગંભીર અપરાધ ગણાવીને એ વિસ્તારમાં કાળો કેર વર્તાવ્યો. પોલિસ વસુધા સિંહની પાછળ પડી ગઈ, પણ તેઓ પોતાના સાથીઓ સાથે ભાગી છૂટવામાં સફળ રહ્યા. આ દરમિયાન, તેમણે કલકત્તાની બંદૂર ફેક્ટરીમાં નામ બદલીને નોકરી કરી. અનેક મુશ્કેલીઓ વેઠી. મહાત્મા ગાંધીના નિર્દેશથી છેવટે તેમણે પોલિસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. તેમની સામે કેસ ચલાવવામાં આવ્યો અને ફાંસીની સજા સંભળાવવામાં આવી. દેશની આઝાદીની લડાઈમાં ભાગ લઈ રહેલા નેતાઓ વસુધા સિંહને ફાંસીની સજાથી ચિંતિત થયા. આ સ્વતંત્રતા સેનાનીને ફાંસીથી બચાવવામાં બધા લાગી ગયા. આખરે મહાત્મા ગાંધીની દરમિયાનગીરીથી અંગ્રેજ વાઈસરોયે દયા અરજી સ્વીકારીને ફાંસીની સજાને આજીવન કારાવાસમાં તબદીલ કરી. એમ માનવામાં આવે છે કે વસુધા સિંહને આઝાદી પછી જેલમાંથી મુક્તિ મળી હતી. 11 ડિસેમ્બર, 1982નાં રોજ તેમનું અવસાન થયું.



# બાબા કાંશીરામ

## લોકગીતો, કવિતાઓ અને વાર્તાઓ દ્વારા જન જાગૃતિ ફેલાવનાર ક્રાંતિવીર

બાબા કાંશીરામ ભારતના એવા સ્વતંત્રતા સેનાની અને ક્રાંતિકારી સાહિત્યકાર હતા જેમણે પોતાના લખેલા ગીતો, કવિતાઓ અને વાર્તાઓ દ્વારા સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક શોષણ સામે અવાજ ઉઠાવ્યો હતો. એટલું જ નહીં, સામાન્ય જનતાના દુઃખ દર્દને પણ પોતાની કવિતાઓના માધ્યમથી વાચા આપી. હિમાચલપ્રદેશના કાંગડા જિલ્લાના દેહરા સબડિવિઝનમાં ડાડાસીબામાં 11 જુલાઇ, 1882નાં રોજ જન્મેલા કાંશીરામ મહાત્મા ગાંધીના પ્રશંસક હતા અને આઝાદીના હિમાયતી હતા. જલિયાંવાલા બાગ હત્યાકાંડ બાદ તેમણે મહાત્મા ગાંધીના સંદેશને કવિતાઓ અને ગીતોના માધ્યમથી લોકો સુધી પહોંચાડવાનો નિર્ણય લીધો. તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી દેશ સ્વતંત્ર ન થાય, ત્યાં સુધી તેઓ કાળા કપડાં જ પહેરશે. એટલા માટે તેમને 'કાળા કપડા વાલા જનરલ' પણ કહેવામાં આવે છે. તેમણે અંતિમ શ્વાસ સુધી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું. 15 ઓક્ટોબર, 1943નાં રોજ તેમનું અવસાન થયું ત્યારે પણ તેમના શરીર પર કાળાં કપડાં જ હતા. હિમાચલમાં લોકો તેમને 'પહાડી ગાંધી' તરીકે પણ ઓળખે છે. પહાડી કવિતાઓ અને છંદોના માધ્યમથી બ્રિટિશરાજ વિરુધ્ધ દેશભક્તિનો સંદેશ ફેલાવવાને કારણે 11 વાર તેમની ધરપકડ કરવામાં આવી અને 1930થી 1942 દરમિયાન જીવનના લગભગ નવ વર્ષ જેલમાં વીતાવવા પડ્યા. જેલવાસ દરમિયાન તેમણે લખેલી દરેક રચનાએ લોકોમાં જોશ ભરી દીધો હતો. તેમની જાણીતી કવિતા છે-'અંગ્રેજ સરકાર દા ટિઘા પર ધાડા' (અંગ્રેજ સરકારનો સૂર્યાસ્ત થવાનો છે). લાહોર પ્રવાસ દરમિયાન તેમની મુલાકાત લાલા હરદયાલ, સરદાર અજીત સિંહ અને મૌલવી બરકત અલી સાથે થઈ, જેનો તેમનાં જીવન પર ઘણો પ્રભાવ પડ્યો હતો. માનવામાં આવે છે કે કાંશીરામની કવિતાઓ અને ગીતો સાંભળીને સરોજિની નાયડૂ તેમને 'બુલબુલ-એ-પહાડ' કહીને બોલાવતા હતા. 1984માં બાબા કાંશીરામના નામની ટપાલ ટિકિટ પણ જારી કરવામાં આવી હતી.

# રામપ્પા નાયડૂ

## દેશભક્તિના ગીતો ગાઈને આઝાદીની આહલેક જગાવી



કર્ણાટકના રાયલપાડમાં 1927માં જન્મેલા રામપ્પા નાયડુના મનમાં બાળપણથી જ ક્રાંતિના બીજ રોપાઈ ગયા હતા. મહાત્મા ગાંધીએ 1942માં ભારત છોડો આંદોલનનું આહવાન કર્યું ત્યારે રામપ્પા પણ તેનાથી ઘણા પ્રભાવિત થયા અને માત્ર 15 વર્ષની વયે તેમાં જોડાઇ ગયા. તેઓ સરહદી વિસ્તારોમાં લોકોને એકત્ર કરવામાં અને સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવા પ્રેરિત કરવા માંડ્યા. આટલું જ નહીં, તેઓ રાત્રે ચુપચાપ ગામડાંમાં જતા અને દેશભક્તિના ગીતો ગાઈને લોકોમાં આઝાદી માટે જાગૃતિ ફેલાવવાનું કામ કરતા. ગીત-સંગીતમાં તેમની રૂચિ હોવાથી તેનો ઉપયોગ સ્વતંત્રતા સંગ્રામમાં અંગ્રેજો વિરુદ્ધ કર્યો.

રાયલપાડમાં થયેલા આંદોલનમાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કે પટ્ટાભિરામન, હરડેકર મંજપ્પા, કે સી રેડ્ડી અને કેંગલ હનુમંતૈયાની સાથે તેઓ આંદોલનમાં જોડાયા હતા. 1947માં સ્વતંત્રતા સેનાનીઓની એક ટૂકડીએ નારાયણ રેડ્ડીના નેતૃત્વમાં રાયલપાડના પોલીસ મથક પર હૂમલો કર્યો અને ત્યાંના શસ્ત્ર સરંજામ અને દસ્તાવેજો સળગાવી દીધા. મથક પર હૂમલો કરનારા આંદોલનકારીઓમાં રામપ્પા પણ સામેલ હતા. થાણા પર હૂમલો કરનારી ટૂકડીના 80માંથી 40 સભ્યોના ધરપકડ માટે વોરન્ટ જારી કરવામાં આવ્યું. એમાંથી પોલિસ દ્વારા ધરપકડ કરાયેલા 35 સેનાનીઓમાં તેમનો પણ સમાવેશ થતો હતો. તેમને શારીરિક તકલીઓ આપવામાં આવી. જ્યારે તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા ત્યાં સુધી દેશને આઝાદી મળી ગઈ હતી. આઝાદી બાદ રામપ્પાએ વિનોબા ભાવેના નેતૃત્વમાં ભૂદાન ચળવળમાં પણ ભાગ લીધો હતો. ગાંધીવાદી મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે આ ક્ષેત્રમાં અનેક સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અમૂલ્ય યોગદાન આપ્યું. ●




# નવા ભારતમાં રમતગમતને પ્રોત્સાહન મળ્યું

# ખેલો ઈન્ડિયા અને ફીટ ઈન્ડિયા

**નવા ભારતમાં કેન્દ્ર સરકારનો અભિગમ પણ બદલાયો છે, જેનું ઉદાહરણ એ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓલિમ્પિક સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહેલા ખેલાડીઓ સાથે સંવાદ કર્યો હતો. દેશના ઈતિહાસમાં પ્રથમ વાર બન્યું છે કે કોઈ સરકારે રમતગમત અને ખેલાડીઓ સાથે સંકળાયેલી બાબતોને પ્રોત્સાહન આપવા માટે સક્રિય પ્રયાસ કર્યો હોય. 13 જુલાઈનાં રોજ સાંજે પાંચ વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેલાડીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે દેશના વડા, સંરક્ષક અને કોચની ભૂમિકામાં ખેલાડીઓ સાથે વાત કરતા જણાવ્યું કે, "તમે બધાં નવા ભારતનું પ્રતિબિંબ છો અને દેશના ભવિષ્યનું પ્રતીક પણ છો.."**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમતના મહાકુંભ ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લેવા જઈ રહેલા ખેલાડીઓનું મનોબળ વધારવા માટે તેમની પસંદ-નાપસંદ પર પણ ચર્ચા કરી. તેમણે જે ખેલાડીઓ સાથે વાતચીત કરી તેમાં એમસી મેરી કોમ (મુક્કાબાજી), સાનિયા મિર્ઝા (ટેનિસ), તીરંદાજ દીપિકા કુમારી અને પ્રવીણ જાધવ, જેવલીન થ્રોઅર નીરજ ચોપડા, દુત્તી ચંદ (એથ્લેટિક્સ), આશીષકુમાર (કુશ્તી), પીવી સિંધુ (બેડમિન્ટન), એલાવેનિલ વલારિવન (શૂટર), સૌરભ ચૌધરી (શૂટર), શરતકમલ (ટેબલ ટેનિસ), મનિકા બત્રા (ટેબલ ટેનિસ), વિનેશ ફોગાટ (કુશ્તી), સાજન પ્રકાશ (સ્વિમિંગ) અને મનપ્રીત સિંહ (હોકી)નો સમાવેશ થાય છે. ભારત આ વખતે 228 સભ્યોની ટીમ સાથે ઓલિમ્પિકમાં ગયું છે, જેમાંથી 125 એથ્લીટ છે. ભારત 18 રમતોની 69 સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યું છે. ભારત તરફથી કોઈ પણ ઓલિમ્પકમાં ગયેલી આ સૌથી મોટી ટીમ છે.

- **વડાપ્રધાનઃ દીપિકાજી, મને જાણવા મળ્યું છે કે બાળપણમાં તમે કેરી તોડવા માટે નિશાન લગાવતા હતા. તમારી આ યાત્રા અંગે દેશ ઘણું બધું જાણવા માગે છે.**
- **દીપિકા કુમારીઃ** મારી યાત્રા પહેલેથી જ સારી રહી છે. મને કેરી બહુ ભાવે એટલે આ વાર્તા બની શકી. પ્રારંભમાં થોડો સંઘર્ષ કરવો પડ્યો કારણ કે ત્યાં સારી સુવિધા નહોતી. એ પછી તીરંદાજી કર્યા બાદ ઘણી સારી સુવિધા મળી અને મને ઘણા સારા કોચ પણ મળ્યા.

---

- **વડાપ્રધાનઃ મને યાદ છે કે તમને આઇસક્રીમ ખાવાની પણ મંજૂરી નહોતી. શું હજુ પણ આઇસક્રીમ ખાવા પર પ્રતિબંધ છે, કે કોઇ છૂટ મળી છે?**
- **પી વી સિંધુઃ** થોડો અંકુશ રાખું છું. કારણ કે એથ્લીટ માટે ડાયેટ ખૂબ મહત્વપૂર્ણ છે. હવે ઓલિમ્પિકમાં જવાનું છે એટલે તૈયારી કરી રહી છું. થોડો ડાયેટ કન્ટ્રોલ તો કરીશ જ. આઇસક્રીમ તો ક્યારેક ક્યારેક ખઇ લઉં છું.
- **વડાપ્રધાનઃ તમે બહુ મહેનત કરો. મને વિશ્વાસ છે કે આ વખતે તમે ચોક્કસ સફળ થશો. સફળતા પછી તમારી સાથે મુલાકાત કરવાની જ છે, તો એ વખતે તમારી સાથે આઇસક્રીમ ખાઇશ.**

---

- **વડાપ્રધાનઃ નીરજ, તમે તો ભારતીય લશ્કરમાં છો. લશ્કરમાં એવા કયા અનુભવ અને ટ્રેઇનિંગ મળી જેણે તમને રમતગમતમાં અહીં સુધી પહોંચવામાં મદદ કરી?**
- **નીરજ ચોપડાઃ** મને ભારતીય લશ્કર બહુ ગમતું હતું. હું તેમાં જોડાયો ત્યારથી મારી રમત પર ફોકસ કરી રહ્યો છું. ભારતીય લશ્કરે મને સગવડો આપી અને ભારત સરકાર મને તમામ મદદ કરી રહી છે.
- **વડાપ્રધાનઃ તમારે અપેક્ષાઓના બોજ હેઠળ દબાવાની જરૂર નથી. તમે તમારું 100 ટકા યોગદાન આપો. વગર દબાણે પૂરતા પ્રયત્ન કરો.**

---

- **વડાપ્રધાનઃ દુત્તીજી, વર્ષોની મહેનતનો નિર્ણય થોડી સેકંડોમાં જ થવાનો છો. તેનો સામનો કરવો કેટલો મુશ્કેલ હોય છે?**
- **દુત્તી ચંદઃ** 100 મીટર રેસ તો 10-11 સેકન્ડમાં પૂરી થઈ જાય છે. પણ તેની તૈયારી કરવામાં આખું વરસ જતું રહે છે. બહુ મહેનત કરવી પડે છે. જીમમાં બહુ કસરત અને સ્વિમિંગ પુલમાં પ્રેક્ટિસ કરવી પડે છે. હંમેશા એક પડકારની જેમ રમવું પડે છે.

---

- **વડાપ્રધાનઃ આશીષકુમારજી, તમે કોવિડ સામેની લડાઇ પણ લડ્યા છો. એક ખેલાડી તરીકે તમારા માટે એ કેટલું મુશ્કેલ રહ્યું?**
- **આશીષકુમારઃ** સ્પર્ધાના 25 દિવસ પહેલાં મારા પિતાનું અવસાન થયું હોવાથી હું બહુ આઘાતમાં હતો.

> **તમે આ વાતના સાક્ષી છો કે દેશ કઇ રીતે નવી દ્રષ્ટિ, નવા અભિગમ સાથે પોતાના દરેક ખેલાડીની પડખે ઊભો છે. આજે દેશ માટે તમારું મોટિવેશન મહત્વપૂર્ણ છે. તમે ખુલીને રમી શકો, પોતાની સંપૂર્ણ તાકાત સાથે રમી શકો, પોતાની રમતને, ટેકનિકને નિખારી શકો, તેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

- **વડાપ્રધાનઃ તમને યાદ હશે, સચીન તેંડુલકરજી બહુ મહત્વની સ્પર્ધા રમતા હતા અને તે વખતે તેમના પિતાનો સ્વર્ગવાસ થયો. પણ તેમણે ક્રિકેટને પ્રાથમિકતા આપી અને રમતના માધ્યમથી પિતાજીને શ્રધ્ધાંજલિ આપી. તમે પણ આવી જ કમાલ કરી છે.**

---

- **વડાપ્રધાનઃ હું જાણવા માગું છું કે તમારી પસંદગીના ખેલાડી કોણ છે?**
- **મેરી કોમઃ** સર, મારા ફેવરીટ ખેલાડી, બોક્સિંગના હીરો અને પ્રેરણાસ્રોત મુહમ્મદ અલી છે.

---

- **વડાપ્રધાનઃ એલાવેનિલ, હાલમાં તમે ગ્રેજ્યુએશન કરી રહ્યા છો. શૂટિંગ કેરિયર અને અભ્યાસનું સંતુલન કઈ રીતે કરો છો?**
- **એલોવેનિલઃ** આ માટે હું ગુજરાત યુનિવર્સિટી અને કોલેજનો આભાર માનું છું. તેમણે મને ઘણી બધી છૂટ આપી. તેમણે મારા માટે પરીક્ષાની પણ વિશેષ વ્યવસ્થા કરી હતી. તેમણે મને ઘણો સહકાર આપ્યો છે.

---

- **વડાપ્રધાનઃ તમે આટલી નાની ઉંમરમાં ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું, તમારું આ મિશન કઇ રીતે અને ક્યારે શરૂ થયું**
- **સૌરભ ચૌધરીઃ** 2015માં મેં શૂટિંગ શરૂ કર્યું હતું. અમારી પાસેના ગામમાં એક શૂટિંગ એકેડેમી છે, ત્યાં મેં તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. મને મારા પરિવારનો પણ બહુ સહયોગ મળ્યો. ભારત સરકાર અમારી મદદ કરતી રહી અને આજે અમે અહીં સુધી પહોંચ્યા છીએ.



- **વડાપ્રધાનઃ મને તમારા બાળપણના સંઘર્ષની જાણકારી છે. તમારા પિતા મજૂરી કરતા હતા પણ આજે તમે દેશનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા છો, જે પ્રેરણાદાયી છે. તમે મુશ્કેલી વેઠી છે, પણ ક્યારેય લક્ષ્યને આંખોની સામેથી હટવા નથી દીધું. તમારા જીવનના પ્રારંભિક અનુભવોએ ચેમ્પિયન બનાવવામાં તમારી શી મદદ કરી?**

- **પ્રવીણ જાધવઃ** મને લાગતું હતું કે અહીં હાર માનીશ તો અત્યાર સુધીની મહેનત નકામી જશે. તેનાં કરતાં હજુ વધુ મહેનત કરીને સફળતા મેળવું એ સારું.

- **વડાપ્રધાનઃ પ્રવીણજી, મને કહેવામાં આવ્યું છે કે તમારી ટ્રેઈનિંગ પહેલાં એથ્લીટ બનવા માટે થઈ હતી?**

- **પ્રવીણ જાધવઃ** હું ગવર્મેન્ટ એકેડેમીમાં એથ્લેટિક્સની તાલીમ લેતો હતો, પણ નબળો હતો એટલે મારા કોચે કહયું કે તારે બીજી કોઇ રમતમાં ટ્રાય કરવો જોઇએ. એટલે મને તીરંદાજી આપવામાં આવી. મારી આર્થિક સ્થિતિ સારી નથી. મને ખબર હતી કે ઘરે જઇને મારે મજૂરી જ કરવી પડશે. એનાં કરતાં એકેડેમીમાં તાલીમ લઈને કંઈક સારું કરવું જોઇએ.

- **વડાપ્રધાનઃ તમે જ્યારે રમવાનું શરૂ કર્યું ત્યારે અને અત્યાર સુધીના સમયગાળામાં ટેબલ ટેનિસમાં પરિવર્તન આવ્યું હોય એમ તમને લાગે છે? રમતગમત સાથે સંકળાયેલા સરકારી વિભાગોના અભિગમમાં કોઇ ફેરફાર અનુભવ્યો છે?**

- **શરત કમાલઃ** ઘણો બધો. બહુ બધાં પરિવર્તન આવ્યા છે. જેમ કે 2006માં હું પ્રથમ વાર કોમનવેલ્થમાં ગોલ્ડમેડલ જીત્યો હતો અને 2018માં અમે બધાં મળીને ગોલ્ડ મેડલ જીત્યા હતા. 2006 અને 2018માં ઘણો ફરક હતો.

- **વડાપ્રધાનઃ મનિકા, મને કહેવામાં આવ્યું છે કે તમને ડાન્સિંગનો પણ બહુ શોખ છે. શું તમારા માટે ડાન્સિંગ 'સ્ટ્રેસ બસ્ટર' તરીકે કામ કરે છે**

- **મનિકા બત્રાઃ** હા,સર. મારા માટે ડાન્સ 'સ્ટ્રેસ બસ્ટર'નું કામ કરે છે. જ્યારે પણ ટુર્નામેન્ટમાં જઉં છું, ખાલી સમય હોય છે ત્યારે રૂમમાં જતી રહું છું અને ડાન્સ કરું છું, કારણ કે મને ડાન્સ કરવો ગમે છે અને તેનાથી આત્મવિશ્વાસ આવે છે.

- **વડાપ્રધાનઃ વિનેશ ફોગાટના માતા-પિતાને મારો જરા અલગ સવાલ છે. જ્યારે પણ કોઈ ફિટ અને તંદુરસ્ત હોય છે ત્યારે આપણા દેશમાં પૂછવામાં આવે છે કે, "કૌન સી ચક્કી કા આટા ખાતે હો?" તો ફોગટ પરિવાર પોતાની પુત્રીઓને કઈ ઘંટીનો લોટ ખવડાવે છે? અને એ પણ જણાવો કે વિનેશને કયો મંત્ર આપીને ટોક્યો મોકલો છો?**

- **માતા-પિતાઃ** જૂઓ, ઘંટીની વાત કરું તો, અમારા ગામની ઘંટીનો લોટ ખાઈએ છીએ. અમે ગાય-ભેંસ રાખીએ છીએ. એ ગાય-ભેંસનાં દૂધ, દહીં, ઘી, માખણ ખાઈએ છીએ. આ વખતે મને મારી દીકરી પર સંપૂર્ણ વિશ્વાસ છે. તે ચોક્કસ ગોલ્ડ મેડલ લાવશે.

- **વડાપ્રધાનઃ મને કહેવામાં આવ્યું છે કે તમારા માતાજીએ પણ એથ્લેટિક્સમાં દેશનું ગૌરવ વધાર્યું છે. તમારી માતાજી પાસેથી શું શીખ્યા?**

- **સાજન પ્રકાશઃ** મારા માટે મારી માતા સર્વસ્વ છે. તે ખેલાડી રહી ચૂકી છે અને તેમણે મારી બહુ મદદ કરી છે.

- **વડાપ્રધાનઃ ઓલિમ્પિકમાં હોકીમાં ભારતનો બહુ ગૌરવવંતો ઈતિહાસ રહ્યો છે. રમત દરમિયાન તમને તણાવનું વાતાવરણ તો નથી હોતુંને?**

- **મનપ્રીત સિંહઃ** ના, બિલ્કુલ નહીં, હોકીમાં આપણે અત્યાર સુધી આઠ ગોલ્ડમેડલ જીત્યા છીએ. અમે ઓલિમ્પિકમાં જઈએ છીએ ત્યારે એ જ પ્રયત્ન કરીએ છીએ કે અમારાં શ્રેષ્ઠ પ્રયાસ કરીએ અને ભારત માટે ગોલ્ડ મેડલ જીતીએ.

- **વડાપ્રધાનઃ તમે પહેલાં પણ સ્પોર્ટ્સ માટે સરકારી વિભાગોનું કામકાજ જોયું છે. છેલ્લાં 5-6 વર્ષમાં તમે કેવા ફેરફાર જોયા છે?**

- **સાનિયા મિર્ઝાઃ** પાંચ-છ વર્ષમાં ધીરે ધીરે વિશ્વાસ વધ્યો છે. સરકાર તરફથી હંમેશા સપોર્ટ મળ્યો છે. તમે હંમેશા મને કહ્યું છે કે તમે દરેક બાબતમાં સાથ આપશો. તો છેલ્લાં 5-6 વર્ષમાં ઘણું બધું કામ થયું છે અને ગયા ઓલિમ્પિકની સરખામણીમાં અત્યાર સુધી ઘણું પરિવર્તન આવ્યું છે. ●

ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓ સાથે વડાપ્રધાનની વાતચીત સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

# સરકારના નિર્ણયોને પગલે મહામારીમાં લોકોને રાહત મળી



**કેન્દ્ર સરકારે કોવિડને કારણે સ્થગિત થયેલા મોંઘવારી ભથ્થા પુનઃ શરૂ કર્યા છે એટલું જ નહીં, તેમાં વધારો કરીને લાખો કેન્દ્રીય કર્મચારીઓ-પેન્શનધારકોના હિતમાં પગલું લીધું છે. આ ઉપરાંત, ટેક્સટાઇલ ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા, આયુષ પ્રણાલિનું વિસ્તરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે અર્થતંત્ર અને જાહેર હિતમાં અનેક પગલાં લીધાં છે. કોવિડ ઈમરજન્સી એન્ડ હેલ્થકેરના બીજા તબક્કાને મંજૂરી આપવામાં આવી છે. ખેડૂતોના હિતમાં મંડી દ્વારા લાભ પહોંચાડવાની વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી રહી છે.**

- **નિર્ણયઃ કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ) અને મોંઘવારી રાહત (ડીઆર)ને વધારીને 28 ટકા કરવામાં આવ્યું છે. આનાથી કર્મચારીઓ અને પેન્શનર્સને લાભ થશે.**
- **અસરઃ** કોવિડ મહામારીને કારણે ડીએ સ્થગિત કરવામાં આવ્યું હતું. પણ કેન્દ્ર સરકારે તેમાં 11 ટકા વધારો કરીને કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોને મોટી રાહત આપી છે.
- પહેલાં ડીએનો દર 11 ટકા હતો, જે હવે 28 ટકા કરવામાં આવ્યો છે. તેનો અમલ 1 જુલાઈ, 2021થી કરવામાં આવશે, જેનાથી 48.34 લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને 65.2 લાખ પેન્શનધારકોને સીધો લાભ થશે.

---

- **નિર્ણયઃ તૈયાર વસ્ત્રોની નિકાસ માટે રાજ્ય અને કેન્દ્રીય કર 'લેવી' પર છુટની યોજના (RoSCTL) ના વિસ્તરણને મંજૂરી. આ યોજનાને 2024 સુધી લંબાવવામાં આવી છે. વર્ષ 2021-22 માટે રૂ. 19,400 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.**
- **અસરઃ** આનાથી નિકાસને પ્રોત્સાહન મળશે અને રોજગારીનું સર્જન થશે, ભારતીય કંપનીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવામાં મદદ મળશે.
- સ્થિર અને વિશ્વસનીય નીતિવાળી વ્યવસ્થાથી ખાસ કરીને કારીગરો આધારિત ટેક્સટાઇલ સેક્ટરને લાભ થશે.
- નિકાસ માટે સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન મળશે.
- આર્થિક વિકાસને પ્રોત્સાહન મળવાની સાથે સાથે ટેક્સટાઇલ સેક્ટરનું સ્વરૂપ બદલાઈ જશે.

---

- **નિર્ણયઃ દેશભરમાં આયુષ શિક્ષણ સંસ્થાઓને મજબૂત કરવા અને આયુષ સેવાઓ-દવાઓની ઉપલબ્ધતા વધારવા રાષ્ટ્રીય આયુષ મિશનને કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજના તરીકે રૂ. 4607 કરોડની જોગવાઈ સાથે 31 માર્ચ,**



- **નિર્ણયઃ ગ્રામીણ ભારતનાં સશક્તિકરણની દિશામાં દેશના પશુપાલક ખેડૂતોની આવક અને ઉત્પાદકતા વધારવાની દિશામાં ક્રાંતિકારી પગલું**

- **અસરઃ** કેન્દ્ર સરકાર રૂ. 9800 કરોડનો ખર્ચ કરશે અને તેનાથી પશુધન સાથે જોડાયેલા ક્ષેત્રોમાં રૂ. 54,618 કરોડનું અંદાજિત રોકાણ આવશે.

- તેમાં ત્રણ યોજનાઓ સામેલ છે. પશુધન વિકાસ યોજના, રાષ્ટ્રીય ગોકુળ મિશન અને નેશનલ એનિમલ ડિસીઝ પ્રોગ્રામ. ગોકુળ મિશન અંતર્ગત દેશી ગાય હોય કે ભેંસ હોય, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બ્રીડ મલ્ટિપ્લિકેશન પર કામ કરવામાં આવશે. સારા પરિણામોને આધારે ખેડૂતોને પ્રોત્સાહન પણ આપવામાં આવશે.

- આ પેકેજ અંતર્ગત પશુપાલન અને ડેરી માટે ક્વોલિટી બ્રિડીંગથી માંડીને, સારવાર, રસીકરણ, ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેસ્ટિંગ પર રોકાણ કરવામાં આવશે. વર્કિંગ કેપિટલ પર વ્યાજમાં રાહત પણ મળશે.

- પશુઓના રોગ નિયંત્રણ કાર્યક્રમાં પશુ સ્વાસ્થ્યને નેશનલ એનિમલ પ્રોગ્રામ સાથે જોડવામાં આવ્યું છે. પહેલાં માત્ર માણસો માટે જ એમ્બ્યુલન્સની વ્યવસ્થા હતી, હવે પશુઓની સારવાર માટે પણ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ કરવામાં આવી છે.

**2026 સુધી ચાલુ રાખવાની મંજૂરી.**

- **અસરઃ** તેનાથી આયુષ પ્રણાલી અંતર્ગત શિક્ષણ અને તાલીમ સુવિધાઓનું વિસ્તરણ થશે જેથી ઉપચાર પર નહીં પણ નિવારણ પર ભાર મૂકતી સારવાર પ્રણાલિને વધુ સારી બનાવી શકાય.
- આરોગ્ય તંત્ર પર બિમારીથી થતા ખર્ચનું ભારણ ઓછું થશે અને રોગોનાં નિવારણ સાથે સંકળાયેલી પ્રાચીન પ્રણાલિને દેશ-વિદેશમાં વધુ લોકપ્રિય બનાવી શકાય.
- 12,000થી વધુ આયુષ હેલ્થ-વેલનેસ સેન્ટર સ્થાપવામાં આવશે, દેશભરમાં છ આયુષ કોલેજ, 12 પીજી આયુષ સંસ્થાઓ, 10 અન્ડર ગ્રેજ્યુએટ સંસ્થાઓનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરવામાં આવશે.
- 50 બેડ, 30 બેડ, 10 બેડની નવી આયુષ હોસ્પિટલોનું બાંધકામ કરવામાં આવશે. આ ઉપરાંત, 50 બેડની 101 મોબાઈલ હોસ્પિટલોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરવામાં આવશે.
- 152 આયુષ ડિસ્પેન્સરીને પણ અપગ્રેડ કરવામાં આવશે. અરૂણાચલ પ્રદેશના પાસીઘાટમાં નેશનલ ઈસ્ટર્ન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોક મેડિસિન (NEIFM) ખાતે આયુર્વેદ પર રિસર્ચને પ્રોત્સાહન આપવામાં આવશે. આ સંસ્થા ટ્રાન્સ-હિમાલય પ્રદેશમાં સ્થિત હોવાથી આયુષના તમામ ક્ષેત્રોમાં રિસર્ચને પ્રોત્સાહન મળશે.

---

- **નિર્ણયઃ એપીએમસીને મજબૂત બનાવવાની સાથે સાથે ખેડૂતોના લાભ માટે એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફન્ડ હેઠળ ધિરાણ સુવિધા માટેની સેન્ટ્રલ સેક્ટર સ્કીમમાં સુધારાને મંજૂરી.**
- અસરઃ હવે પાત્રતાને લંબાવીને રાજ્યની એજન્સીઓ એપીએમસી,ફેડરેશનઓફનેશનલએન્ડસ્ટેટકોઓપરેટિવ સોસાયટી, ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (FPO) અને સ્વસહાય જૂથોને પણ સમાવવામાં આવ્યા છે.
- કોઈ પાત્ર એકમ વિવિધ સ્થળો પર પ્રોજેક્ટ્સ લગાવે તો તે રૂ. બે કરોડ સુધીનાં ઋણ માટે વ્યાજ સહાયતાને પાત્ર રહેશે. પહેલાં માત્ર એક જ સ્થળ માટે આ લાભ મળતો હતો.

---

- **નિર્ણયઃ કોવિડની બીજી લહેરમાં આરોગ્ય ક્ષેત્રને નડેલી મુશ્કેલીઓને જોતાં રૂ. 50,000 કરોડ સુધીના ભંડોળ સાથેની લોન ગેરન્ટી સ્કીમ (LGSCAS) ને મંજૂરી આપવામાં આવી છે. તેનો હેતુ હેલ્થ /મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત પ્રોજેક્ટ્સ (બ્રાઉનફિલ્ડ) અને ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સના વિસ્તરણ માટે નાણાંકીય ગેરન્ટી પૂરી પાડવાનો છે.**
- અસરઃ કોવિડ અસરગ્રસ્ત વિસ્તારો માટે ક્રેડિટ ગેરન્ટી સ્કીમ (LGMCAS)નો પ્રારંભ, ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ (ECLGS) અને આરોગ્ય માળખું સુધારવા માટેની પહેલ.
- હેલ્થકેર ઈન્ફ્રાસ્ટક્ચરનો વિકાસ, ઋણ જોખમને ઘટાડવું અને નીચા વ્યાજ દરે બેન્ક ઋણની સુવિધા
- ECLGS અંતર્ગત રૂ. 1,50,000 કરોડ સુધીનું વધારાનું



**● નિર્ણયઃ મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા માટે કોવિડ-19 ઈમરજન્સી રિસ્પોન્સ અને આરોગ્ય પ્રણાલિની તૈયારી પેકેજના બીજા તબક્કાને મંજૂરી**

અસરઃ તેનો હેતુ મહામારી વિરુધ્ધ અસરકારક અને તાત્કાલિક પ્રતિક્રિયા માટે જિલ્લા સ્તરની ક્ષમતાને મજબૂત બનાવવાનો છે

- તેમાં રાજ્યોને મદદ કરવામાં આવશે. તમામ 736 જિલ્લાઓમાં પિડિયાટ્રીક યુનિટ અને દરેક રાજ્યમાં પિડિયાટિક સેન્ટર્સ ઓફ એક્સલન્સ સ્થાપવામાં આવશે.
- પબ્લિક હેલ્થકેર સિસ્ટમમાં 20,000 આઈસીયુ બેડ વધારવામાં આવ્યા છે, જેમાંથી 20 ટકા પિડિયાટ્રિક આઈસીયુ બેડ હશે.
- વર્તમાન કમ્યુનિટી હેલ્થ સેન્ટર્સ, પ્રાઈમરી હેલ્થ સેન્ટર્સ, સબ હેલ્થ સેન્ટર્સ, જ્યાં 6થી 20 બેડના યુનિટ્સ છે ત્યાં વધારાના બેડ ઉમેરવામાં આવશે.
- ટિયર ટુ અને ટિયર થ્રી શહેરો-જિલ્લા વડામથકે 50થી 100 બેડ ધરાવતી મોટી પ્રાદેશિક હોસ્પિટલ સ્થાપવામાં આવશે.
- મેડિકલ ગેસ પાઈપલાઈન પ્રણાલિની સાથે 1050 લિક્વિડ મેડિકલ ઓક્સિજન સ્ટોરેજ ટેન્ક સ્થાપવામાં આવશે. 8800 એમ્બ્યુલન્સ પણ શરૂ કરવામાં આવશે
- સેન્ટ્રલ હોસ્પિટલ્સ, એઈમ્સ અને 'નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ' જેવી રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓને મજબૂત બનાવવામાં આવશે.
- તમામ જિલ્લા હોસ્પિટલોમાં મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમનો અમલ અને હાર્ડવેર ક્ષમતામાં વધારો
- ઈ-સંજીવનીમાં ટેલિ-કન્સલ્ટેશન્સની સંખ્યા પ્રતિ દિન 50,000થી વધારીને પાંચ લાખ કરવામાં આવશે

ભંડોળ

- ઓછા વ્યાજ દરે વધારાનું ઋણ આપવા માટે ઋણ આપતી સંસ્થાઓને પ્રોત્સાહિત કરવી
- વધુ સારી આરોગ્ય સેવાઓ માટે સંબંધિત યોજનાઓની શરૂઆત, બદલાતી જતી સ્થિતિના આધારે સમય-સમયે તેની કાર્યપધ્ધતિને અંતિમ રૂપ આપવામાં આવશે.


**● નિર્ણયઃ દરેક સ્થળે સરળતાથી બ્રોડબેન્ડ સુવિધા પહોંચાડવા માટે રૂ. 19,000 કરોડની જોગવાઈ. 16 રાજ્યોમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડલ દ્વારા કુલ રૂ. 29,430 કરોડનાં ખર્ચે ભારતનેટનો અમલ.**

- અસરઃ ભારત સરકાર તરફથી રૂ. 19,041 કરોડનું વાયેબિલિટી ગેપ ફન્ડિંગ અપાશે
- 'ઈન્ફોર્મેશન હાઈવે' દરેક ગામ સુધી પહોંચે તે માટે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે
- ઈ-ગવર્નન્સ છેવાડાના માનવી સુધી પહોંચશે, કોવિડ સમયમાં ટેલિમેડિસિનનો મોટો ફાળો રહ્યો છે. તેને પ્રોત્સાહન મળશે. દેશના ગ્રામીણ વિસ્તારોમાં બાળકો માટે સારી ડિજિટલ કોચિંગ વ્યવસ્થા હશે.
- ઈ-કોમર્સ પ્રોગ્રામ, ઓટીટી જેવી વિશાળ સંભાવનાઓ ખૂલશે. ઉદ્યોગસાહસિકતાનો વિકાસ થશે. ગામડાંમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેઈન્ટેન કરનારા યુવાનોની ટીમ બનાવવામાં આવશે. ગામડાંમાં કેબલ ઈન્સ્ટોલેશનનાં કૌશલ્યનો વિકાસ થશે.

**● નિર્ણયઃ વીજળી ક્ષેત્રને મજબૂત કરવા માટે કેન્દ્રીય મંત્રીમંડળે સુધારા આધારિત અને પરિણામ સંલગ્ન યોજના 'રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ'ને મંજૂરી આપી છે.**

- અસરઃ વીજળી ક્ષેત્રમાં અભૂતપૂર્વ પરિવર્તન. પહેલાં વીજળીની અછત હતી. હવે સરપ્લસ છે. સમગ્ર દેશને એક ટ્રાન્સમિશન સિસ્ટમથી જોડવામાં આવ્યું છે. વીજળી માટે સમગ્ર દેશ એક બજાર બની ગયું છે. આને કારણે વીજળીનો દર ઘટી ગયો છે. વિશ્વના ઈતિહાસમાં ટૂંકા સમયગાળામાં સૌથી મોટા વિસ્તરણનું આ સૌથી મોટું ઉદાહરણ છે. ●

કેબિનેટના નિર્ણયોની વિસ્તૃત વિગતો માટે ક્યુઆર કોડ સ્કેન કરો






## કોવિડ સામેની લડાઈ

# દરેક સ્થિતિ માટે તૈયાર છે ભારત

**કોવિડ સંક્રમણમાંથી બહાર આવી રહેલા ભારતની સ્થિતિ વિશ્વના બીજાં દેશોની સરખામણીમાં સૌથી સારી છે. ટેસ્ટ, ટ્રેસ અને ટ્રીટમેન્ટની સાથે રસીકરણને કારણે ભારતમાં ત્રણ કરોડથી વધુ લોકો કોવિડ સંક્રમણમાંથી મુક્ત થઈ ચૂક્યા છે. આ સંખ્યા વિશ્વના કોઈ પણ દેશમાં સાજા થયેલા દર્દીઓ કરતા વધુ છે. તો ત્રણ કરોડ દર્દીઓને સાજા થવામાં લાગતા દિવસો પણ સૌથી ઓછા ભારતમાં છે...**


### સાવધાની એ જ બચાવ

**"હિલ સ્ટેશનોમાં, બજારોમાં માસ્ક પહેર્યા વગર મોટી ભીડ ઉમટી પડે એ બરાબર નથી. કેટલાંક લોકો ત્રીજી લહેર આવતા પહેલાં એન્જોય કરવા માગે છે. આ ખોટું છે."**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

કોવિડની બીજી લહેર ભલે ધીમી પડી ગઈ હોય, પણ સંપૂર્ણ રીતે ખતમ નથી થઈ. નીતિ આયોગના સભ્ય ડો. વી કે પૌલના કહેવા પ્રમાણે કોવિડને સંપૂર્ણ રીતે નાબૂદ કરવો હોય તો આપણે કોવિડ પ્રોટોકોલનું સતત પાલન કરવું પડશે. બીજી લહેરમાં જે ઝડપથી કેસ વધ્યા તેટલી ઝડપથી ઓછા પણ થઈ રહ્યા છે. 12 જુલાઈનાં રોજ ભારતમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા ત્રણ કરોડથી વધુ હતી. ભારતમાં આટલા દર્દી સાજા થવામાં આશરે 529 દિવસો થયા છે. રિકવરી રેટ આશરે 97.28 ટકા છે. અમેરિકામાં આશરે 2.90 કરોડ દર્દીઓને સાજા થવામાં 539 દિવસો થયા હતા અને તેનો રિકવરી રેટ 84.18 ટકા હતો. કોવિડથી સાજા થયેલા દર્દીઓના સંદર્ભમાં ભારતની સ્થિતિ વિશ્વમાં સૌથી સારી છે. 13 જુલાઈનાં રોજ 31,443 કોવિડ સંક્રમણ કેસો નોંધાયા. દૈનિક કેસોના સંદર્ભમાં 118 દિવસ એટલે કે આશરે ચાર મહિના બાદ સૌથી ઓછો આંકડો છે.

કેસ ભલે અગાઉની સરખામણીમાં ઓછા થઈ રહ્યા હોય, પણ કેન્દ્ર સરકાર આ બાબતમાં જરાય ઢીલું મૂકવા માગતી નથી. 8 જુલાઈનાં રોજ કેબિનેટની બેઠકમાં મંજૂર કરાયેલી રૂ. 23,123 કરોડની 'ભારત કોવિડ-19 ઈમરજન્સી રિસ્પોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ પ્રિપેર્ડનેસ પેકેજ-ફેઝ ટુ' આ દિશામાં લેવાયેલું પગલું છે. તેનાં દ્વારા આરોગ્ય માળખાનો વિકાસ, રોગના પ્રારંભિક નિવારણ, ઓળખ અને સંચાલન દ્વારા તાત્કાલિક પગલાં લઈને આરોગ્ય પ્રણાલિને મજબૂત કરવામાં આવશે. 13 જુલાઈનાં રોજ પૂર્વોત્તરના આઠ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભવિષ્ય માટે સંપૂર્ણ રીતે તૈયાર રહેવા પર ભાર મૂકતા જણાવ્યું કે, "આપણે




કોરોના વેરિયન્ટ પર નજર રાખવી પડશે. મ્યુટેશન પછી તે કેટલો જોખમી હોઈ શકે છે તે અંગે નિષ્ણાતોના અભિપ્રાય અને તેમના રિસર્ચ પર ધ્યાન આપવાનું રહેશે. આ સ્થિતિમાં સાવધાની અને ઉપચાર જરૂરી છે. કોવિડ સંક્રમણને રોકવા માટે આપણે હજુ કડક પગલાં લેવા પડશે. આપણે માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોન પર સંપૂર્ણ ફોકસ કરવું પડશે. છેલ્લાં દોઢ વર્ષ દરમિયાન જે અનુભવ મળ્યો છે તેનો પણ સંપૂર્ણ ઉપયોગ કરવો પડશે."

## દેશમાં આ રીતે કોવિડનો ગ્રાફ વધ્યો હતો

7 ઓગસ્ટ, 2020નાં રોજ સંક્રમિતોની સંખ્યા 20 લાખ, 23 ઓગસ્ટે 30 લાખ અને 5 સપ્ટેમ્બરે 40 લાખથી વધુ હતી. 16 સપ્ટેમ્બરે 50 લાખ, 28 સપ્ટેમ્બરે 60 લાખ, 11 ઓક્ટોબરે 70 લાખ, 29 ઓક્ટોબરે 80 લાખ, 20 નવેમ્બરે 90 લાખ, 19 ડિસેમ્બરે એક કરોડ, 4 મેએ બે કરોડ અને 23 જૂને ત્રણ કરોડને વટાવી ગઈ હતી.

## રસીકરણની ઝડપ યથાવત..

સમગ્ર દેશ સાથે મળીને કોવિડ વિરુધ્ધ લડી રહ્યો છે. બિહારમાં પૂર હોવા છતાં રસીકરણની ઝડપ યથાવત રહી હતી. બિહારના પૂરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્યકર્મીઓએ લોકોને રસી મૂકવા માટે અનોખી રીત શોધી કાઢી છે. આરોગ્યકર્મીઓ પૂરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને રસી મૂકવા માટે 'ટીકાવાલી નાવ' (રસીવાળી હોડી) લઈને જાય છે અને હોડીમાં જ લોકોને રસી લગાવે છે. પૂરને કારણે રસીકરણ પર અસર ન પડે તે માટે આરોગ્યકર્મીઓ હોડી પર જ રજીસ્ટ્રેશન કરે છે અને તરત રસી પણ લગાવી દે છે. 16 જાન્યુઆરીનાં રોજ ફ્રન્ટલાઈન વર્કર્સ સાથે દેશમાં રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સંકલ્પથી સિધ્ધિના આ માર્ગ પર ચાલતા 24 જુલાઈ સુધી દેશમાં 43 કરોડથી વધુ લોકોને રસી મૂકવામાં આવી છે.





## ટીકાવાલી નાવ

કોવિડ રસીકરણ અંગે ભારતની સંવેદનશીલતા અને ઇચ્છાશક્તિને પ્રદર્શિત કરતી આ તસવીર બિહારની છે, જ્યાં કેટલાંક જિલ્લાઓમાં પૂર આવતા વહીવટીતંત્રએ રસીકરણ માટે હોડીની મદદ લીધી.


## અત્યાર સુધી 42.34 કરોડ લોકોને રસી

■ આરોગ્યકર્મી ■ ફ્રન્ટલાઈન વર્કર ■ 18થી 44 ■ 45થી 59 વર્ષ ■ 60 વર્ષથી વધુ

### પ્રથમ ડોઝ




### બીજો ડોઝ




*આંકડા 23 જુલાઇ સુધીના

### સ્વદેશી કોવેક્સિનની WHOએ પ્રશંસા કરી


WHOનાં ચીફ સાયન્ટીસ્ટ ડો. સૌમ્યા સ્વામિનાથને જણાવ્યું કે, ભારત બાયોટેકની રસી કોવેક્સિનની ટ્રાયલનો ડેટા સંતોષજનક લાગી રહ્યો છે અને તેની અસરકારકતા પણ ઘણી વધુ છે. તેમના આ નિવેદન પછી કોવેક્સિનને WHOની મંજૂરી મળવાની આશા વધી ગઈ છે. આ રસીને હૈદરાબાદ સ્થિત કંપની ભારત બાયોટેકે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) સાથે મળીને તૈયાર કરી છે. રસી WHOની 'ઇમરજન્સી યુઝ' યાદીમાં સામેલ થઈ જાય પછી આંતરરાષ્ટ્રીય સ્તરે તેની સ્વીકાર્યતા વધી જાય છે. આ રસીના સર્ટિફિકેટને તમામ દેશો માન્યતા આપે છે. હાલમાં WHOની યાદીમાં સાત રસીને મંજૂરી આપવામાં આવી છે, જેમાં મોડર્ના, ફાઇઝર, ઓક્સફોર્ડ-એસ્ટ્રેઝેનેકાની રસી, જોન્સનની રસી, કોરોનાવેક, સાઇનોફાર્મ/BBIBP, કોવિશીલ્ડનો સમાવેશ થાય છે.

### સ્વદેશી કો-વિન એપને વિશ્વ અપનાવી રહ્યું છે

આરોગ્ય સેતુ એપ બાદ હવે ઓનલાઇન રસીકરણ પ્લેટફોર્મ કો-વિન કોવિડ સામેની લડાઈમાં ટેકનિકલ સ્તરે ભારતની મોટી પહેલ સાબિત થઈ છે. ભારતમાં વિશ્વનાં સૌથી મોટા મફત રસીકરણ કાર્યક્રમનો મજબૂત આધાર કો-વિન છે. સ્વદેશી કો-વિન પ્લેટફોર્મ મહામારીનો સામનો કરવામાં અને તેને અંકુશમાં લેવામાં ભારતની જાહેર આરોગ્ય પ્રણાલિ માટે મદદરૂપ સાબિત થઈ છે. કેનેડા, મેક્સિકો સહિત 50થી વધુ દેશોએ પોતાનાં રસીકરણ અભિયાન માટે ડિજિટલ પ્લેટફોર્મ કો-વિનમાં રસ દર્શાવ્યો છે. નાણાંમંત્રી નિર્મલા સીતારામને જી-20 દેશોના નાણાંમંત્રીઓ અને સેન્ટ્રલ બેન્કોના ગવર્નરોની બેઠકમાં તમામ દેશો માટે કો-વિન પ્લેટફોર્મ નિઃશુલ્ક ઉપલબ્ધ કરવાની જાહેરાત કરી છે ●

કો-વિન એપ અંગે ગ્લોબલ કોન્ક્લેવ, નેશનલ ડોક્ટર્સ ડે, પૂર્વોત્તરના મુખ્યમંત્રીઓ સાથે કોવિડની સમીક્ષા બેઠકમાં વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

# હિન્દીના રાજર્ષિ



જન્મઃ 1 ઓગસ્ટ 1882 , મૃત્યુઃ 1 જુલાઈ 1962

**ઈતિહાસમાં એવાં અનેક નામો છે, જે ખરેખર બહુ મોટા છે પણ તેમનાં વિષે બહુ ઓછા લોકો જાણે છે. ભારતના સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસમાં રાજર્ષિ પુરુષોત્તમદાસ ટંડન અમીટ છાપ છોડી ગયા છે. તેમને બે મોટાં કામ માટે યાદ કરવામાં આવે છે. એક, સ્વતંત્રતા સંગ્રામમાં તેમનું યોગદાન અને બીજું, હિન્દી ભાષા માટેનો તેમનો સંઘર્ષ. તેમના પ્રયાસોના ફળ રૂપે હિન્દીને રાજભાષા અને દેવનાગરીને રાજલિપિ તરીકે સ્વીકારવામાં આવી.**

એક વાર એક રાજ્યસભા સાંસદ પોતાના ભથ્થાંનો ચેક લેવા રાજ્યસભા કાર્યાલય ગયા. તેમણે બાજુમાં ઊભેલી એક વ્યક્તિ પાસેથી પેન લઈને એ ચેક 'લોકસેવા મંડળ'ના નામે લખી નાખ્યો. પેલા ભાઈએ આ જોયું તો તેમનાથી પૂછ્યા વિના રહેવાયું નહીં. કહ્યું- "તમને તો ભથ્થા પેટે માંડ 400 રૂપિયા મળે છે, એ પણ લોકસેવા મંડળને આપી દીધા?" પેન પાછી આપતા સાંસદે કહ્યું, "જૂઓ ભાઈ. મારા સાત પુત્રો છે અને સાતેય સારું કમાય છે. હું દરેકની પાસેથી બાકીની રકમ લોકસેવા મંડળને મોકલી આપું છું. આ પૈસાનું હું શું કરું?" આ સાંસદ હતા પુરુષોત્તમ દાસ ટંડન.

1 ઓગસ્ટ, 1882નાં રોજ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં જન્મેલા પુરુષોત્તમદાસ 1889માં કોંગ્રેસના સ્વયંસેવક બન્યા. 1905માં બંગભંગ ચળવળથી પ્રભાવિત થઈને સ્વદેશી ચીજો અપનાવી. વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કર્યો અને ખાંડ ખાવાની પણ છોડી દીધી. અંગ્રેજો વિરુધ્ધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોવાથી તેમના અભ્યાસ પર અસર પડી અને અલ્હાબાદ કોલેજમાંથી તેમને કાઢી મૂકવામાં આવ્યા. જો કે તેમણે બીજી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને અભ્યાસ પૂરો કર્યો. 1906માં તેમણે વકીલાત શરૂ કરી. 1921માં વકીલાત છોડીને પોતાની જાતને સંપૂર્ણ રીતે સ્વતંત્રતા આંદોલનમાં સમર્પિત કરી દીધી. સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લેવાને કારણે તેમને જેલમાં મોકલવામાં આવ્યા. લાલબહાદુર શાસ્ત્રી લખે છે કે, રાષ્ટ્રીયતાની ભક્તિને કારણે ટંડન હિન્દી ભાષા પ્રત્યે આકર્ષાયા. આ કારણસર 1910માં તેમને હિન્દી સાહિત્ય સંમેલનના પ્રથમ અધિવેશનનું વડપણ સોંપવામાં આવ્યું. તેમણે લાલા લાજપત રાયના કહેવાથી 1925થી 1929 સુધી પંજાબ નેશનલ બેન્કના મંત્રી તરીકે પણ કામ કર્યું. સત્યના આગ્રહી, સ્પષ્ટત વક્તા, દેશ પ્રત્યે સમર્પણ જેવા ગુણોને કારણે તેઓ રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રમાં રહ્યા. તેમના આ ગુણોને કારણે લાલબહાદુર શાસ્ત્રીએ તેમને 'ઉત્તરપ્રદેશના ગાંધી' કહ્યા. 1928માં લાલા લાજપત રાયના અવસાન પછી એ સવાલ ઉઠ્યો કે તેમનાં પછી લોકસેવક મંડળના અધ્યક્ષ કોણ બનશે? ટંડન એ સમયે બેન્કમાં મહિને રૂ. 1300નો પગાર મેળવતા હતા, પણ ગાંધીજીના આગ્રહથી તાત્કાલિક નોકરી છોડીને મંડળના અધ્યક્ષ બનવાનું સ્વીકારી લીધું. યંગ ઈન્ડિયામાં ગાંધીજીએ આ અંગે લખ્યું હતું, "આવા ત્યાગ અને હિંમતભર્યા કાર્યોથી રાષ્ટ્રનું નિર્માણ થાય છે." 1942માં ભારત છોડો આંદોલનમાં તેમને ફરી એક વાર જેલમાં પૂરવામાં આવ્યા. આ તેમની સાતમી જેલ યાત્રા હતી. આચાર્ય જે બી કૃપલાણીને ભારે બહુમતીથી હરાવીને તેઓ 1950માં કોંગ્રેસના અધ્યક્ષ પણ બન્યા. પણ કહેવામાં આવે છે કે કેટલાંક ટોચના નેતાઓને કારણે સુભાષચંદ્ર બોઝની જેમ તેમને પણ થોડાં સમય પછી રાજીનામું આપવું પડ્યું. તેમનાં પ્રતિભાશાળી વ્યક્તિત્વને કારણે તેમને 'રાજર્ષિ'ની ઉપાધીથી સન્માનિત કરવામાં આવ્યા. 1961માં તેમને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા. ●

> **એક સમર્પિત રાજદ્વારી, હિન્દી ભાષાના કટ્ટર સમર્થક અને તેજસ્વી વક્તા તથા રાજર્ષિના નામે જાણીતા સ્વતંત્રતા સેનાની પુરુષોત્તમ દાસ ટંડનને નમન**
>
> **-અમિત શાહ, ગૃહમંત્રી**

मिडिया कोर्नर



PMO India @PMOIndia

Right from the beginning of the pandemic, India has been committed to sharing all our experiences, expertise and resources with the global community in this battle.

Despite all our constraints, we have tried to share as much as possible with the world: PM @narendramodi



Rajnath Singh @rajna...

The Union Government's decision to bifurcate Jammu & Kashmir and Ladakh as two separate UTs has bolstered national security and led to major reduction in terrorist activities and also opened new avenues for the socio-economic development of the people in both the regions.



Amit Shah

मोदी सरकार ने #SahkarSeSamriddhi के सपने को साकार करने हेतु एक अलग सहकारिता मंत्रालय बनाने का निर्णय लिया है। इस अभूतपूर्व निर्णय पर पीएम @narendramodi जी का हृदय से आभार व्यक्त करता हूँ।

मोदी जी के इस दूरदर्शी निर्णय से कृषि व ग्रामीण क्षेत्र में समृद्धि का एक नया सवेरा आएगा।



Nitin Gadkari @nitin_g...

कोविड के दूसरे वेव के कारण आई दिक़्क़तों से खुदरा और थोक व्यापारियों पर पड़े असर को ध्यान में रखते हुए अब इसे MSME के दायरे में लाने का फ़ैसला किया गया है। प्रायोरिटी सेक्टर लेंडिंग के अंतर्गत इस सेक्टर को लाकर आर्थिक सहायता पहुँचाने की कोशिश की जा रही है।

#MSMEGrowthEngineOfIndia



Mansukh Mandaviya @man...

Emergency Response & Health System Preparedness Package: Phase-II के अंतर्गत सेंट्रल अस्पताल, एम्स आदि में ~6,700 बेड तैयार किए जाएंगे।

कोविड-19 से संबंधित IT Systems जैसे कि CoWIN, eSanjeevani Tele-Consultation और NCDC को मज़बूत किया जाएगा।

#CabinetDecisions



Office of Mr. Anurag Thakur

कोरोना महामारी में भी किसानों से फसलों की रिकॉर्ड खरीद हो रही है

रबी विपणन सत्र 2021-22 में अब तक देश में MSP पर 433.32 LMT गेहूं की खरीद हो चुकी है। बीते वर्ष समान अवधि में 387.50 LMT की खरीद हुई थी।

49.16 लाख किसानों को MSP पर 85,581.02 करोड़ रुपये का भुगतान किया जा चुका है।

# देश में आत्मनिर्भर ग्रामीण अर्थव्यवस्था जरूरी: मोदी

**आह्वान**

मुंबई | एजेंसी

प्रधानमंत्री नरेंद्र मोदी ने कृषि क्षेत्र में बढ़ते उत्पादन का हवाला देते हुए सोमवार को फसलों की कटाई के बाद क्रांति (पोस्ट हार्वेस्ट रिवॉल्यूशन) की आवश्यकता जताई। उन्होंने कहा कि कोविड-19 महामारी से देश के समक्ष उभरी अप्रत्याशित चुनौतियों के बावजूद मेहनती किसानों ने रिकॉर्ड उत्पादन किया।

राष्ट्रीय कृषि और ग्रामीण विकास बैंक (नाबार्ड) के स्थापना दिवस पर जारी एक संदेश में प्रधानमंत्री मोदी ने कहा कि आत्मनिर्भर भारत के लिए



अर्थव्यवस्था की एक बड़ी ताकत बनाने में मदद करने को लेकर प्रतिबद्ध है।

उन्होंने कहा कि हम वैज्ञानिक पारिस्थितिकी तंत्र तैयार करने पर जोर दे रहे हैं। साथ ही गांवों की आकांक्षाओं के अनुरूप विकास को गति दे रहे हैं और समग्र सोच के साथ कृषि क्षेत्र की अर्थव्यवस्था को बदलने की कोशिश कर रहे हैं। प्रधानमंत्री मोदी ने कहा कि देश में लगातार बढ़ रहे कृषि उत्पादन के

# प्रधानमंत्री मोदी ने देश में लचीली शिक्षा व्यवस्था अपनाने की बताई जरूरत

कहा–पहुंच, सामर्थ्य, समानता और गुणवत्ता शिक्षा व्यवस्था के होने चाहिए प्रमुख मूल्य

जागरण ब्यूरो, नई दिल्ली : आइआइटी सहित देश के प्रमुख तकनीकी संस्थानों के प्रमुखों से बात करते हुए प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि देश में शिक्षा का ऐसा माडल होना चाहिए, जो लचीला हो। साथ ही निर्बाध और छात्रों की आवश्यकताओं के अनुसार शिक्षा प्रदान करने में सक्षम हो। उन्होंने कहा कि पहुंच, सामर्थ्य, समानता और गुणवत्ता इस शैक्षिक माडल की प्रमुख विशेषताएं होनी चाहिए। पीएम ने इस दौरान तकनीकी शिक्षा और शोध को बढ़ावा देने पर भी जोर दिया और कहा कि आने वाला दशक 'इंडियाज टेकेड' होगा, यानी इसमें तकनीक का ही बोलबाला होगा।

प्रधानमंत्री मोदी के साथ इस चर्चा में आइआइटी सहित केंद्रीय मदद से संचालित होने वाले देश के सौ से ज्यादा तकनीकी शिक्षण संस्थानों के निदेशक मौजूद थे। पीएम ने इस दौरान सभी से भविष्य की चुनौतियों को लेकर चर्चा की। साथ ही कोरोना काल में उनके काम को सराहा। उन्होंने कहा कि बदलते परिवेश और उभरती नई चुनौतियों के बीच उच्च शिक्षा और तकनीकी शिक्षा को भी तालमेल के साथ आगे बढ़ने की जरूरत है। साथ ही भविष्य की जरूरतों को देखते हुए ऐसे माडल को अपनाने की जरूरत है, जिसमें नयापन, इनोवेशन हो और खुद का मूल्यांकन करने में सक्षम भी हो।

पीएम ने इस मौके पर पिछले कुछ वर्षों में उच्च शिक्षा के सकल नामांकन अनुपात (जीईआर) में आए सुधार की सराहना की और कहा कि उच्च शिक्षा को डिजिटल बनाना जीईआर को बढ़ाने में बड़ी भूमिका निभा सकता है। इससे छात्रों को अच्छी और सस्ती शिक्षा तक पहुंच आसान होगी। पीएम ने कहा कि हमें भारतीय भाषाओं में तकनीकी शिक्षा का इकोसिस्टम विकसित करना चाहिए। साथ ही वैश्विक पत्रिकाओं का क्षेत्रीय भाषाओं में अनुवाद करने की जरूरत है। पीएम ने इस मौके पर कोरोना काल में युवा इनोवेटरों के प्रयासों को भी जमकर सराहा। तकनीकी शिक्षा संस्थानों के प्रमुखों के साथ पीएम की इस चर्चा में नए शिक्षा मंत्री धर्मेंद्र प्रधान भी शामिल हुए।



नई दिल्ली में गुरुवार को प्रधानमंत्री नरेंद्र मोदी ने वीडियो कांफ्रेंसिंग के माध्यम से आइआइटी सहित देश के प्रमुख तकनीकी संस्थानों के प्रमुखों से चर्चा की • प्रेट

**देश में चल रहे प्रमुख शोध कार्यों से पीएम को कराया अवगत**

पीएम के साथ चर्चा में तकनीकी संस्थानों ने देशभर में अलग-अलग क्षेत्रों में चल रहे शोध कार्यों और इनोवेशन से उन्हें अवगत कराया। साथ ही कोरोना की जंग से जुड़े अनुसंधान की भी जानकारी दी। इसमें परीक्षण के लिए नई तकनीक विकसित करना, कोरोना वैक्सीन के विकास के लिए प्रयास करना, स्वदेशी आक्सीजन कंसंट्रेटर, आक्सीजन जनरेटर, कैंसर सेल थेरेपी, माड्यूलर अस्पताल, हाटस्पाट पूर्वानुमान, वेंटिलेटर, रोबोटिक्स, ड्रोन, आनलाइन शिक्षा आदि शामिल हैं।

# कोरोना और किसानों के लिए करोड़ों का फंड

'नई कैबिनेट' की पहली मीटिंग में अहम फैसले





■ विशेष संवाददाता, नई दिल्ली

मंत्रियों की नई टीम के शपथ लेने के अगले ही दिन पीएम मोदी के नेतृत्व में कैबिनेट ने कृषि और स्वास्थ्य के मोर्चे पर दो बड़े फैसले लिए। किसान आंदोलन के बीच सरकार ने नरम रुख दिखाते हुए एक लाख करोड़ रुपये के इन्फ्रास्ट्रक्चर फंड का इस्तेमाल मंडियों में करने की अनुमति दी है। वहीं, महामारी से निपटने की तैयारी के लिए 23 हजार करोड़ के स्वास्थ्य पैकेज को मंजूरी दी है। इस पैकेज से देश भर में 2,44000 नए बेड बनेंगे। इसमें बीस हजार आईसीयू बेड होंगे। हर जिले में ऑक्सिजन प्लांट लगाए जाएंगे।

केंद्रीय कैबिनेट ने गुरुवार को तय किया है कि एपीएमसी (मंडी समितियां) भी अब 1 लाख करोड़ के इन्फ्रास्ट्रक्चर फंड का इस्तेमाल कर सकेंगी। इसे आंदोलन पर बैठे किसानों को संदेश देने की कोशिश माना जा रहा है। इस फंड का ऐलान आत्मनिर्भर योजना के तहत किया गया था। इस मौके पर कृषि मंत्री नरेंद्र तोमर ने कहा कि मंडियों को मजबूत किया जाएगा और एपीएमसी खत्म नहीं होंगी। तोमर ने कहा कि किसान संगठनों से अनेक बार कहा है कि सरकार हर प्रस्ताव पर चर्चा करने को तैयार है।

**'कोरोना संकट अभी टला नहीं'**

नई दिल्ली, 8 जुलाई (भाषा)।

प्रधानमंत्री नरेंद्र मोदी ने भीड़भाड़ वाले स्थानों पर लोगों द्वारा कोविड-19 के नियमों का पालन न करने पर चिंता जताते हुए गुरुवार को कहा कि लापरवाही के लिए कोई जगह नहीं होनी चाहिए और एक छोटी सी गलती के दूरगामी परिणाम हो सकते हैं जिससे महामारी से लड़ाई कमजोर पड़ सकती है। उन्होंने कहा कि महामारी के विरुद्ध भारत की लड़ाई पूरे जोर-शोर से जारी है और टीकाकरण अभियान व जांच की जा रही है। एक सूत्र ने बताया, 'प्रधानमंत्री ने कहा कि हाल के महीनों में संक्रमण के जितने मामले सामने आ रहे थे अब उससे कम देखने को मिल रहे हैं लेकिन लोगों को बाहर नहीं निकलना चाहिए। सभी को याद रखना चाहिए कि कोविड-19 का खतरा अभी समाप्त नहीं हुआ है।'

# पद्म पुरस्कारों के लिए नाम सुझाएं: मोदी

नई दिल्ली | एजेंसी

प्रधानमंत्री नरेंद्र मोदी ने रविवार को लोगों से अपील की कि वे अपनी पसंद के ऐसे लोगों को पद्म पुरस्कारों के लिए नामित करें, जो जमीनी स्तर पर असाधारण काम कर रहे हैं।

मोदी ने एक ट्वीट किया कि भारत में जमीनी स्तर पर असाधारण काम करने वाले कई लोग हैं लेकिन, उनके बारे में बहुत ज्यादा लोग अकसर जानते नहीं हैं। उन्होंने पुरस्कार के लिए वेबसाइट का लिंक साझा करते हुए ट्वीट किया,



भारत में कई प्रतिभाशाली लोग हैं, जो जमीनी स्तर पर असाधारण काम कर रहे हैं। अकसर, हमें उनके बारे में ज्यादा देखने या सुनने को नहीं मिलता है। क्या आप ऐसे प्रेरक लोगों को जानते हैं? ऐसे लोगों को नामित करें। –नरेंद्र मोदी, प्रधानमंत्री

आप ऐसे प्रेरक लोगों को जानते हैं? आप उन्हें पद्म पुरस्कार के लिए नामित कर सकते हैं। नामांकन 15 सितंबर

में मोदी सरकार ने सैकड़ों गुमनाम नायकों को विभिन्न क्षेत्रों में उनकी उपलब्धि और समाज में उनके योगदान

# शाह ने प्रधानमंत्री के विकासोन्मुखी दृष्टिकोण की प्रशंसा की

**अहमदाबाद,** (पंजाब केसरी): केंद्रीय गृह मंत्री अमित शाह ने गुजरात के मुख्यमंत्री के रूप में प्रधानमंत्री नरेंद्र मोदी के कार्यकाल का जिक्र करते हुए रविवार को कहा कि मोदी संभवत: ऐसे पहले नेता हैं, जिन्होंने यह सुनिश्चित करने के लिए एक प्रणाली तैयार की कि उनके मुख्यमंत्री पद छोड़ने के बाद भी विकास कार्य जारी रहें। शाह ने अपने गांधीनगर लोकसभा क्षेत्र में अहमदाबाद और इसके आसपास के क्षेत्रों में 244 करोड़ रुपये की परियोजनाओं की आधारशिला रखी और मोदी के राज्य के मुख्यमंत्री बनने के बाद गुजरात में शुरू हुए विकास कार्यों की सराहना की।

शाह ने कहा, ''राजनीति में इतने लंबे अनुभव



अहमदाबाद में केन्द्रीय गृहमंत्री अमित शाह एक कम्युनिटी हॉल के उद्घाटन समारोह के दौरान एक बालिका का दुलारते हुए।

कड़ी मेहनत करते हैं।''

उन्होंने शहर के बोपाल क्षेत्र में एक सभा को संबोधित करते हुए कहा, लेकिन कुछ ऐसे भी हैं, जो ऐसा तंत्र बनाते हैं कि उनके जाने के बाद भी विकास जारी रहता है और नरेंद्र भाई ऐसा करनेवाले संभवत: पहले नेता हैं।

शाह ने कहा कि मुख्यमंत्री के रूप में मोदी के 14 साल के शासन से गुजरात को बहुत फायदा हुआ। उन्होंने कहा, इन 14 वर्षों में ऐसी प्रणालियां बनाई गई और ऐसी व्यवस्थाएं की गईं, जिन्होंने उनके (मोदी) गुजरात से जाने के बाद भी विकास कार्य सुनिश्चित किया। केंद्रीय मंत्री ने बोपाल क्षेत्र में 150 से अधिक छात्रों की क्षमता वाला एक

RNI No. :
DELGUJ/2020/78810
August 01-15, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date July 24, 2021, Pages -60)

EK BHARAT SHRESHTHA BHARAT
एक भारत श्रेष्ठ भारत

# એક ભારત-શ્રેષ્ઠ ભારત

## 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલનો હેતુ દેશના વિવિધ ભાગો વચ્ચે સાંસ્કૃતિક સંબંધો મજબૂત બનાવવાનો અને વિવિધ રાજ્યોના લોકો વચ્ચે પરસ્પર સંપર્ક વધારવાનો છે



સરદાર પટેલે આપણને એક ભારત આપ્યું અને હવે 130 કરોડ ભારતીયોની ફરજ છે કે તેઓ એકઠાં મળીને શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરે. આ ભાવનાને સમર્પિત પ્રવૃત્તિઓ માટે વેબસાઇટની મુલાકાત લોઃ **https://ekbharat.gov.in/Home/Index**

**"આપણે 'ભારત જોડો'ના સરદાર સાહેબના સંકલ્પને સાકાર કરવા સતત પ્રયાસશીલ છીએ. દેશની મોટી કૃષિ મંડીઓને જોડનારી e-NAM યોજના હોય, વન નેશન વન ગ્રિડનું કામ હોય , કે પછી ભારતમાલા, સેતુ ભારતમ, ભારતનેટ જેવા કાર્યક્રમ, અમારી સરકાર દેશને જોડીને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના તેમનાં સપનાને સાકાર કરવામાં વ્યસ્ત છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

'એક હૈ ભારત-શ્રેષ્ઠ હૈ ભારત' થી પ્રેરિત ગીત સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

Gujarati

Editor
Jaideep Bhatnagar,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from Bureau of
Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Viba Press Pvt Ltd C66\3, Okhla Industrial Area Phase-II, New Delhi-110020